# કુમાર

ફેબ્રુઆરી-માર્ચ · ૧૯૪૪

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું અગ્રણી માસિક

છુટક કિં. ૧-૪-૦


આદ્યતંત્રી · રવિશંકર રાવળ · સંપાદક · બચુભાઈ રાવત ૨૪૨-૨૪૩

૨૪૨ - ૨૪૩

ગોપિકાનો ઘડો

ચિત્રકાર · મનીષી દે

ચિત્ર તથા ચિત્રકારના પરિચય માટે જુઓ અંદર છેલ્લી પ્લેટ



કુમાર
ફેબ્રુઆરી ૨૪૨ — માર્ચ ૨૪૩

પ્રકાશન તારીખ ૧૩–૪–૪૪

**ચિત્રો**



**કાવ્યો**



**ચરિત્ર**



**વાર્તા**



**લેખો**



**વિભાગો**



મુદ્રક·બચુભાઈ રાવત; પ્રકાશક · રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પરદેશના ૧૨ શિ., છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ: મુંબાઇમાં: આર. આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ., અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં: પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. તથા નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા. કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ · મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યુરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ–૧; અમદાવાદમાં શ્રી પુષ્પવદન ઠાકોર, આનંદનગર.

ને એને પડખે છે કોણ?
કસ્તૂરી શી મ્હેકતી તે તપસ્વિની!
સાધુવરની સાધ્વી નાર,
પત્નીઓમાં પરમ પત્ની,
જગતની એ તો આદર્શ ગુજરાતણ:
પ્રાણનાથની પ્રતિકૃતિ,
પ્રિયતમની પરમ શોભા,
જીવનના જીવિતેશ્વરનો
ઓળો. આભા. તેજમંડળ.
તપોવનની એ તો તાપસી
નિર્ભય, નીડર, નિ:સંશય.
સુખદુ:ખની તડકીછાંયડીમાં,
જીવનવિવિધતાના વનઉપવનમાં,
દેશપરદેશના રણપગથારમાં
પ્રાણની કાયા સરીખડી,
દેહની છાયા સમોવડી,
સદા સંગાથે પરવરે છે એ કુલકલ્યાણિની.
સ્પાર્ટા કે ચિતોડની કો
ક્ષત્રિયાણીનો જાણે અવતાર.
એ તો પરણેલી બ્રહ્મચારિણી,
એ તો સંસારિણી મહાયોગિની.
ગુજરાતની એ તો ગુણિયલ:
ગુજરાતણની એ તો ગુણમૂર્તિ.
આશ્રમની એ માતુશ્રી,
નગરની એ જોગણ,
પ્રજાસંઘની એ પ્રેરણા,
જગતની સત્પત્નીઓનું ભૂષણ.
અમારી એ તો અનુપમ ગુજરાતણ
ભગવતી કસ્તુરબાઈ ગાંધી.

[illegible]




અવસાન ૨૨-૨-૪૪: મહાશિવરાત્રિ સં. ૨૦૦૦

**સ્વ કસ્તુરબા ગાંધી**
(સ્કેચ: બંસીલાલ વર્મા)




**ટપાલની ટિકિટો પર રાજામહારાજાઓ:** ઉપલી હાર ડાબી બાજુથી—જૂનાગઢ, કેલન્ટન (મલાયા), ઝાંઝીબાર, જયપુર, ત્રાવણકોર, મલાયા, હોળકર (ઈન્દોર), મોરબી, કિશનગઢ, ઈન્દોર અને કોચીનના રાજામહારાજાઓ. (શ્રી હરિલાલ બૅંકર-વઢવાણ કૅમ્પ-ના સંગ્રહમાંથી)



બાઉલ-ભજનિક-નૃત્ય
ચિત્રકાર · વ્રજલાલ ત્રિવેદી

# પાનખરમાં

· પૃથ્વી-સાનેટ ·

હતી શિશિરશીત પાનખર પૂર્ણ ફેલાયલી,
દ્રુમેદ્રુમ તળે બિછાત પથરાઈ પીળીપીળી,
લુખી, પરણહીન ડાળી સહુ યે ઉઝરડાયલી,
કતાર સહુ રુક્ષ વૃક્ષ તણી મૂક ઊભી રહી.

તહીં પૂનમચંદ્ર ષોડશ કલાથી ઉલ્લાસતો
ખિલ્યો: ક્ષિતિજ ધન્ય ધન્ય ઉરહૃષ્ટ ઝૂલી રહી:
નિશૂન્ય રજનીઉરે વિમલ તેજશોભા લસી,
સમગ્ર ધરતી રજેરજ પ્રફુલ્લ, જાગી હસી.

હતું જીવન આ ય પાનખર જેવું સૂકુંસૂકું.
અપર્ણ, વિણઆશ મૂક બસ એક ઊભું હતું.
ધરી જ નિજ નામશેષ, સ્મૃતિ કૈંક લીલીલીલી
રહી તન ટકાવી: પાનખર મૂર્ત થાતી અહીં.

તહીં પૂનમચંદ્ર શી તુજ કલા અમૂલી ખીલી:
વસંત વિલસી અણુ અણુ, વિમુક્ત હૈયે છલી!

**(સ્વ.) ગોવિન્દ સ્વામી**

# સ્મૃતિ

· પૃથ્વી-સૉનેટ ·

સુધાસ્મિત વહાવી, બે તટ હસાવી કિલ્લોલતી,
મહા-તુરગ-કેશવાળી સમ વારિ હિલ્લોળતી,
પ્રચંડ પછડાટ ખાઈ, ઉછળી, છળી, દોડતી,
અહીં સરિત કોડપૂર્ણ, ઉરમુગ્ધ, વ્હેતી હતી.

સુકાઈ સરિતા ગઈ જળવિહીન સિક્તા અહીં,
વિસારી મધુભૂત, આજ રહી અગ્નિઝાળે જળી;
ત્રુટેલ-ઉર પ્રેમી શા તટ ઉભા સ્મૃતિ સાચવી,
હવાં અહીં સ્થળેસ્થળે ધખતી રેત ઊડી રહી.

મને ય પ્રિય સાંભરે પ્રણયકાલનું તાહરૂં
સુધાસ્મિત, તરંગઅંગ પર રંગલ્હેરે વહ્યું,
સુહાવી સરિતા, તટો છલવી નાચતું, ક્યાં ગયું?
સ્થળેસ્થળ હવે અરે સ્મૃતિવરાળઝાળે ભર્યું.

ગયું જ, પણ સાચવી સ્મૃતિ રહ્યું હવે ધીખવું,
સ્મરી ફરીફરી જ એ જીવન ઝંખતા થંભવું?

**(સ્વ.) ગોવિન્દ સ્વામી**

# કેટલે દા'ડે!

એક બપોરે જતે શિયાળે જતો હતો હું જંગલમાં,
અટકી અટકી કલરવ કરતાં પંખીગણ ત્યાં તરુગણમાં;
જરા જરા ટાઢો છે વાયુ, મનગમતો તડકો મળતો,
ઝડપ કરે ચરણો ને જાણે અંતરમાં કોઇ હસતો.

જોયું નાનું ઝાડ એક એ ડોલે ને ચમકાવે પાન,
એમાં તું શું સમજ્યો અલ્યા! શાને નાચી ઊઠ્યો પ્રાણ?
આવાં ઝાડ ઘણાં યે વનમાં, આમ જ ડોલે ચમકે આમ,
જોઈ આને નાચી ઊઠે કહે કહે અલ્યા શું કામ?
જવાબ કિન્તુ એ આપે ના, કહે ચરણને ચાલો ના.

થંભ્યાં મારાં ચરણો, જોયો તેજ તણો મેં ત્યાં વિસ્તાર,
ધરણી વન ને તડકાને મેં થયેલ દીઠાં એકાકાર;
સૂતો હું ધરતીને હૈયે, મુજ હૈયે આવ્યું આકાશ,
ઝાડ, છોડના સુખનો મારા અંગેઅંગે લાગ્યો પાશ.
ખરી પાંદડાં આવે માથે, પંખી કોઈક ઊડી જાય,
ધૂળ આવતી ઝીણીઝીણી શરીર આખે એ વીંટળાય,
કાયા મારી તડકા કેરી હૂંફેથી આજે હરખાય.

ધરતી મારી, નભ મારૂં ને વનવગડા મારા સૌ સાથ,
અહો! કેટલે દા'ડે આજે ભીડી લીધી આવી બાથ.

**પ્રહ્લાદ પારેખ**

# રેડિયો

'કહે મને યુદ્ધની આજ વાર્તા.

બાપુજી જ્યારે કલ ફેરવે આ,
ત્યારે તું ગુંજે કદી મિષ્ટ સંગીત.
ક્યારેક વા અદ્‌ભુત સૈનિકોનાં
પરાક્રમોની કથની, કદી વા
ભાવો કહે શેરબજાર કેરા.
બાપુ કહે યંત્ર તું, હું ન માનું;
તારે રમે કંઠ વિષે અનેક
ગીતો મીઠાં, સાહસહાસ્ય વાર્તા
તો યે તું શું યંત્ર?

જરીક ફેરવું
આ ચાવી તો તું કંઇ બોલશે શું?'

'આજે ડૂબી એક સહસ્ર બાળને
લઈ જતી સ્ટીમર . . . .'

'ને થયું શું
કહે પછી બાળ બચેલનું ને
ડૂબેલની માતતણાં ઉરોનું?
સાચે જ તું યંત્ર? ન વેદના કૈં
સ્પર્શે તને લેશ ન આજ માત્ર
કરી શકે બંધ તું ગીત તારૂં?
આજે ન ઈચ્છું કંઇ સુણવા એ.
એ સર્વ માનાં નયનો ભીનાં ને
ભાંગેલ સ્નેહાળ ઉરોતણું હું
વિયોગનું ગાન સુણી રહીશ,
ને સૂર મારો ત્યહીં ભેળવીશ.'

**હૈદરઅલી હુસેન જીવાણી**

સામયિક ચિંતન

# ગુજરાત યુનિવર્સિટી

લેડી વિદ્યાબહેન નીલકંઠ · પ્રો. સી. એન. વકીલ · શ્રી કનૈયાલાલ મુનશી

**આ**પણા દેશમાં અતિ પ્રાચીન કાળથી અધ્યયન-અધ્યાપનની પદ્ધતિ ચાલતી આવેલી છે. એ રીતે જ્ઞાનપ્રચાર કરનારા પોતે વિના વિક્ષેપે અધ્યાપન તેમજ અધ્યયન કરી શકે તે માટે તેમને જીવન ચલાવવા દ્રવ્યોપાર્જનના શ્રમથી મુક્ત રાખવાનો પ્રબંધ હતો. અધ્યાપકો પોતાનો સર્વ સમય એકજ વ્યવસાયમાં ગાળી શકે તે માટે આ વ્યવસ્થા અતિ અગત્યની હતી; અને બ્રાહ્મણો મુખ્યત્વે એ કાર્ય કરતા, એટલે તેમને કુટુંબના પોષણ માટે ખાસ ધંધો કરવાની જરૂર રહેતી નહિ. વખત જતાં અધ્યયન-અધ્યાપન બંધ પડયું; પરંતુ બ્રાહ્મણોની પરંપરાથી ચાલતી આવેલી પરાવલંબનની ટેવ દૃઢ થઇ ગઇ અને માનવંતા ગુરુઓ મટી તેઓ ભિક્ષુકનું પદ પામ્યા. તત્ત્વજ્ઞાનનું ચિંતન અને ધર્મનું મનન-પઠન-પાઠન એ સેંકડો વર્ષથી આ દેશની મહાન સંપત્તિ છે. ગુરુના આશ્રમો ઉપરાંત મોટાં વિદ્યાપીઠોની સંસ્થા ઘણા પ્રાચીન કાળમાં જાણીતી હતી. બૌદ્ધ ધર્મના પ્રચારસમયે પણ સંખ્યાબંધ વિદ્યાર્થીઓ જ્યાં શિક્ષણ લે તેવી સંસ્થાઓ હતી. તક્ષશિલા અને નાલંદાના અવશેષો આ વાતની સાક્ષી પૂરે છે. હિંદની સંસ્કૃતિ કેટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી તે આ પરથી કલ્પી શકાય તેમ છે.

આજે એ વિદ્યાપીઠોનાં ધોરણે યુનિવર્સિટી સ્થાપી શકાય એમ નથી. સમયના વહેવા સાથે સમાજજીવન પણ સર્વથા બદલાઈ ગયું છે. એ જીવનને અનુરૂપ શિક્ષણની યોજનાઓ રચાવી જોઇએ એ દેખીતું છે. આપણી સંસ્કૃતિ ને રહેણીકરણીને બંધબેસતું શિક્ષણ હોય તો જ તે પ્રજાજીવનનાં સર્વ અંગોને સ્પર્શે. યુનિવર્સિટીનું આરોપણ આપણે ત્યાં પશ્ચિમમાંથી દાખલ કરવામાં આવ્યું છે. તે કેટલેક અંશે સફળ ન થાય એવો સંભવ છે અને એમાં કયાં ફેરફાર કરવાની જરૂર છે તેનો ગંભીરતાથી વિચાર કરવાનો સમય આવી લાગ્યો છે.

પ્રોફેસર ગજ્જરે ઈ. સ. ૧૯૦૫ માં The Complete Modern University નામની એક પુસ્તિકા બહાર પાડી હતી. આજે એ કદાચ અપ્રાપ્ય હશે. તેમાં એમણે યુનિવર્સિટીની કાર્યદિશાઓ (faculties), અભ્યાસક્રમ, કૉલેજો વગેરેની જે બારીક રૂપરેખા દોરી છે તેમાં હાલની સંસ્થાઓની પુનર્રચના મુખ્યત્વે છે. તેઓ પ્રજાકીય કેળવણીને બે વિભાગમાં વહેંચી નાખે છે: પ્રથમ વિભાગ તે સામાન્ય કેળવણી છે સામાન્ય કેળવણી મનુષ્યને પરિપક્વ કરે છે. બીજો વિભાગ તે વિશિષ્ટ કેળવણી છે. એ કેળવણી દરેક મનુષ્યને પોતાને હિસ્સે આવતા કર્તવ્ય-ક્ષેત્ર માટે પ્રવીણ કરે છે એ કેળવણી વડે મનુષ્ય રાષ્ટ્રને પોતાનો ફાળો અર્પણ કરે છે.

તેમના મત પ્રમાણે પૂર્ણ શિક્ષણ લેવાનું કામ કુલ ચોવીસ વર્ષની ઉમર સુધી ચાલુ રહેવાની જરૂર છે. તેમાં સત્તર વર્ષની વય સુધીમાં શાળામાં તમામ વિષયોનું એવું જ્ઞાન મળવું જોઇએ કે વિદ્યાર્થી પોતાના કર્તવ્ય-ક્ષેત્રનો નિર્ણય કરી શકે એ શિક્ષણમાં પ્રાચીન તેમજ નવીન બંને વિદ્યાનો સમાવેશ થવો જોઇએ. ગજ્જર સાહેબ પ્રખર વૈજ્ઞાનિક હતા. વિજ્ઞાન વડે જગતની જે પ્રગતિ થાય તેનો તેમને પૂરેપૂરો ખ્યાલ હતો. વિજ્ઞાનનું મહામૂલ્ય તેઓ સમજતા છતાં સામાન્ય અને પ્રાચીન એટલે Classical વિદ્યાને તેમણે અત્યંત મહત્ત્વ આપ્યું છે.

યુરોપ-અમેરિકાના જુદાજુદા દેશોની યુનિવર્સિટીનું જેમણે નિરીક્ષણ કર્યું છે તેઓ જણાવે છે કે સામાન્ય લક્ષણો ઉપરાંત દરેક દેશની પ્રજાકીય સંસ્કૃતિ, પ્રજાકીય જીવન ને પ્રજાકીય વિશિષ્ટતાની તેમાં છાપ હોય છે. આપણા દેશમાં જુદીજુદી પ્રાંતિક યુનિવર્સિટીઓ છે, પરંતુ તે બહારથી આણીને નવી ભૂમિમાં રોપેલા એક જ જાતના છોડ જેવી છે. એટલે તેમાં પ્રજાનું પોતાનું તત્ત્વ કોઈ પ્રકારે પ્રદર્શિત થાય એવી શકયતા નથી. માટે જો આપણે પ્રાંત માટે નવી યુનિવર્સિટીનો વિચાર કરવો હોય તો સ્વભાષાના પ્રથમ સિદ્ધાંત પછી આપણા પ્રજાકીય જીવનનું પ્રતિબિંબ જેમાં સુરેખ હોય તેવી તે યુનિવર્સિટીની યોજના હોવી જોઇએ. બીજી રીતે કહીએ તો યુનિવર્સિટીનાં સામાન્ય લક્ષણોમાં ચાર મુખ્ય વસ્તુઓ હોવી જ જોઇએ: (૧) જ્ઞાનનું અને વિચારોનું સંરક્ષણ, (૨) તેમના અર્થનું નિરૂપણ, (૩) સત્યનું અન્વેષણ અને (૪) એ સર્વની વિવૃદ્ધિ થાય તે માટે વિદ્યાર્થીઓનું શિક્ષણ.

નવા જમાનાની યુનિવર્સિટીની બીજી જરૂરિયાત તે સમાજજીવનને તેના ક્ષેત્રમાં દાખલ કરવાની આવશ્યકતા એ છે. જૂના વખતમાં શુદ્ધ જ્ઞાન, તત્ત્વજ્ઞાન, કુદરતનું જ્ઞાન એ ઉચ્ચ અભ્યાસમાં વધારે ભાગે યોગ્ય ગણાતાં. પરંતુ જીવન સાથે તેનો જાણે સંબંધ ન હોય, અભ્યાસ એ અલગ વસ્તુ હોય એવો એક ક્રમ થઈ ગયો હતો. પરંતુ જે જ્ઞાન જીવનને ઉચ્ચ કક્ષાએ લઈ જનાર છે, જે અભ્યાસ સમાજને ઉન્નત દશાએ પહોંચાડવાનું ધ્યેય રાખે છે તેને સમાજજીવનથી છૂટો પાડી નાખવામાં આવે એ આત્મઘાતક છે; એટલે નવી યુનિવર્સિટીમાં સમાજજીવન (હાલના arts ને વિસ્તૃત કરીને), કુદરત અને æsthetics-સંવેદનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરવાની વ્યવસ્થા થવી જોઇએ.

તાજેતરમાં મહારાષ્ટ્ર યુનિવર્સિટી સ્થાપવાની હિલચાલ થઇ રહી છે. તે માટે કમિટી પણ નિમાઈ હતી અને તેનું નિવેદન બહાર પડી ગયું છે. સરકારે તેમાં સહાનુભૂતિ દર્શાવી છે. ગુજરાતમાં તો યુનિવર્સિટી સ્થાપવાની ધારણા મહારાષ્ટ્ર કરતાં ઘણી વહેલી ઉદ્‌ભવેલી. વડોદરાના સ્વ૦ મહારાજાએ વડોદરા યુનિવર્સિટી સ્થાપવાનો વિચાર કરેલો અને તેની પૂર્વતૈયારીઓ તરીકે કમિશન પણ નીમેલું. પરતુ તેને અમલમાં મૂકવા જેટલો વેગ અને ટેકો મેળવનાર મળ્યા નહિ.

નવીન જમાનામાં યુનિવર્સિટી એ મોટી ખર્ચાળ વસ્તુ છે. હજારો નહિ પણ લાખો રૂપિયાનાં ભંડોળનું એ કામ છે એ આપણે જાણીએ છીએ. રાજ્ય તરફથી સ્થપાએલી આવી સંસ્થાને રાજ્યના દોરને વશ થવું પડે એ સ્થિતિ ઈચ્છવા જેવી નથી; માટે પ્રજાકીય ધનથી જો એ સ્થપાય તો જ તેમાં આવશ્યક એવી સ્વતંત્રતા રહે બંધનમુક્ત ન હોય તો શિક્ષણની સંસ્થાનો વિકાસ થવો અશકય છે. વિચારની, વિવેચનની, અધ્યાપકોના મતમતાંતરની છૂટ ન હોય તેવા સંકુચિત વાતાવરણમાં વિદ્યાની વૃદ્ધિ ખરા અર્થમાં થાય એ બનવાજોગ નથી. માટે યુનિવર્સિટીનાં નાણાં મુખ્યત્વે પ્રજાએ જ એકઠાં કરવાં જોઇએ. રાજ્યની મદદ તો જોઇએ જ, કારણકે તેની સહાનુભૂતિ વિના સંસ્થા આગળ વધી શકે નહિ; તથાપિ નાણાં સંબંધે સંપૂર્ણપણે રાજ્યના અવલંબન પર રહેવાનું ના હોય એ ઈષ્ટ છે. ગુજરાતમાં સમૃદ્ધ રાજ્યકર્તાઓ છે, અઢળક ધનવાનો છે, મોટા ઉદ્યોગપતિઓ છે, તેમજ દ્રવ્યના ઢગલા પર બેઠેલા ધર્મગુરુઓ છે. આ ધર્મગુરુઓના પ્રાચીન કર્તવ્યમાં પ્રજાશિક્ષણ હતું. આ સર્વ એકમત થાય, આપણી પ્રાચીન સંસ્કૃતિ, સાહિત્યનું સંરક્ષણ

અને નવીન વિજ્ઞાનના લાભ તેમના મનમાં વસે તો આપણા પ્રાંતની અતિ આવશ્યક એવી સંસ્થાનું સંસ્થાપન થાય. આપણા હિંદ દેશમાં ગણીગાંઠી યુનિવર્સિટીઓ છે. પૂર્વ તેમજ પશ્ચિમના બીજા દેશોમાં—અલ્પ વિસ્તારવાળા દેશોમાં પણ અનેકાનેક યુનિવર્સિટીઓ છે. આપણે તો તેમનાથી સૈકાઓ પછાત છીએ એમ કહીએ તો ખોટું નથી.

પરંતુ માત્ર ધનથી પણ આ મોટું કાર્ય સમાપ્ત થવાનું નથી. પુષ્કળ ધન ઉપરાંત વિદ્વાનો, કાર્યકર્તાઓની તેમાં જરૂર રહેશે. ખાસ કરીને પુસ્તકો રચવા માટે એક સબળ મંડળ રચાવું જોઇશે. આપણે જાણીએ છીએ કે ઘણી દિશામાં આપણું સાહિત્ય હજી અપૂર્ણ છે તેને સંપૂર્ણ બનાવવા માટે સંખ્યાબંધ લોકોને રોકવાની જરૂર રહેશે. દક્ષિણમાં હૈદરાબાદ રાજ્યે ઉસ્માનિયા યુનિવર્સિટી સ્થાપી તેને માટે તમામ પુસ્તકો ઉર્દૂ ભાષામાં રચાવી દીધાં છે. સર્વ દિશા, સર્વ વિભાગો માટે મૌલિક તેમજ ભાષાંતર રૂપે પુસ્તકો પ્રકટ કરાવ્યાં છે. જાણકારો કહે છે કે આ યુનિવર્સિટીનું કામ સફળતાપૂર્વક ચાલે છે.

આ સ્થળે એટલું કહેવાનું ઉચિત છે કે આપણા અભ્યાસક્રમમાં અંગ્રેજીનું મોટું સ્થાન રહેશે. અંગ્રેજીને બિલકુલ તજી દેવાની યોજના મારા મનમાં નથી. અંગ્રેજી ભાષા એક બીજી ભાષા (second language) તરીકે જરૂર રહેવી જોઇએ. યુરોપની યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓને બેત્રણ ભાષાઓ શીખવાની આવશ્યકતા હોય છે. તે મુજબ અંગ્રેજી શીખવાનું અહીં ફરજિયાત હોવું જ જોઇએ. એ ભાષાના અભ્યાસ વિના જગત સાથેના સમાગમમાં આવવું અસંભવ છે, તેમજ દુનિયાના આગળ વધતા સાહિત્યનો અભ્યાસ આપણા પોતાના ઉત્કર્ષ અર્થે અતિ અગત્યનો છે.

આ પ્રકારનાં સર્વ કામોમાં ધનની મોટી અપેક્ષા રહે છે. એ ધન રાજ્યકર્તાઓએ વાપરવાની તેમની ફરજ છે. સુધરેલી પ્રજા હોવાનો જેમનો દાવો છે, જેઓ આ દેશના હિત માટે રાજ્ય કરવાનું કહે છે તેમના દોઢસો વર્ષના અમલ દરમિયાન દેશના શિક્ષણની સ્થિતિ જરાયે ગર્વ લેવા જેવી નથી. જે જે દેશોમાં પોતાનાં રાજ્યો છે ત્યાં પાંચ કે દશ વર્ષની યોજનાઓ રચાઈ દેશભરની નિરક્ષરતા દૂર થઈ ગઈ છે અને આવી મોટી મહત્ત્વની બાબત માટે તે દેશોએ નાણાંના અભાવની દલીલ આણી નથી. જે કામ જરૂરી હોય, જેમાં આપણાં દેશી ભાઈબહેનોની



લેડી વિદ્યાબહેન

સર્વતોમુખી ઉન્નતિનો પ્રશ્ન હોય તે પ્રજાના અગ્રણીઓએ ઉપાડી લેવું જોઇએ. સરકાર પાસે તે માટે નાણાં કઢાવવા માટે સર્વ ઉપાયો કરવા જોઇએ.

યુદ્ધની હાલની વિષમ પરિસ્થિતિમાં જ્યારે રાજ્યકર્તાના હાથ હમેશ કરતાં પણ વધારે ભીડમાં હોય ત્યારે યુનિવર્સિટી જેવી અતિ ખર્ચાળ યોજના અમલમાં મૂકવાનો સંભવ સ્વપ્નવત્ છે. પરંતુ લડાઇને જ પરિણામે અઢળક કમાણી કરનાર વેપારીઓ ધારે તો એક રાતમાં આ નાણાં ઊભાં કરી શકે એ ન બને તોપણ યુદ્ધ પછીની પુનર્ઘટના માટે પણ અત્યારથી જ વિચાર કરી મૂકવાની જરૂર છે. મહારાષ્ટ્ર યુનિવર્સિટી માટે પણ સરકારે લડાઈ પૂરી થયે મદદ માટે વિચાર કરવાનું વચન આપ્યું છે. મહારાષ્ટ્રની વિચારણા પહેલાં જેનો વિચાર થએલો તે ગુજરાત યુનિવર્સિટી માટે હવે નરમ પ્રવૃત્તિ નહિ ચાલે. એ હીલચાલને વેગવંત બનાવી એવી સ્થિતિએ પહોંચાડવી કે વહેલામાં વહેલી તકે તે વ્યાવહારિક રૂપ ધારણ કરે. નવીન યુનિવર્સિટી માટે પ્રાચીન અને અર્વાચીન જ્ઞાનસમુચ્ચયમાંથી એવી સુશ્લિષ્ટ રચના કરવાની જરૂર છે કે જે માટે પ્રતિભાશાળી વ્યક્તિઓની મગજશક્તિઓનો કેટલો યે સમય રોકાશે. આપણી સંસ્કૃતિને પોષણ મળે ને નૂતન ઉત્ક્રાંતિ (civilisation)માંથી અનુકરણ કરવા યોગ્ય સર્વ કાંઈ સાથે ઘટાવી શકાય એ આપણું લક્ષ્ય હોવું જોઇએ.

(વડોદરા સાહિત્ય સંમેલનના પ્રમુખપદેથી લેડી વિદ્યાબહેને આપેલા ભાષણમાંથી)

ગુજરાતનું જીવન વધુ તેજસ્વી, પ્રફુલ્લ અને બળવાન બનાવવું હોય તો વધુ અસરકારક નીતિની જરૂરિયાત ચોખ્ખી છે. આજે આપણે ગુજરાતમાં વધુ તેજસ્વી જીવન લાવી શકે એવા નેતાઓની જરૂર છે. જુદાજુદા ક્ષેત્રમાં પહેલ કરી શકે, નવાં સાહસ ખેડી શકે મોટાં કાર્યો પાર પાડી શકે અને આબાદ તથા પ્રાગતિક ગુજરાતના ભવ્ય સ્વપ્નને નક્કર ને સંગીન સત્ય બનાવવાની ધગશ ને શક્તિ જેનામાં હોય, એવા માણસોની ગુજરાત વાટ જુએ છે. જો કે આજે પણ રાજકીય ક્ષેત્રથી માંડીને જુદાંજુદાં ક્ષેત્રોમાં સમગ્ર હિંદમાં માનભર્યું સ્થાન ભોગવતા નેતાઓ ગુજરાતમાં છે; પણ આ બધા નેતાઓએ પોતાની જાતે જ પોતાને ઘડ્યા છે, અથવા તો સમયે તેમને ઘડ્યા છે. એમને અનુભવની શાળામાંથી કેળવણી મેળવવી પડી છે. આજની આપણી શાળાઓ ને કૉલેજો તો મૅકૉલેએ સો વર્ષ ઉપર નક્કી કરેલા ધ્યેય પ્રમાણે જ હજુ કામ કરે છે; હજી પણ તેઓ કારકુનો પેદા કરવાનાં જ કેન્દ્રો છે. ગુજરાતની ભણતરસંસ્થાઓમાંથી એવી બહુ થોડી હશે જે પોતાના વિદ્યાર્થીઓને સ્વતંત્રરીતે વિચારતા કરી તેમનું ચારિત્ર્ય ઘડી તેમને જીવનમાં આગળ ધપતાં ને માતૃભૂમિ તથા પોતાના બંધુઓની સેવા કરતાં શીખવે.

આ રીતે જોઇએ તો આવી જાતના શિક્ષણ માટે સમસ્ત ગુજરાતમાં એક સ્વતંત્ર યુનિવર્સિટી આવશ્યક છે. અને હું રાષ્ટ્રીય યુનિવર્સિટી નહિ પણ પ્રજાકીય યુનિવર્સિટી કહું તો મારો ભાવાર્થ સત્વર સમજી શકાશે. આવી યુનિવર્સિટીનું લક્ષ સંખ્યા પર નહિ પણ ગુણ પર રાખવું પડશે. પ્રાથમિક અને માધ્યમિક કેળવણીમાં સંખ્યા અગત્યની વસ્તુ ખરી; પણ ઉચ્ચ કેળવણી, જે આપવાનું યુનિવર્સિટીનું ખરું કર્તવ્ય હોય છે, તેમાં સંખ્યા કરતાં ગુણ પર જ વધુ આધાર રાખવો જોઇએ.

જે યુનિવર્સિટીની રૂપરેખા હું આપ સમક્ષ દોરી રહ્યો છું એ યુનિવર્સિટી કેવી જાતની હોવી જોઇએ? એ માત્ર ગુજરાતની જુદીજુદી શિક્ષણસંસ્થાઓને પોતાની સાથે જોડી એના ઉપર સામાન્ય દેખરેખ રાખી જાણે (એટલે કે Federal typeની હોય), કે એ પોતે જ શિક્ષણની જવાબદારી પોતાને માથે લઈ જાતે ઉચ્ચ શિક્ષણની સગવડો આપે (એટલે કે Unitary typeની હોય) એ વિષય પર મતભેદને સ્થાન છે. કદાચ સારામાં સારો રસ્તો એ છે કે અમદાવાદ શહેર માટેના

શિક્ષણની જોખમદારી યુનિવર્સિટી પોતે જ લઈ અમદાવાદની બહારની સંસ્થાઓને આ યુનિવર્સિટીમાં જોડાવાની છૂટ આપે. હાલ મુંબઈ યુનિવર્સિટીના સંબંધમાં બને છે તેમ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી સંસ્થાઓએ અમુક શરતો પાળવી પડે; પણ આ શિક્ષણના નવા ઉચ્ચ આદર્શને લીધે મુંબઈ યુનિવર્સિટી કરતાં આ શરતો વધુ કડક હોય અને સંસ્થાઓ ઉપર દેખરેખ પણ વધુ સખત રખાય. એટલે કે ઓછામાં ઓછા પગારે જેવી તેવી લાયકાત ધરાવતા શિક્ષકો રાખવાની વૃત્તિ ધરાવનારી વેપારીવૃત્તિવાળી સંસ્થાઓનું આ યુનિવર્સિટીમાં સ્થાન નહિ રહે એ મુદ્દા પર હું ભાર મૂકવા ઈચ્છું છું.

હું આશા રાખું છું કે અમદાવાદ માટે જે નવી યુનિવર્સિટીની હું વાત કરૂં છું તેનો આદર્શ ઉચ્ચ પ્રકારની કેળવણી આપવાનો, સંશોધનને ઉત્તેજન આપવાનો અને અત્યારના સંજોગોમાં માર્ગદર્શક થઈ પડે એવા નેતાઓ તૈયાર કરી સેવા કરવાનો રહેશે.

આ આદર્શની સિદ્ધિ માટે માત્ર આર્ટ્સ કૉલેજોથી નહિ ચાલે. બીજા અનેક જાતના શિક્ષણ માટે પણ પૂરતી વ્યવસ્થા કરવી પડશે. ધારાશાસ્ત્ર, વિજ્ઞાન ને વેપારના શિક્ષણ માટે હમણાં પણ થોડી સંસ્થાઓ અસ્તિત્વમાં છે. એમનો યોગ્ય વિકાસ થાય, અને એમની આસપાસ આ કૉલેજો માટે એક મોટી સંસ્થા ચલાવવામાં આવે તો ચાલે. આ ઉપરાંત, આપણે શિક્ષણની ઘણી નવી શાખાઓ (Faculties) અને કૉલેજો તેમજ સંશોધનમંડળો સ્થાપવાં પડશે. દાક્તરી વિદ્યા માટે અમદાવાદમાં હાલ સારી ગોઠવણ નથી તે કરવી પડશે. તે જ પ્રમાણે કળાભવનો અને હુન્નર શીખવાની સંસ્થાઓ (Polytechnics) તેમજ કૃષિવિદ્યાની શાખાઓ આ નવી યુનિવર્સિટીએ કાઢવી પડશે. મહાગુજરાતના ખાસ પ્રશ્નોના ઉકેલ માટે સંશોધન વ્યવસ્થા પણ આ યુનિવર્સિટીએ જ કરવી પડશે. અખિલ હિન્દના પ્રશ્નોના અભ્યાસ અને સંશોધનમાં આ યુનિવર્સિટીએ આજ છે તે કરતાં ઘણી વધુ સગવડો આપવી પડશે. આ ઉપરાંત બિન-વિદ્યાર્થી પણ અભ્યાસી વર્ગને પોતાનાં જ્ઞાન અને રસ ખીલવવાની પૂરી તક મળે એવી ગોઠવણ કરવાની પણ યુનિવર્સિટીની ફરજ રહેશે. સ્વાભાવિક રીતે જ અમદાવાદ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષાના અભ્યાસ ઉપર પૂરતો ભાર મૂકાશે, અને એ માટે બને ત્યાં સુધી સ્વભાષાદ્વારા જ શિક્ષણ આપવા એ બંધાએલી રહેશે.

આ નવી યુનિવર્સિટીની આર્થિક બાજુ વિષે એક વાત સમજવી જરૂરી છે, અને તે એ કે આવી યુનિવર્સિટી બીજી સંસ્થાઓને ખાલી સાંકળતી સંસ્થા કરતાં કે હલકા ધોરણથી અને લાયકાતથી ચલાવી લેતી સીધી શિક્ષણ આપતી યુનિવર્સિટી કરતાં પણ વધુ મોંઘી અને ખર્ચાળ નીવડશે. નવી યુનિવર્સિટીમાં ઓછા વિદ્યાર્થીઓથી જ ચલાવવું પડશે. વળી, ઉચ્ચ લાયકાતવાળા જ વિદ્યાર્થીઓને આમાં લેવા હોય તો ગરીબ વિદ્યાર્થીઓ માટે મફત ભણતરની સગવડ કરવી પડશે. એટલે ફીમાંથી કે પરીક્ષામાંથી હાલ કરતાં બહુ ઓછી આવક થશે. સાધન-સામગ્રી પર, શિક્ષકો પર તેમજ શિષ્યવૃત્તિઓ પાછળ આજના કરતાં ઘણો વધારે ખર્ચ કરવો પડશે. પણ આ ખર્ચ અનિવાર્ય છે, અને ગુજરાતીઓએ એને કીમતી national investment તરીકે સમજવું જોઇએ. આ મૂડીનું વ્યાજ ભલે રૂપિયા આના અને પાઈમાં ન મળે, ભલે અંદાજપત્રકમાં ઉધારખર્ચમાં લખી વળાય, પણ એમાંથી ઘણી સુંદર આવક ગુજરાતને મળશે એ બાબતમાં મને જરા યે અંદેશો નથી. આવા ઉમદા આદર્શ માટે ગુજરાતના તાલેવરો અને અમદાવાદના કરોડપતિઓ યોગ્ય સહાય આપવા તૈયાર થશે એવી આશા મને છે.

જો આ બાબત ઉપર ટૂંક સમયમાં વિચાર નહિ થાય તો લડાઈ પછીના વખતમાં આવતી ઉત્તમ તકો ગુજરાતીઓ ગુમાવશે, એટલું જ નહિ પણ આજનું એમનું અગ્રસ્થાન પણ જોખમાશે એ નક્કી. **સી. એન. વકીલ**

(અમદાવાદ ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના વાર્ષિક વ્યાખ્યાનમાંથી)

ગુજરાત યુનિવર્સિટી વિશેની પ્રવૃત્તિ સાથે હું છેક ૧૯૨૬થી સંકળાયેલો છું. જો કે વચમાં થોડાંક વર્ષ એ પ્રવૃત્તિ મૃતપ્રાય થઇ ગઇ હતી. હવે ગુજરાતી સાહિત્ય પરિષદે પોતાના પ્રમુખના નેતૃત્વ હેઠળ એ પ્રશ્નની પુનર્વિચારણા કરી નવેસરથી એ પ્રવૃત્તિ ઉપાડવાનું નક્કી કર્યું છે.

નિર્ધારિત ગુજરાત યુનિવર્સિટીની પ્રાદેશિક અધિકારમર્યાદામાં બ્રિટિશ હકુમતના અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ અને સૂરત એટલા જિલ્લા ઉપરાંત વડોદરા, વાંસદા, ખંભાત, કચ્છ, ધરમપુર, રાજપીપળા તેમજ બનાસકાંઠા, મહીકાંઠા, રેવાકાંઠા, પશ્ચિમ હિન્દ અને સૂરતનાં દેશી રાજ્યોનો સમાવેશ થઈ શકશે. આમ લગભગ ૬૦,૦૦૦ ચોરસ માઇલના વિસ્તારને આ યુનિવર્સિટી આવરી લઇ શકશે.

ગુજરાતમાં અત્યારે આર્ટ્સ અને સાયન્સની ૭ કૉલેજો, ૨ લૉ કૉલેજો, ૨ કૉમર્સ કૉલેજ અને ૧ ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ છે આ સંસ્થાઓ મુંબઈ યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. ઉપરાંત મુંબઇ યુનિવર્સિટીએ પ્રમાણિત કરેલી કેટલીક પોસ્ટગ્રૅજ્યુએટ સંસ્થાઓ પણ છે. એટલે યુનિવર્સિટીની આપણી કલ્પના સંતોષાય તે માટે એક મેડિકલ કૉલેજ, એક એન્જીનીઅરીંગ કૉલેજ ને એક ખેતીવાડીની કૉલેજની જરૂર ઊભી છે. આ કૉલેજો માટેની ભૂમિકા તો તૈયાર થઇ ગઇ છે, એમને અવતારવી જ હવે બાકી છે.

આ હકીકતો વિચાર્યા પછી ખાતરી થશે કે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના લગીરે ઢીલ ખમી શકે તેમ નથી. **કનૈયાલાલ મુનશી**

## અમરાવતીના વ્યાયામવર્ગો

આજ લાગટ પંદર વરસથી અમરાવતી (વરાડ)માં ત્યાંના શ્રી હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ તરફથી વર્ષોવર્ષ ઉનાળામાં ભરાતા વ્યાયામવર્ગો આ વર્ષે પણ મે માસમાં ભરાવાના છે. દેશભરની વ્યાયામશાળાઓ, અખાડા, મ્યુનિસિપલ કમિટીઓ, લોકલ બોર્ડો અને શિક્ષણસંસ્થાઓ પોતાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓને ત્યાં મોકલી તેનો લાભ લે છે. તેમાં ફિઝિકલ ટ્રેઇનિંગ, એ. આર. પી. અને ફર્સ્ટ એઇડ, સ્કાઉટિંગ તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાયામ તાલીમ ઉપરાંત ખાસ સ્ત્રીઓ માટેના વ્યાયામવર્ગો પણ ચલાવાય છે. લાભ લેવા ઈચ્છનારે ૨૫મી એપ્રિલ પહેલાં અરજી કરવી. વિગતવાર સૂચનાપત્ર નીચેને સરનામે ૦-૨-૦ની ટિકિટો મોકલવાથી જનરલ સેક્રેટરીને મળશે.

## અખિલ હિંદ ફોટોગ્રાફી હરીફાઈ

અમદાવાદના 'સ્વાન બુલેટિન' તરફથી સમસ્ત હિંદના ફોટોગ્રાફરો માટે એ પત્રિકાની વાર્ષિક ફોટોગ્રાફી હરીફાઈ (છેલ્લી મુદત ૩૦મી એપ્રિલ) યોજવામાં આવી છે. ભાગ લેવા ઈચ્છનારે તંત્રી 'સ્વાન બુલેટિન' જયેન્દ્ર બિલ્ડિંગ, ભદ્ર, અમદાવાદ, એ સરનામે લખવું.

# ઇતિહાસાચાર્ય આપટે



**પોતાનાં શીલ અને સિદ્ધાન્તભક્તિને ખાતર ગરીબીનાં કષ્ટ વેઠી અજ્ઞાતવાસમાં રહી એમણે મહા યત્ને સ્વાધ્યાય સાધ્યો;—રાષ્ટ્રકાર્ય ખાતર પોતાની સ્વાર્થી મહત્ત્વાકાંક્ષાઓનો ભોગ આપી અસીધારાવ્રતની પેઠે પોતાના સિદ્ધાન્તોનું પાલન કર્યુંઃ**

**અને**

**જનતાને પ્રકાશ આપવા કોઈ દીવો પ્રતિક્ષણ જલ્યા કરે તેમ, જિંદગીની છેલ્લી પળ સુધી એ પ્રજ્વલિત રહ્યા,—જરાપણ જાહેરાત વગર, પોતાના જલનની લેશમાત્ર વેદના દર્શાવ્યા વગર, એક વતસ્થની જેમ . . . .**

અભંગ શીલ, નિરલસ અભ્યાસ તથા મનન અને પોતાના સિદ્ધાંતો ખાતર આત્મસમર્પણ કરવાની તૈયારી, એ ઇતિહાસાચાર્ય આપટેના મોટા ગુણો હતા. પોતાનું કાર્ય કરવું પણ કોઈ જાતની જાહેરાત કરવી નહિ, માન મળે તે સ્વીકારવું નહિ, એવો એમનો હમેશાં આગ્રહ રહેતો. એનું સ્વાભાવિક પરિણામ એ આવ્યું કે ખુદ મહારાષ્ટ્રીઓને પણ તેઓ અપરિચિત જેવા રહ્યા, એટલે પરપ્રાંતોમાં એમનું નામ સરખું યે કોઈ જાણતું નથી એમાં નવાઈ પામવા જેવું નથી. આજે ઇતિહાસાચાર્ય આપટે એમના પ્રિય વિષય ઇતિહાસના વિષય બન્યા છે. એમના જેવી વિભૂતિ જીવતી હતી ત્યારે એમની ઈચ્છાને માન આપી અને એમની લાગણી ન દુખાય એવા હેતુથી કોઈ એમનાં વખાણ કરી શક્યું નહિ, કે દેશપરદેશમાં પરિચય કરાવી શક્યું નહિ. આજે વિધિએ એમને દુનિયામાંથી ખસેડી લઈ લોકોને એમનાં ગુણગાન કરવાની જાણે રજા આપી છે !

ઐતિહાસિક સંશોધનના ક્ષેત્રમાં મહારાષ્ટ્રે કરેલી પ્રગતિ જાણીતી છે. હિંદુસ્તાનના કદાચ કોઈપણ પ્રાંતમાં નહિ થયું હોય તેટલું કાર્ય મહારાષ્ટ્રે એ ક્ષેત્રમાં કરી બતાવ્યું છે. તેના કેટલા યે અભ્યાસકોએ ઈતિહાસકાર્યને જીવન અર્પણ કર્યું છે. એમાં એમણે નથી પરવા કરી કીર્તિની, પૈસાની કે કુટુંબની. ઇતિહાસ–સત્યને શોધવા તેઓ જાણે સંન્યાસી બન્યા છે. એમાંના જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ તે ઇતિહાસાચાર્ય રાજવાડે. અને રાજવાડે પછી જેમનું નામ લઈ શકાય તે ઇતિહાસાચાર્ય દત્તાત્રેય વિષ્ણુ આપટે. આ બે જ મહારાષ્ટ્રમાં 'ઈતિહાસના આચાર્ય' તરીકે ઓળખાયા છે.

ઇતિહાસાચાર્ય આપટેની વિશિષ્ટતા એ છે કે તેઓ ઈતિહાસ-સંશોધક તરીકે જાણીતા થયા, તોપણ એમનો આત્મા તો પ્રખર દેશભક્તનો જ રહ્યો હતો. ખાનગી અને રાષ્ટ્રીય નિશાળોમાં તેઓ પહેલાં શિક્ષક તરીકે રહ્યા, પછી એક સામયિકના તંત્રી થયા, આનંદાશ્રમ જેવી મહાન સંસ્થાના વ્યવસ્થાપક નીમાયા; પણ આ બધું પરિસ્થિતિએ એમની પાસે કરાવ્યું. એમનું ચાલી શક્ત તો તેઓ જહાલ (ઉગ્ર) રાજકારણમાં ઝંપલાવત. માત્ર અસહાયતાને કારણેજ તેઓએ ઈતિહાસ અને ગણિત જેવા ઠંડા વિષયોના મહાસાગરનો આશ્રય લીધો. છતાં પણ એમનું અંતઃકરણ સમજી શકનાર કોઇપણ માણસ અંદરનો વડવાનળ તરત જ પારખી શક્તો.

ઇતિહાસાચાર્ય આપટેનો મુખ્ય જીવનસિદ્ધાંત એવો હતો કે સરકાર સાથે કોઈપણ જાતનો સહકાર કરવો નહિ. એનું પાલન એમણે મરણ પર્યંત કર્યું. અને એનું પરિણામ? એ તો કોઈ પણ કલ્પી શકશે. એમણે ધાર્યું હોત તો કોઇ પણ કૉલેજમાં તેઓ પ્રોફેસર થઇ શક્ત. પણ પારકી સત્તાની યુનિવર્સિટી જોડે સહકાર કેમ થઈ શકે? પોતાના ગ્રંથોના પ્રકાશન માટે સરકાર પાસે મદદ કેમ માગી શકાય? યુનિવર્સિટીએ એમને પરીક્ષક નીમી એમનું બહુમાન કર્યું, પણ એમણે એ માનનો અસ્વીકાર કર્યો! રેડિયોના અધિકારીઓ તરફથી એમને ભાષણો માટે ઘણાં નિમંત્રણ આવ્યાં, પણ આપટે કબૂલ ન થયા. કેટલાક ગ્રંથોનું સંપાદન કરવા સરકારે એમની વિનતિ કરી; આપટે સામે મોટો પ્રશ્ન એ હતો કે સિદ્ધાંતનું પાલન કે ઇતિહાસનું સંશોધન? સાધારણ માણસ અહીં વિચાર કરવા રહ્યો જ ન હોત. સરકારની મદદ સ્વીકારી પોતાનું કામ ઝડપથી પૂરું કર્યું હોત. વખત આવ્યે સિદ્ધાન્તોને કોરે મૂકી દેનારા લોકો આપણે હમેશ નથી જોતા? પણ ઈતિહાસાચાર્ય આપટેએ પોતાનું અસિધારાવ્રત આખર સુધી પાળ્યું. એમાં એમને નુકસાન વેઠવું પડયું, મહેનતના પ્રમાણમાં એમનું કામ ઘણું ઓછું થઈ શક્યું ને મહારાષ્ટ્રે જે અપેક્ષા કરી તે અધૂરી જ રહી ગઇ. એમાં એમણે ભૂલ કરી એમ કહેવાનો અધિકાર કોનો હોઇ શકે? આદર્શો નક્કી કરવા, સેવવા અને એ આદર્શોની સેવામાં ફના થઇ જવું એ માર્ગે જનારા મહાન આત્માઓના સિદ્ધાંત ભૂલભર્યા હતા કે નહિ તે આપણે કેમ વિચારી શકીએ? આપણે તો એટલું જ કહી શકીશું કે એ મોટાં પ્રલોભનોને ઠોકર મારી એમણે પોતાની integrity (પૂર્ણાંકતા) સાચવી.

શ્રી આપટેના જીવનમાં એવા પ્રસંગો બન્યા નથી, જે જાણવાથી એમની મહત્તાનો ખ્યાલ આવી શકે. એમનું જીવન સાદું અને સરળ હતું. ઈતિહાસમાં કેટલાક મહાપુરુષો એવા થઇ ગયા છે, જેમને વિષે આપણને જેમ વધુ માહિતી મળતી જાય તેમ એમનું વ્યક્તિત્વ વધારે નિર્દોષતાથી ઝળકી ઊઠે. શ્રી આપટેની ગણના એવા પુરુષોમાં ખુશીથી કરી શકાય.

સાંગલી સંસ્થાનમાં ૧૮૮૧ની ૧૩મી માર્ચે એમનો જન્મ થયો. જમખંડી અને બેલગામમાં માધ્યમિક કેળવણી લઈ તેઓ ઈ.સ. ૧૮૯૭માં મૅટ્રિક પાસ થયા. ત્યાર પછી એક વરસ એમને ઘેર જ રહેવું પડ્યું. એ સમય દરમ્યાન એમણે 'જ્યોતિર્વિલાસ' અને

'કેતકી' નામના બે અઘરા ગ્રંથોનો અભ્યાસ કર્યો અને તે જ વખતથી તેઓ જ્યોતિર્ગણિતના શોખીન બન્યા. એમના પિતા જ્યોતિષ જાણતા. એમના તરફથી એમને પ્રોત્સાહન મળ્યું. તે પછી તેઓ ઉચ્ચ કેળવણી માટે પૂનાની જાણીતી ફરગસ્સન કૉલેજમાં જોડાયા અને ત્યાંથી ૧૯૦૨માં ગણિતનો વિષય લઈ બી. એ. થયા. ચરિતાર્થ માટે કામ શોધવાની જરૂર હતી જ, એટલે એમને શિક્ષક થવું પડ્યું.

બંગાળના ભાગલા પાડવામાં આવ્યા ત્યારે એમણે રાજકારણમાં આગળપડતો ભાગ લેવાની શરૂઆત કરી. યવતમાળ જઈ ત્યાં રાષ્ટ્રીય કેળવણીનો પ્રચાર કરવાનો એમણે પ્રયત્ન આદર્યો; 'હરિકિશોર' નામના જહાલ સામયિકમાં પણ કામ કર્યું. પણ આ પ્રવૃત્તિ ચાલી શકી નહિ, એટલે સ્થળાંતર કરી તેઓ મુંબાઇ આવ્યા અને 'રાષ્ટ્રમત' નામના દૈનિક પત્રમાં જોડાયા. 'રાષ્ટ્રમત'ના તંત્રીઓની હાલત તો એટલી ખરાબ રહેતી કે બધા વચ્ચે પહેરવાનો કોટ એક હતો! ત્યાં ઘણું કષ્ટ વેઠી તેઓ ગોવા ગયા અને પોર્તુગીઝ મુલકમાં રાષ્ટ્રીય શિક્ષણ આપવા નિશાળ ચલાવવાનો પ્રયત્ન કર્યો.

ગોવામાં ગાળેલા ઈ ૧૯૦૫થી ૧૯૧૭ સુધીનો આ બાર વરસનો સમય એમની ઉપાસનાનો અજ્ઞાતવાસ ગણી શકાય. એમાં જ એમના અભ્યાસના ગણેશ મંડાયા. ત્યાં કોઈની મદદ વગર એમણે 'સિદ્ધાંત-કૌમુદી' નો અભ્યાસ કર્યો. સમજાવનાર કોઈ હતું નહિ. દરેક સૂત્ર સમજવા માટે ખૂબ જ માથાફોડ કરવી પડતી. તોપણ એમણે હઠ છોડી નહિ. એ મહાન ગ્રંથનો જેમને પરિચય છે એવો કોઇ પણ માણસ આ દાખલા પરથી એમના યત્નની દિવ્યતા પારખી શકશે. એ જ અરસામાં એમણે ઇતિહાસાચાર્ય રાજવાડેના ગ્રંથ વાંચ્યા. ૧૯૧૭માં તેઓ પૂને આવ્યા. આ બાર વર્ષોના અજ્ઞાતવાસના તપમાં એમને ઘણા વિચારો ને કલ્પનાઓ સૂઝયાં હશે. સ્વાવલંબી કેમ થવું તેનો પણ ખ્યાલ આવી ગયો હશે. રાજવાડે પણ ક્યાંક મળી ગયા હોવા જોઈએ. આમ, શારીરિક કષ્ટોનો અને માનસિક ઉત્સાહનો એમનો સમય પૂરો થયો એ વખતે શ્રી આપટે ૩૬ વર્ષના હતા.

પછીનાં સાત વર્ષોમાં એમની આર્થિક સ્થિતિ બિલકુલ સુધરી નહિ. એક તો માની સ્વભાવ, એટલે કોઇની પાસે યાચના કરવા જવાય નહિ; અને પૂનામાં સંસાર ચલાવવો એટલે જરૂરિયાતો તો વધતી જ જાય. એમાં પાછી અસહકારની ચળવળ. એ વખત એમને માટે બહુ જ ખરાબ નીવડ્યો. એટલે ૧૯૨૪માં તેઓ આનંદાશ્રમના વ્યવસ્થાપક નીમાયા ત્યારે એમને જેટલો આનંદ થયો એટલો જ એમના મિત્રોને થયો હશે. પછીનાં વીસ વર્ષ એટલે એમના બૌદ્ધિક જીવનનો અને સ્વાસ્થ્યનો કાળ. આ જ સમયમાં એમની પ્રજ્ઞાનો ઉત્કર્ષ જોઇ શકાયો, અને એમણે મહારાષ્ટ્રમાં ઇતિહાસના દરેક અભ્યાસી પર પોતાની છાપ પાડી. ૨૭મી ઑક્ટોબર ૧૯૪૩ના રોજ તેઓ અવસાન પામ્યા ત્યાં સુધી આનંદાશ્રમમાં જ તેઓ હતા.

આ એમના જીવનની રૂપરેખા. ઈ. ૧૯૨૪ પછીનું એમનું જીવન લોકોએ જોયું છે. ૧૯૦૫ થી ૧૯૧૭ સુધીનું એમનું મધ્ય જીવન ગૂઢ રમ્ય હોવું જોઇએ. એમાં એમણે અનુભવેલી ક્ષુબ્ધતાનો, આફતોનો, આત્યંતિક ત્યાગનો, ધ્યેયવાદનો, ધ્યેયનિષ્ઠાનો, આશા-નિરાશાઓનો, હર્ષામર્ષનો આપણને કદી ખ્યાલ આવવાનો નથી. આપટે એ વિષે મૌન સેવતા. એ વેળા રાષ્ટ્રના ઉદ્ધારનો પાયો નંખાતો હતો. કેટલી યે વિભૂતિઓએ એ વખતે પોતાની દ્રવ્યાર્જન-ક્ષમતાનો અને બધી સ્વાર્થી મહત્ત્વાકાંક્ષાઓનો રાષ્ટ્રકાર્ય ખાતર હોમ કરી નાખ્યો. એવા જ લોકોમાં આપટે હતા. જીવનના અંત સુધી કોઈ વ્રતસ્થની જેમ એ રહ્યા.

પ્રસિદ્ધિપરાઙ્મુખ રહેવું એ શ્રી આપટેની ખાસિયત હતી. ઇતિહાસસંશોધન, ગણિત ને જ્યોતિષ જેવા અનેક વિષયોમાં એમની સલાહ લેવા સેંકડો લોકો એમને ત્યાં આવતા. એમને બધાને આપટે પોતાની શક્તિ ઉપરાંત મદદ કરતા. પણ આ ઉપકારનો બદલો—પોતાના નિર્દેશ જેટલો પણ—એમણે કોઈ દિવસ માગ્યો નહિ. એમનો ઉલ્લેખ થાય કે ન થાય એ વિષે તેઓ ઉદાસીન રહેતા, એટલું જ નહિ પણ એમની પાસે જે હસ્તપ્રતો તપાસાવવા આવતી એમાં જો પોતાના નામનો ઋણસ્વીકાર થયો હોય તો તે કાઢી નાખીને પછી જ ગ્રંથ છપાવવા તેઓ વિનતિ કરતા. એમનો ફોટો પાડવો એ પણ ઘણું અઘરૂં કામ હતું. પૂનાના પ્રો. શેજવલકરે એમનું તૈલચિત્ર તૈયાર કરાવી 'ભારત ઇતિહાસ સંશોધકમંડળ'ને ભેટ આપવાનું ઠરાવ્યું એવું એમણે જ્યારે સાંભળ્યું ત્યારે એમને મોટો આઘાત લાગ્યો! તેઓ મંડળના મંત્રીને મળ્યા અને એની પાસેથી એવું વચન મેળવ્યું કે એ વિષયમાં મંડળ કાંઈ નહિ કરે! એમને સાઠ વર્ષ પૂરાં થયાં ત્યારે એક અભિનંદનગ્રંથની યોજના થઈ રહી છે એવી એમને ખબર પડી. એમાં કામ કરતા દરેક અભ્યાસકને તેઓ મળ્યા અને આવું કાંઈ ન કરવા બધાને સમજાવ્યા, એટલે આખરે એ વાત મૂકી દેવી પડી.

બધું કામ સ્વાર્થત્યાગપૂર્વક કરવું જોઇએ એવો એમનો આગ્રહ હતો. એમનું બધું સંશોધન અને લેખન એમ જ થયું છે. તેઓ ગરીબ હતા, એટલે બીજા કોઇને પૈસા આપીને કામ કરાવી શકે એમ તો હતું જ નહિ. એનું પરિણામ એ આવ્યું કે એકલે હાથે કામ કરવામાં વખત ઘણો ગયો અને એમનું કાર્ય અધૂરૂં રહ્યું. કેટલુંક પ્રાથમિક કામ બીજા લોકો કરી શકત, પણ એ એમને ગમત નહિ. ઘણા પ્રશ્નોનો એમનો અભ્યાસ અધૂરો રહ્યો એનું આ એક કારણ. એમના કુટુંબમાં માણસો ઘણાં હતાં, એટલે આવક બધી ખર્ચાઈ જતી. પણ એમણે એ વિષે ફરિયાદ સુદ્ધાં કદી કરી નથી. સંસારનાં દુઃખ એમણે સ્થિતપ્રજ્ઞ વૃત્તિથી વેઠ્યાં, એટલું જ નહિ પણ અભ્યાસમાં પોતાનું મન તેઓ અવિચળ રાખી શક્યા. આવી હાલતમાં પણ તેઓ સંશોધન માટે ગજા ઉપરાંત ખર્ચ કરતા. એક ગ્રંથ માટે એકવાર એમને ઈનામ મળ્યું; પણ એ ન રાખતાં આખી યે રકમ એમણે 'ભારત ઇતિહાસ સંશોધક મંડળ'ને અર્પણ કરી દીધી! પોતાના ઉપયોગની ચોપડીઓ તેઓ હમેશાં વેચાતી જ લેતા અને પોતાના ગ્રંથો પણ વેચાતા લઇને મિત્રોને આપતા! લોકો એમની ચોપડીઓ વાંચવા લઈ જતા પણ પાછી આપતા નહિ, એટલે એમની પાસે પુસ્તકોનો સંગ્રહ પણ થઈ ન શક્યો.

એમનો બીજો મોટો ગુણ સહનશીલતા. નાના બાળક પર પણ તેઓ કદી ચીડાતા નહિ. કુટુંબમાં કોઈ માણસ ભૂલ કરે તો એની જોડે ચર્ચા કરી એને સમજાવવાનો પ્રયત્ન કરતા. એ માણસ સમજે તો ઠીક, ન સમજે તો ધીરજ ખોતા નહિ. એ ભૂલનાં પરિણામ સહન કરવાં પડે તો પોતે એને માટે તૈયાર રહેતા. જેમ ઘરમાં તેમજ સાર્વજનિક કાર્યમાં. કોઈ જોડે પોતાને મતભેદ હોય તોપણ વાદમાં ઊતરતા નહિ. કોઈ એમના દોષ બતાવે તો ચીડાતા નહિ, મનમાં ડંખ રાખતા નહિ ને સૌનું ભલું ઈચ્છતા; અને સૌકોઇને મદદ કરવા તત્પર જ રહેતા. સામાન્ય માણસો આ ન જ કરી શકે.

એમના શિષ્યો લખે છે કે શ્રી આપટેએ જીવનની એક પળ પણ નકામી ગુમાવી નથી. હરઘડી અભ્યાસ અને મનન ચાલુ જ રહેતાં. ઇતિહાસ અને ગણિતમાં એમનો શિષ્યવર્ગ બહોળો હતો. એમને ઘેર અધ્યયન-અધ્યાપનનો જાણે અખાડો ચાલતો. નિવૃત્તિનો અર્થ તેઓ સમજ્યા જ નહોતા, એટલે રમતગમતનો એમને સ્પર્શ સર-

ઓાયે ન થયો. જીવનમાં એક જ વાર તેઓ ફિલ્મ જોવા ગયા— મિત્રોના આગ્રહને વશ થઇને. 'સંત તુકારામ'નું એ ચિત્ર જોઇને ચર્ચા શી કરી, તો કે, ઇતિહાસનું યશસ્વી દિગ્દર્શન કરનારની લાયકાત અને સિનેમાની મદદથી સાચો ઇતિહાસ લોકપ્રિય કરવાની શક્યતા

સંત નામદેવનું કાર્ય તુકારામે પૂરું કર્યું એમ કહેવાય છે. રાજવાડે અને આપટેનો સંબંધ એ જ રીતે વર્ણવી શકાય. 'પહેલાં સાધનો મેળવવાં અને પહેલાં સ્વભાષા તથા પછી પરભાષામાં ગ્રંથ લખવા' એ રાજવાડેની પ્રવૃત્તિ એમણે આગળ ધપાવી. પણ રાજવાડે કરી ન શક્યા એટલું કામ એમણે કરી બતાવ્યું રાજવાડે અગ્રેસર દ્રષ્ટા હતા, પણ એમને સાધનો ભેગાં કરવામાં જિંદગી વીતાવવી પડી. એમનો સ્વભાવ પણ જરા તેજ હતો, એટલે તેઓ લોકસંગ્રહ કરી શક્યા નહિ. આપટે પણ દ્રષ્ટા હતા. પરંતુ એમનો સ્વભાવ મીઠો હતો એટલે તેઓ લોકોને વધુ આકર્ષી શક્યા. 'ઇતિહાસનાં સાધનો એકઠાં કરવાં' એ રાજવાડે-યુગનું મુખ્ય લક્ષણ. 'સાધનોની ચિકિત્સા કરવી જોઇએ' એ આપટે-યુગનું લક્ષણ આજે મહારાષ્ટ્રમાં એવો એકે ઇતિહાસકાર નથી કે ઇતિહાસ વિષેનો એવો એકપણ લેખ નથી જેના પર આપટેની અસર થઈ ન હોય. રાજવાડે યુગમાં ફારસીનો અભ્યાસ શરૂ થઈ ગયો હતો. આપટે યુગમાં ફ્રેંચ, પોર્ટુગીઝ, ડચ ઈત્યાદિ ભાષાઓનો અભ્યાસ શરૂ થયો ને 'શિવચરિત્ર' કાર્યાલયે આ ભાષાઓમાંથી મળેલી સામગ્રીનું પ્રકાશન કર્યું. શ્રી આપટે ગરીબ હતા, પણ એમનો ઉત્સાહ દુર્દમ્ય હતો. એમની મહેનતનું બીજું સારૂં પરિણામ એ ટલે શિવચરિત્ર કાર્યાલયની સ્થાપના અને ત્યાંથી બહાર પડેલા સોળ ગ્રંથ. ઈચ્છા હોય તો માણસ કેટલું કામ કરી શકે છે એનો એ સુંદર નમૂનો છે

ઇતિહાસલેખનમાં એવો ક્રમ હોય છે કે પહેલાં સાધનો મેળવવાં, પછી તેનું સંકલન કરી બહાર પાડવાં અને છેવટે સિદ્ધાંત સ્થાપવા. પહેલાં બે કામ સાધારણ માણસ કરી શકે છે; પણ છેલ્લું કામ તો અસાધારણ વિદ્વાન જ કરી શકે. મહારાષ્ટ્રમાં આજ સુધી એવું કામ ત્રણ માણસોએ કર્યું છેઃ-રાનડે, રાજવાડે અને આપટે. એટલે આપટેનું મુખ્ય કાર્ય અભ્યાસકોમાં શાસ્ત્રીય દૃષ્ટિનો વિકાસ કરાવવો એ હતું. એમણે લખ્યું છે થોડું, પણ એ થોડામાં જ એમણે દેશને શાસ્ત્રીય દૃષ્ટિ બતાવી આપી છે.

શ્રી આપટેનો ગણિતનો અભ્યાસ એટલો જ જબરો હતો. ગણિત-જ્યોતિષમાં એમણે એટલું કામ કર્યું છે કે તેમને 'ગણિતભાસ્કર' તરીકે ઓળખાવવાનું મન અભ્યાસકોને થયું છે. ગણિતની આ શાખાનો અભ્યાસ ગણ્યાગાંઠ્યા જ કરે છે, એટલે એ વિષયમાં જનસમાજમાં જાહેરાત થવાનો સંભવ ઓછો રહે છે.

ભારતવર્ષ માટે એમણે કરેલું બીજું મહાન કાર્ય તે ભાસ્કરાચાર્યના ગ્રંથોનું સટીક પ્રકાશન. ગ્રંથનું સંપાદન કેમ કરવું એનો એ સુંદર નમૂનો છે. એમાંનું દરેક સૂત્ર છાપતાં પહેલા આપટેએ એનો એકેએક દાખલો ગણી જોયો હતો ! જાણે ભાસ્કરાચાર્ય ફરી અવતાર લઇ આવ્યા હોય અને પોતાના ગ્રંથોનું પ્રકાશન કરાવતા હોય એવું જ કોઇને લાગે ! અભ્યાસ એટલે શું એ સમજવું હોય તો આપટેને જોવા, એવી કહેવત થઇ પડી હતી એમાં બિલકુલ અતિશયોક્તિ નથી.

શ્રી આપટેના કાર્યનું સ્વરૂપ તો અહીં બતાવી શકાય નહિ, કારણકે એ વિષય શાસ્ત્રીય હોવાથી ખાસ અભ્યાસકોને જ એમાં રસ પડે. દાખલા તરીકે, શિવાજીની જન્મતિથિ નક્કી કરવા માટે એમણે કરેલી મહેનત લો. શિવાજીનો જન્મ ૧૬૨૭માં થયો એમ મનાતું હતું. આપટેએ પુરવાર કરી આપ્યું કે ૧૬૩૦માં શિવાજીનો જન્મ થયો હતો. કેટલાક લોકો એમ કહેશે કે આવડી ત્રણ વરસની ભૂલ શોધી કાઢી એમાં મોટું શું કર્યું ? એનો જવાબ એટલો જ હોઈ શકે કે એમાં અર્થ કાંઇ ન હોય તો સત્ય શોધવાની જરૂર જ શી છે? બીજું એ કે મરાઠી ઇતિહાસની પૂર્વપરંપરા એમણે છેક બહામણી રાજ્યના સંસ્થાપક હસન ગંગૂના સમયના એક રજપૂત સુધી લઈ જઇ બતાવી હતી. પણ એ વિષયો ચર્ચવાનું આ સ્થળ નથી.

શ્રી આપટે જગત માટે પોતાનું જીવન જીવ્યા. જનતાને પ્રકાશ આપવા કોઈ દીવો પ્રતિ ક્ષણ જલ્યા કરે તેમ તેઓ આખર સુધી પ્રજ્વલિત રહ્યા. એમને મળેલો જ્ઞાનભંડાર એમણે ખુલ્લે હાથે લોકોને આપી દીધો. એમના શિષ્યો હવે એમની પરંપરા કેવી રીતે ચલાવે છે તે તો ભવિષ્યકાળ જ બતાવી શકશે. **વસન્ત જોષી**

('સહ્યાદ્રિ', 'ચિત્રમયજગત' અને બીજાં મરાઠી માસિકોના આધારે)

# ફોટોગ્રાફી

## ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

જે થોડાંઘણાં ચિત્રો આ વખતે આવ્યાં છે તેમાં ઈનામને પાત્ર કોઈ ખાસ ઠરતું નથી; પણ ત્રણેક ચિત્રો નોંધપાત્ર છે. (૧) 'હવાઇ મહેલ બાંધનાર'–રાઓલ શ્રી લખધીરસિંહજી રણજીતસિંહજી (ભીમડાદ); (૨) 'વેણીસંહાર'–શુકદેવ ભચેચ (અમદાવાદ); (૩) 'સીધાં ચઢાણ' ભગુરાય બક્ષી (વીલેપારલે).

રાઓલ શ્રી લખધીરસિંહજીના ચિત્રનું સંયોજન ઠીક આવી ગયું છે. ગંજીપાનાં પાનાંના બંગલા બનાવતા બેઠેલા એક છોકરાના એ ચિત્રમાં પાત્રની બેઠક એક પ્રકારનો ત્રિકોણ રચે છે અને તેનું પુનરાવર્તન પાનાંની ગોઠવણીમાં પણ અનાયાસે આવી મળે છે. તે ઉપરાંત આખું ચિત્ર પણ પોતે ત્રિકોણાકૃતિમાં રચાયું છે. ચિત્રમાં તેજછાયાનું પ્રમાણ જેવું જોઈએ તેવું લાવી શકાયું નથી. માથાના ફેંટાનો ભાગ તેમજ કેટલાંક પાનાં વધુપડતાં ધોળાં જણાય છે અને બૅકગ્રાઉન્ડમાં પણ એકસરખો વર્ણ સચવાયો નથી. આવી ખામીઓ એન્લાર્જમેન્ટ કરતી વખતે 'કન્ટ્રોલ' કરી સુધારી શકાય છે. ભાઇ શુકદેવ ભચેચનું ચિત્ર 'વેણીસંહાર' પ્રિન્ટની ટેકનીકમાં ઘણું સારૂં છે, પણ બૅકગ્રાઉન્ડમાં પાત્રોનું મિશ્રણ થાય છે તે ખામી રૂપ છે. ઈરાદાપૂર્વક શોધેલી બૅકગ્રાઉન્ડ જેમ ચિત્રની રચનામાં મદદરૂપ બને છે તેવી જ રીતે ઘણીવાર ગાફેલ રહીએ તો પ્રતિકૂળ બૅકગ્રાઉન્ડ સારાં ચિત્રોને નકામાં પણ બનાવી દે છે. આવાં ચિત્રોમાં એકસરખા રંગની સાદી બૅકગ્રાઉન્ડ ચિત્રને વધારે ઉઠાવ આપે. ચિત્રમાં આગળનું પાત્ર કૅમેરાનું ભાન થએલું સૂચવે છે તેના લીધે વ્યક્તિત્વની સાહજિકતા આવી શકી નથી. ઉપરાંત ચિત્રમાં જે ક્રિયા બનતી હોય તે સ્પષ્ટ તરી આવવી જોઇએ; નહિ તો ચિત્રનો હેતુ સચવાતો નથી.

'સીધાં ચઢાણનું' દૃશ્ય માત્ર ઝાડના રચનાસૌન્દર્યને લીધે જ આકર્ષક બન્યું છે. પાત્રો તેમજ તેની ગોઠવણી અનુકૂળ નથી. વળી આવાં વિશાળ આકાશવાળાં દૃશ્યચિત્રોમાં અનુકૂળ વાદળાં આકર્ષણમાં વધારો કરે છે તે ધ્યાનમાં રાખવાની જરૂર છે. આ ઉપરાંત મધુકુમાર મગનભાઈ પટેલ (વસો)નું કાંટો કઢાવતા એક કુમારનું ચિત્ર અહીં એટલા માટે નોંધ યોગ્ય ગણીએ છીએ કે હલેલો કૅમેરા, ખરાબ એન્લાર્જમેન્ટ ને બેદરકારીથી લીધેલી બૅકગ્રાઉન્ડને લીધે એક ઉત્તમ થવા સરજાએલું ચિત્ર માર્યું ગયું છે. **બી. બી. ફનીબંદા**

# રક્ત સંધ્યા

**જ્યારથી ભારતનો સૌભાગ્યસૂર્ય આથમ્યો અને અવનતિની કાળરાત્રિ શરૂ થઈ**


**લેખક : શ્રી શરદિન્દુ બંદ્યોપાધ્યાય**

**અનુવાદક : રમણિક મેઘાણી**


★ આ વાર્તામાંનું વાસ્કો-ડા-ગામાનું આલેખન સંપૂર્ણ ઐતિહાસિક છે. ક્યાં યે રંગ ચડાવવાનો પ્રયત્ન નથી કર્યો. જેઓ એ વિષે વધુ જાણવા માગતા હોય તેમણે સ્વ૦ અક્ષયકુમાર મૈત્રેયની અમૂલી કૃતિ 'ફિરંગી-વણિક' વાંચી જવું.

આ વાર્તામાં ફિરંગી શબ્દ તેના મૂળ અર્થમાં (Frank=ફિરંગી=યુરોપની કોઈ પણ જાતિ, એ રીતે) વપરાયો છે. અત્યારની કોઈ ખાસ જાતિ પર એમાં કટાક્ષ નથી. કહેવાની જરૂર નથી કે જે સમયની આ વાત છે તે સમયે, આજકાલ જે જાતિને ફિરંગી કહેવાય છે એવી કોઇ જાતિ અસ્તિત્વમાં જ નહોતી.

—મૂળ લેખક

**મા**નવીના સહજસાધારણ, વિવિધતા વગરના જીવન-પ્રવાસ દરમ્યાન ક્યારેક ધરતીકંપની જેમ એવા પ્રસંગો બની જાય છે કે જેને તેની આજુબાજુના સંજોગો સાથે સરખાવતાં એક અસંભવિત–અશક્ય પ્રસંગ જ કહેવો પડે. આજે અહીં જે વાર્તા કહેવા બેઠો છું, તે પણ એક દિવસ તદ્દન અણધારી જ મારા જીવન-પથમાં આવી ઊભી હતી. જોકે એની સાથે મારો સંબંધ માત્ર એક દર્શક હોવા ઉપરાંત બીજો કંઈ જ નથી; છતાંયે મારા મન ઉપર આ વાર્તાના વસ્તુએ એક એવી ઊંડી અસર મૂકી છે કે કદાચ જીવનના અંત સુધી–આખરી દિવસ સુધી પણ એ નહિ ભુંસાય.

જે માણસની વાત આજે અહીં લખવા બેઠો છું તે આજથી સાત દિવસ પહેલાં હાઇકોર્ટનો ફેંસલો માથે ચડાવીને પરલોકની સફરે ઊપડી ગયો છે, એટલે સાક્ષી કે સાબિતી રજૂ કરવાનો કોઇ ઉપાય નથી છતાં સમાચાર-પત્રોની કટારોમાંથી તથા ગુનેગારના મુકદ્દમા વેળા સાક્ષીઓની જુબાનીમા સાભળેલી જે જે હકીક્ત આ વાર્તાને ઉપયોગી હશે એનો ઉપયોગ કરીશ. આને સત્ય માનવા હું કોઇને કહેતો નથી, અને જેઓ આને તદ્દન ગપગોળો માની હવામાં ઉડાડી નાખવા માગતા હોય તેમની સામે મારે કંઇ ફરિયાદ પણ નથી. મને તો માત્ર એટલો જ વિચાર આવે છે કે જે માણસે મૃત્યુ પહેલાં પોતાની જાતને ગુનામાંથી છોડાવવા લેશમાત્ર પ્રયાસ નથી કર્યો તે આટઆટલું બિનજરૂરી અસત્ય બોલી જ કેમ શકે?

એ સમયે પ્રગટ થતાં દૈનિક અખબારોમાંના એક 'કાલકેતુ'માં આ સંબંધે જે સમાચાર પ્રગટ થયા હતા, તેજ અહીં પ્રથમ મૂકું છું.

"ગઇ કાલે લગભગ સવારના સાડાનવ વાગે અત્રેની દુર્ગાચરણ બૅનરજી લેઈનમાં આવેલી એક કસાઇની દુકાનમાં ભીષણ હત્યાકાંડ બની ગયો. દુકાનદાર ગુલામ-કાદર નિત્યની જેમ માંસ વેચતો હતો. દુકાનમાં કેટલાક ફિરંગી અને મુસલમાન ગ્રાહકો હાજર હતા. એવે સમયે એક અજાણ્યા ફિરંગીએ આવી થોડુંક ગૌ-માંસ માગ્યું. એને જોતાં જ દુકાનદાર ગુલામ-કાદર એક ભયંકર ચીસ પાડતો, હાથમાં માંસ કાપવાનો છરો લઈ તેના ઉપર તૂટી પડયો, અને નિર્દયતા-પૂર્વક તેની છાતી, પેટ તથા મોં ઉપર, જેમ ફાવ્યું તેમ છરાના ઘા કરવા લાગ્યો. ફિરંગી ધરતી પર ઢળી પડતાં ગુલામ-કાદર તેની છાતી પર ચડી બેસી તેના પર છરીના ઘા કર્યે જતો હતો ને સાથે સાથે પ્રત્યેક વેળા બોલતો હતો કે 'વાસ્કો-ડા-ગામા! લે, આ મારી સ્ત્રી વતી;—આ મારી પુત્રી વતી,—આ મારા વૃદ્ધ પિતા વતી.' આ વેળા દુકાનમાં જે જે હતા તે સૌ, રૂંવાડાં ઊભાં કરે એવો આ બનાવ જોઇ ઝપાટાબંધ ત્યાંથી પોબારા ગણી ગયા હતા ને તેમણેજ પોલીસ-ને ખબર આપ્યા હતા. પોલીસે આવી ગુલામ-કાદરને ગિરફ્તાર કર્યો ત્યારે પણ તે અજાણ્યા ફિરંગીના મૃતદેહ ઉપર છરી વડે ઘા કરતો હતો ને અગાઉની જેમ જ બકતો હતો કે 'વાસ્કો-ડા-ગામા! લે આ મારી સ્ત્રી વતી, આ મારી પુત્રી વતી, આ મારા વૃદ્ધ પિતા વતી.'

ગુલામ-કાદર ઓચિન્તો, એકાએક પાગલ બની ગયો હોય એમ લાગતું હતું, કારણ મરનાર ફિરંગી સાથે એને કંઇ જૂની ઓળખાણ હોવાનું જાણમાં નથી. વળી એની પત્ની, પુત્રી કે વૃદ્ધ પિતા કોઇ જ અત્યારે હયાત નથી. વધુ તપાસ કરતાં માલૂમ પડે છે કે ગુલામ-કાદર આજ પંદર વર્ષથી વિધુર છે. એની પત્ની એક મૃત પુત્રીને જન્મ આપી મૃત્યુ પામી હતી. ત્યાર બાદ એણે ફરી લગ્ન કર્યાં નહોતાં.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મરનાર માણસ ગોવાથી તાજેતરમાં જ અહીં આવેલો એક પોર્ટુગીઝ ફિરંગી હતો અને ધંધાર્થે થોડા દિવસ પહેલાં જ કલકત્તા આવી એક સામાન્ય હૉટેલમાં રહેતો હતો. એનું નામ ગૅબ્રિયલ ડિરોજા હતું.

ગુલામ-કાદર અત્યારે થાણા ચોકીમાં છે. ડિરોજાનું શબ તપાસ માટે ઑસ્પિટલમાં મોકલવામાં આવ્યું છે."

**આ** બનાવ જ્યાં બન્યો એની બહુ નજીકમાં જ મારૂં ઘર હતું. આરોપી ગુલામ-કાદર સાથે મારે મોઢાની ઓળખાણ પણ હતી અને એથી જ આ બનાવથી હું આકર્ષાયો હતો. ઉપરાંત, બીજી એક વાતે મારામાં કુતૂહલ જન્માવ્યું હતું અને તે વાસ્કો-ડા-ગામાનું નામ. નાનપણથી જ હું ઇતિહાસનો ભક્ત હતો, તેથી જ્યારે એકાએક કસાઇખાનાના હત્યાકાંડમાં આ ઇતિહાસ-વિખ્યાત નામ સાંભળ્યું ત્યારે હું ચોંકી ઊઠ્યો. મારૂં મન ઉત્તેજિત થઈ ગયું. 'વાસ્કો-ડા-ગામા' એ નામ સામાન્ય જનતામાં બહુ પ્રચલિત નથી. એક અભણ મુસલ-માન કસાઇને મોઢે એ નામ આવી સ્થિતિમાં ઉચ્ચારાતું જોઇ કોઇક ગુપ્ત 'રોમાન્સ'ની ગંધે મારૂં મન ભરાઈ ગયું. કેવું અદ્‌ભુત રહસ્ય આ ભયંકર હત્યાકાંડ પાછળ છુપાયું હશે? કોણ હશે આ ગેબ્રિયલ ડિરોજા-જેને હત્યારા ગુલામકાદરે વાસ્કો-ડા-ગામા કહીને સંબોધ્યો? કે પછી શું સાચે જ આ કોઈ વાતોડિયાનો બેજવાબદાર બકવાદ હતો?

એ ગમે તેમ હો. મારૂં કુતૂહલ એટલું વધી ગયું હતું કે જે દિવસે આ મુકદ્દમો કૉરોનરની કોર્ટમાં નીકળવાનો હતો તે દિવસે હું જરા વહેલો વહેલો અદાલતમાં ગયો. કૉરોનર ત્યારે આવ્યા નહોતા; પણ આરોપીને હાજર કરવામાં આવ્યો હતો. એની ચારે બાજુ પોલીસ ઘુસપુસ કરી રહી હતી. આરોપીના હાથે હાથકડી હતી. એક સ્ટૂલ ઉપર એ મૂંગોમૂંગો બેઠો હતો. જોતાંવેંત જ એ મને ઓળખી ગયો, ને હાથ ઊંચા કરી એણે મને સલામ કરી. પાગલાઇનાં લક્ષણ જરા યે ન દેખાયાં, તદ્દન સાજાસારા માણસ જેવો એ દેખાતો હતો. એના મોં પર ભય કે આતુરતાનું કંઇ જ નિશાન નહોતું. જોનાર કોઇ કહી ન શકે કે આ જ માણસે બે દિવસ પહેલાં ગજબની નિર્દયતાપૂર્વક એક માણસનું ખૂન કર્યું હશે.

કૉરોનર આવ્યા. અદાલતનું કામ શરૂ થયું. સૌ પહેલાં ડૉક્ટરે જુબાની આપતા કહ્યું કે 'મૃત દેહ ઉપર છરીના બધા મળીને સત્તાવન ઘા જોવામાં આવ્યા છે. એ સત્તાવનમાંથી કયો ઘા મૃત્યુનું કારણ બન્યો તે કહેવું મુશ્કેલ છે, કારણ બધા જ ઘા સમાન ભયંકર હતા.'

ડૉક્ટરની જુબાની પૂરી થતાં જ્યૉર્જ મૅથ્યુસ નામના એક હિંદી ખ્રિસ્તીને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યો. બીજા સવાલ-જવાબ પછી સાક્ષીએ જણાવ્યું કે 'છેલ્લાં દસ વરસથી ગુલામકાદરને ત્યાંથી જ માંસ ખરીદું છું! પરંતુ કદી યે મેં એને જરા પણ તોફાન કરતો જોયો નથી. સ્વભાવે એ ખૂબ શાંત ને શિષ્ટ માણસ છે.'

પ્રશ્ન—જ્યારે એ મરનાર ઉપર આક્રમણ કરતો હતો ત્યારે એ સ્વાભાવિક સ્થિતિમાં નહોતો શું? તમને શું લાગે છે?

ઉત્તર—મરનાર દુકાનમાં નહોતો પ્રવેશ્યો ત્યાં સુધી એ તદ્દન સ્વાભાવિક સ્થિતિમાં હતો. અમારી સાથે સહજ ભાવે વાતચીત કરતો હતો. પણ ડિરોઝાને જોતાંવેંત જ એ પાગલ બની ગયો હતો.

પ્રશ્ન—તમને શું લાગે છે, આરોપી મરનારને પહેલેથી ઓળખતો હતો?

ઉત્તર—હા, પણ એનું ખરૂં નામ ન બોલતાં એ 'વાસ્કો-ડા-ગામા' ના સંબોધનથી જ એને સંબોધતો હતો.'

પ્રશ્ન— ડિરોઝા ઘાયલ થઇને કંઈ બોલ્યો હતો?

ઉત્તર—ના.

પ્રશ્ન—આરોપી દારૂ પીતો હતો યા બીજો કોઈ નશો કરતો હતો?

ઉત્તર—મેં ક્યારે ય એને દારૂ પીતો કે એવો કોઇ નશો કરતો કે નશો કરીને મત્ત બનતો જોયો નથી.

પ્રશ્ન—આરોપીના લક્ષણ ઉપરથી શું તમને લાગતું હતું કે કોઇ વેરનો બદલો વાળવા એ ડિરોઝાનું ખૂન કરે છે?

ઉત્તર—હા, એના બોલવા ઉપરથી તથા મોં પરના ભાવો પરથી મને થયું હતું કે ડિરોઝાએ અગાઉ એની સ્ત્રી, પુત્રી તથા વૃદ્ધ પિતા પર કંઇ અત્યાચાર કર્યો હોવો જોઇએ.

આ પછી બીજા પણ કેટલાક સાક્ષીઓની લગભગ આવી જ જુબાની પછી પોલીસના ડેપ્યુટી કમિશ્નર જુબાની આપવા ઊભા થયા. એમણે કહ્યું કે ગોવાથી ખબર મળ્યા છે કે ડિરોઝા ત્યાંનો એક સાધારણ વેપારી છે. એ જાતે ફિરંગી પોર્ટુગીઝ છે ને ઉમરે લગભગ બેંતાળીસ વર્ષનો છે. આ પહેલાં કદી યે એ ગોવા બહાર ગયો નથી. જીવનમાં આ પહેલી જ વાર કલકત્તામાં પગ મૂક્યો છે. આરોપી વિષે ડેપ્યુટી કમિશ્નરે કહ્યું કે આરોપીને આત્મીય સ્વજન સ્ત્રી-પુત્ર કુટુંબ કંઇ નથી. વધુ તપાસમાં જાણવા મળે છે કે છેલ્લાં ત્રીસ વર્ષમાં એણે કદી યે કલકત્તા બહાર પગ મૂક્યો નથી. એનું વય લગભગ સુડતાલીસ વર્ષનું છે. એટલે ડિરોઝાને આ અગાઉ ક્યારે ય તે મળ્યો હોય એ સંભવિત પણ લાગતું નથી.

અત્યાર સુધી ચૂપ રહેલો આરોપી હવે બોલ્યો: 'ડા-ગામાને મેં ઘણીવાર જોયો છે.'

પળવારમાં અદાલતનો એ ઓરડો એકદમ નીરવ થઇ ગયો. કૉરોનરે ડેપ્યુટી કમિશ્નરને મૌન રહેવાનો સંકેત કરી આરોપીને પૂછ્યુ, 'તું ડિરોઝાને પહેલેથી જાણે છે?'

આરોપી—ડિરોઝાને મેં કદી યે જોયો નથી. વાસ્કો-ડા-ગામાને હું ઓળખું છું. વાસ્કો-ડા-ગામા ગુપ્ત વેશે મારે ત્યાં માંસ ખરીદવા આવ્યો હતો.

આરોપી તરફ વેધક નજર ફેંકતાં કૉરોનરે પૂછ્યું, 'વારૂ, વાસ્કો-ડા-ગામાને આ પહેલાં તેં ક્યાં જોયો હતો?'

આરોપી—મેં સૌ પહેલો એને જોયો હતો કલિકટ બંદર ઉપર, ને છેલ્લે જોયો હતો સમદરની છાતી ઉપર..... આટલું બોલી આરોપી ઓચિંતો અટકી ગયો. જોયું તો એની આંખો અને ચહેરો લાલચોળ બની ગયાં હતાં. એના મોંમાંથી વાત બહાર નીકળતી નહોતી. એ એકવાર રૂંધાએલા સાદે 'યા ખુદા' બોલ્યો, ને બે હાથે મોં ઢાંકી બેસી ગયો. બીજું કંઇ જ એ ન બોલ્યો.

ત્યાર બાદ યોગ્ય સમય સુધી વિચાર કર્યા બાદ કૉરોનરે અભિપ્રાય વ્યક્ત કર્યો કે ક્ષણિક પાગલપણને વશ થઈ ગુલામ-કાદરે ડિરોઝાનું ખૂન કર્યું છે.

હું જ્યારે કોર્ટમાંથી બહાર નીકળી રસ્તા ઉપર આવીને ઊભો રહ્યો ત્યારે મારૂં માથું ધમધમી ઊઠ્યું હતું. 'કલિકટ,—સમદરની છાતી ઉપર!' આરોપી આ બધું શું બોલી ગયો? બીજી પણ કેટલીક વાત. કોણ જાણે કેવી યે અપૂર્વ વાત આ મૂર્ખ,-અભણ કસાઇ ગુલામકાદરના હૈયામાં છુપાઇને પડી હશે? કારણ તે પાગલપણનો દેખાવ તો નહોતો જ કરતો એ નક્કી હતું. એની કોઈપણ વાત કે ક્રિયા પાગલ જેવી નહોતી. છતાં એકાદ બે અસંબદ્ધ વાતો દ્વારા ભૂતકાળના પડદાનો એક છેડો જરા ઊંચો કરી એ કેવી એક અદ્‌ભુત રહસ્યકથાનો સંકેત કરી ગયો હતો!

**એ** પછી ગુલામકાદર પર શું શું વીતી તે વિસ્તારથી વર્ણવવાની જરૂર લાગતી નથી. અદાલત આધીન થઈ મુકદ્દમો હાઇકોર્ટમાં ગયો. હાઇકોર્ટના ન્યાયાધીશ બહાદુરે ગુલામકાદરને એક મહિનો એક ખાસ ડૉક્ટરને ત્યાં નજરકેદ રાખવાનો હુકમ આપ્યો. એક મહિના પછી ડૉક્ટરનો રિપોર્ટ આવ્યો: 'ગુલામકાદર એકદમ સ્વસ્થ માનવી જેવો પૂરેપૂરો સ્વસ્થ માનવી છે. ગાંડપણનું રજમાત્ર નિશાન એનામાં નથી.' ત્યાર બાદ ફરીથી એનો ન્યાય તોળાયો. ગુલામકાદરે એના વકીલની સલાહને સાફ ભાષામાં જણાવી દીધું કે 'મેં ખૂન કર્યું છે, અને એ માટે મને જ માત્ર દિલગીરી કે દુઃખ નથી. જો હજુ પણ ફરી ક્યારે ય એ મને મળે તો આ જ રીતે હું તેનું ખૂન કરૂં—કરીશ.'

ને હાઇકોર્ટને નિરૂપાય થઈ એને ફાંસીની સજા આપવી પડી.

હું આખર સુધી અદાલતમાં હાજર રહ્યો હતો. ગુલામકાદરના જીવન-નાટક પર ઇન્સાફનો આ આખરી પડદો પડ્યો, ને હું એક ઊંડો નિશ્વાસ મૂકી બહાર નીકળ્યો. ફેંસલામાં એને મુક્તિ મળશે એવું મેં માન્યું જ નહોતું; છતાં યે એને મળેલા ચુકાદાથી વિના કારણે મારૂં મન ખૂબ જ ખરાબ થઈ ગયું. હૃદયને છાને ખૂણે, વારંવાર આ સંશય ઊઠવા લાગ્યો કે આ ન્યાયમાં સાચો ન્યાય નથી થયો, ક્યાંક જાણે એક બહુ જરૂરી સાબિતી બાકી રહી જતી હતી......

હું આ બધું વિચારતો હતો, ત્યાં પોલીસો આરોપીને લઇ બહાર નીકળ્યા. મેં ગુલામકાદર તરફ જોયું કે તુરત એણે ઈશારો કરી મને પાસે બોલાવ્યો. હું એની પાસે ગયો, ને એ ગળું ખંખારી બોલ્યો: 'બાબુજી, તમે મારા મુકદ્દમામાં શરૂથી આખર સુધી હાજર રહ્યા છો એ મેં જોયું છે. હવે હું તો મોટી સફરે ઊપડી જવાનો. પણ મારી છેવટની એક આરઝૂ છે જેલમાં એકવાર મને મળવા આવજો. મારે કંઇક કહેવાનું છે.'

'નક્કી આવીશ.' મેં જવાબ આપ્યો.

ને હાથકડીએ બંધાએલા બે હાથ ઊંચા કરી મને સલામ કરી એ જેલની કાળી બસમાં બેઠો અને બસ ઊપડી ગઇ.

એ પછી કઈ રીતે એને મળવા માટે રજા મેળવીને હું એને જેલમાં મળ્યો એ વાત અહીં જરૂરી નથી. ફક્ત, દુનિયાના ઉતાર જેવા

હલકટ ગુનેગારોની વચ્ચે બેઠાંબેઠાં મોતના બે દિવસ અગાઉ એણે જે વાત મને કહેલી તેનો અનુવાદ જ અહીં આપી દઉં છું.

ગુલામકાદરે શરૂઆત કરી:

‘**બાબુ**જી, મારી આ વાત તમે ખરી માનો યા ખોટી, પરંતુ હું પાગલ નથી એટલું તો તમે સ્વીકારો જ છો એમ હું માની લઉં છું. ખરૂં કહું તો મારી આ વાત મારે માટે પણ એક અદ્ભુત વસ્તુ છે. પુસ્તકો મેં વાંચ્યાં નથી જિંદગી આખી માંસ વેચવામાં જ વીતાવી છે. જોડીજોડીને વાત કહેતાં મને આવડતી નથી, ને એટલી મારી તાકાત પણ નથી. એટલે આજે જે કાંઇ કહીશ એ મેં જે નજરોનજર જોયું છે ને અનુભવ્યું છે એમાંથી જ હશે. છતાં આ બધી વાત મારા આ ગુલામકાદરના જીવનમાં નથી બની એ પણ નક્કી છે. હું અભણ માણસ તમને આ બધું કઈ રીતે સમજાવું એની મને ગમ નથી, છતાં એટલું કહી શકું કે આ વાત આજની નથી, યુગયુગો જૂની છે.

હવે માંડીને વાત કહું. પંદર-સોળ વર્ષ પહેલાં મારી પત્ની એક પુત્રીને જન્મ આપતાં સુવાવડમાં જ મૃત્યુ પામી. પુત્રી પણ મૃત્યુ પામી. શા માટે, કેમ કરીને એ તો ખબર નથી; પણ ત્યારથી જ મારા મનમાં એક માન્યતા ઘર કરી ગઈ કે કો’ક દુશ્મને મારી પત્ની અને પુત્રીની નિષ્ઠુરતાપૂર્વક હત્યા કરી છે અને શોકને બદલે ક્રોધ અને બદલો લેવાની વેર-વૃત્તિ મારા અંતરમાં ભભૂકી ઊઠી. મનમાં સદૈવ થયા કરતું કે જો કદિયે એ અજાણ દુશ્મનનો ભેટો થઈ જાય તો એના શરીરના કટકેકટકા કરી એનો બદલો લઉં.

થોડાક દિવસ આમ વીત્યા બાદ હું સમજી શક્યો કે એ મારી ભ્રાન્તિ હતી. સત્ય ઉપર એનું જરા જેટલું યે મંડાણ નહોતું. ને પછી તો જેમજેમ દિવસો જવા લાગ્યા તેમતેમ મારો શોક અને ક્રોધ વિસરાવા માંડ્યા છતાં ફરી લગ્ન તો ન જ કરી શક્યો. ને કદાચ મારૂં જીવન એમ જ સહજપણે વહી પણ જાત, જો એક અશુભ પળે પેલો માણસ મારી દુકાને ન આવ્યો હોત તો.

સાંભળ્યું છે કે માણસ પાણીમાં ડૂબતાં એના ગત જીવનની બધી યે ઘટના છાયાચિત્રની જેમ એની આંખનાં પોપચાં ઉપર જોઇ શકે છે. આ માણસને જોતાં જ મને પણ એવી અસર થઇ. એક જ પળમાં હું ઓળખી ગયો કે એ તે જ હૃદયવિહોણો રાક્ષસ છે જેણે મારી પત્ની, પુત્રી તથા વૃદ્ધ પિતાને ઘાતકી રીતે હણ્યાં હતાં. એ બધાં યે દશ્યો મારી નજર સમક્ષ ચિત્રવત્ તરવરી ઊઠ્યાં. ડૂબું ડૂબું થઇ રહેલા એ જહાજ ઉપરથી મરણોન્મુખ અસહાય યાત્રિકોનો એ હાહાકાર મારે કાને પડવા લાગ્યો. વાસ્કો-ડા-ગામાનું એ ક્રૂર હાસ્ય હું જાણે ફરીથી જોતો હતો.


આપણા જજ સાહેબો ખૂનનું કારણ શોધતા હતા, પણ તમે જ કહો કે આવી હાલતમાં મારે એમને કહેવું પણ શું? અને મેં કહ્યું હોત તો એને સમજી પણ કોણ શકત?

તમે કદાચ સમજી શકશો,–તમારા ચહેરા પરથી અને આંખો પરથી હું એટલું નક્કી જાણી શક્યો છું એથી જ તમને આટલી તકલિફ આપી છે આનો ખાસ કંઇ જ અર્થ નથી તે હું જાણું છું, છતાં આથી મારો હૃદય-ભાર જરા હળવો બનશે આ સિવાય મારો બીજો કંઈ જ સ્વાર્થ નથી.

આ મારા કસાઈજીવનનો ઇતિહાસ અહીં જ પૂરો કરૂં છું. હવે જેની વાત કહું છું એનું નામ છે મિરઝા દાઉદ બિન ગુલામસિદ્દીકી. હું જ એ મિરઝા દાઉદ છું એ વાત હમણાં ભૂલી જજો. માનજો કે આ કોઈ બીજાની જ વાત છે.

**ક**લિકટનું નામ તો તમે સાંભળ્યું જ હશે. એ મલબાર કિનારા પરનું એક નાનું એવું પણ અતિ સોહામણું, રત્નકણિકા જેવું એક નગર છે. પ્રભાતના છડીદાર કુકડાની પહેલી બાંગ જેટલે દૂર સુધી સંભળાય એટલી એની સીમા છે. નગરની પાછળ નાના નાના પર્વતો, કાંકરિયાળાં સપાટ મેદાનો, અને એની પાછળ વાદળ સાથે વાતો કરતો પશ્ચિમઘાટ સહ્યાદ્રિ એ પ્રદેશને આખી દુનિયાથી જાણે જુદો પાડીને ઘેરી વળ્યો છે. સામેના અફાટ સમુદ્ર સિવાય કલિકટમાં પ્રવેશવાનો કે ત્યાંથી બહાર નીકળવાનો બીજો કોઇ માર્ગ જ નથી. આ સમુદ્રમાર્ગે અગણિત વ્યાપારી જહાજો કલિકટ બંદરમાં પ્રવેશતાં ને ફરી સઢ ચડાવી એ જ દરિયાઇ માર્ગે અદૃશ્ય થઇ જતાં. કલિકટ જાણે સારી જહાં–વિશ્વસમગ્રનાં વ્યાપારીઓનું મુસાફરખાનું હતું.

પાંડુવર્ણા ચીનાઓ, તાંબાવર્ણા બંગાળીઓ, રક્તવર્ણા પારસિક (ઇરાનીઓ) અને કૃષ્ણવર્ણા મૂર—સૌ કલિકટના માર્ગો ઉપર સમાન હક્ક અને ગર્વપૂર્વક પગ પછાડતા ચાલતા. કોઈ કોઇની કરતાં ઓછા-અધિકા નહોતા. ચીનથી લાખ અને ફટાકડા, બ્રહ્મદેશથી હાથીના દાંત, મલાયાથી ચંદન, બંગાળથી ઝીણું ને મુલાયમ રેશમ, મલમલ ને વ્યાઘ્રચર્મ; ચમ્પા અને મગધથી ચામર, કસ્તુરી, ચારૂ કેશરનાં ફૂલ-બીજ, દક્ષિણમાંથી અગુરૂ, કર્પૂર, તજ ને લંકાથી મણિ-મુક્તા આવતાં. કલિકટમાં આ બધી વસ્તુઓના ગંજેગંજ ખડકાતા. પશ્ચિમમાંથી તુર્ક, ઇરાની, આરબ અને મૂર સોદાગરો એમનું સુવર્ણ વટાવી આ બધી ચીજો જહાજમાં ભરી, કોઈ ઇરાની ઉપસાગરમાં થઇ યુફ્રેટિસ નદીના મૂળ તરફ જતા, તો કોઇ રાતા સમુદ્રના ઉત્તર ભાગમાં નાઇલ નદી તરફ જતા, અને ત્યાંથી અહીંની વસ્તુઓ સમગ્ર પશ્ચિમ પ્રદેશમાં પહોંચી જતી. કલિકટનો રાજા ‘સામરી’ વ્યાપારી જહાજો પાસેથી વેરો વસુલ લઈ રાજ્યનો ખર્ચ વહન કરતો રાજ-કોષ સદાયે સુવર્ણ મણિ-મુક્તાએ ભર્યો રહેતો. રાજ્યમાં ક્યાંય દુઃખ-દારિદ્રય કે અશાંતિ અસંતોષ નહોતાં. રંકથી રાય સુધી બધા જ સુખી હતા.



કલીકટ બંદરનું ઈ. ૧૫૭૪ની આસપાસના સમયનું દશ્ય (એક પ્રાચીન ચિત્ર ઉપરથી)

મિરઝા દાઉદ આ કલિકટનો જ

એક ખાનદાન વ્યાપારી છે. એની પાસે એકવીસ વ્યાપારી જહાજ છે, પીળી નદી 'હોંગહો'થી માંડી મિસરની નાઇલ નદીના મૂળ સુધી એની આવજા છે. જ્યારે આ બધાં જહાજો એના સુંદર શ્વેત શઢ ચડાવી એક પછી એક દરિયાઇ સફરે સરતાં, ત્યારે નીલા આસ્માનમાં પાંખો ફફડાવતું કો' રાજહંસોનું ટોળું ઊડી રહ્યું હોય એવું લાગતું.

મિરઝા દાઉદ જાતે મૂર છે. કલિકટમાં મૂર ઢબથી બંધાએલો એનો એક મોટો સફેદ પત્થરનો મહેલ છે. દૂર-સુદૂર મોરોક્કોમાં એના વૃદ્ધ પિતા હજુયે હયાત છે. પરંતુ મિરઝા દાઉદે કલિકટને જ પોતાનું માદરે વતન માન્યું છે. ઘણા પરદેશી સોદાગરો એમ જ કરે છે. મિરઝા ધર્મે મુસલમાન હોવા છતાં એકપત્નીવ્રતી છે. હમણાં ચોત્રીસ વર્ષની વયે એને ત્યાં સર્વ પ્રથમ એક બાળક—એક પુત્રીનો જન્મ થયો છે. પુત્રીના જન્મદિને એણે એક હજાર તોલા સુવર્ણનું દાન કર્યું છે. ઉપરાંત અઠવાડિયા સુધી એને ઘેર ઉત્સવનું વાતાવરણ રહ્યું હતું. ગામ આખામાં એની વાહવાહ થઇ ગઈ છે.

હકીકતમાં મિરઝા દાઉદ જેવી સર્વજનપ્રિય અતિ સન્માનિત વ્યક્તિ નગરમાં બીજી કોઈ નથી ઊંચ-નીચ, ગરીબ-ધનિક બધા જ એના તરફ સ્નેહ ને સન્માનની નજરે જુએ છે. ખુદ રાજા સામરી એને પોતાના થોડાક ખાસ મિત્રોમાંનો એક ગણે છે. બીજી બાજુ એનો વ્યાપાર પણ દિવસો દિવસ વધતો જ જાય છે. માનવી દુનિયામાં જે કાંઇ મેળવીને સુખી થઈ શકે તે બધું જ તેની પાસે મોજૂદ છે.

ઉનાળાની એક સાંજે પશ્ચિમ દિશાને લાલ સુરંગી કરતો સૂર્ય અસ્ત પામે છે. જેટલે દૂર દૃષ્ટિ પહોંચી શકે છે તેટલે દૂર સુધી સમુદ્રનું પાણી લાલલાલ બની ઘૂઘવતું ગાજી રહ્યું છે. દૂર લક્ષદ્વીપમાંથી સુગંધ વહેતો સ્નિગ્ધ પવન વાવો શરૂ થયો છે. આકાશ વાદળવિહીન સ્વચ્છ છે.

દિવસ આખાની ગરમી પછી નગરનાં નરનારીઓ સાંજનો શીળો શીતળ સમીર આસ્વાદવા અત્યારે દરિયાકિનારા ઉપર ઊભરાયાં છે. ઘાટ ખૂબ આઘે સુધી ફેલાએલો અર્ધ ચંદ્રાકારે—મોટા મોટા ચતુષ્કોણ પત્થરો વડે બંધાએલો છે. એના ઉપર જહાજને નાંગરવા માટે લોઢાનાં નાનાંમોટાં અનેક કડાં છે. ભરતી વખતે દરિયાનું પાણી ઘાટના એકદમ ઉપલા ભાગ સુધી પહોંચી જાય છે, અને ઓટ વખતે ભીની રેતીને વચ્ચે મૂકી દૂર ચાલ્યું જાય છે. આ ઘાટ જ નગરનું કામકાજનું મુખ્ય સ્થળ છે. ખરીદ-વેચાણ, ભાવ-તાલ, આનંદ-વિનોદ બધું જ અહીં થાય છે; ને એથી બધો વખત માણસોની ઠઠ્ઠ અહીં જામેલી જ રહે છે.

તે વખતે ઘાટ ઉપર એક પણ નવું આવેલું યા બહાર જનારૂં વ્યાપારી જહાજ નહોતું. કામકાજ જરા ઠંડાં હતાં. નગરજનો વિવિધ વિચિત્ર વેશ પરિધાન કરી કોઈ સહકુટુંબ, કોઈ પતિ-પત્ની બે જ જણાં, તો કોઇ એકલાએકલા જ આંટા મારતા હતા. કોઇ મોટે સાદે ગીત ગાતું હતું ચંચળબુદ્ધિ કિશોરો દોડતાં કુદતાં રમતા હતા; તો કેટલાક વળી ઘાટ ઉપરથી કુદકા મારી દરિયામાં તરતા હતા.

એક ચીનો જાદુગર વિવિધ પ્રકારના અનેક ખેલ બતાવતો હતો. જનતા અવારનવાર ખડખડાટ હસી પડતી હતી. જાદુગરે હવે એક જાડા એવા સિંહાલીને પકડી એના કાન તરફ નજર કરી કહ્યું, 'તમારા માથામાં ૨૫૬ કાંકરીઓ છે, કહો તો હમણાં જ કાઢી બતાવું!' અને ટોળે વળેલા લોકો તુરત જ આનંદમાં આવી જઈ બૂમ પાડી ઊઠ્યા કે 'કાઢી બતાવો! કાઢી બતાવો!' પછી જાદુગરે નાનો એવો એક ચીપિયો લઈ તેના કાનમાંથી સોપારી સોપારી જેવા અસંખ્ય પત્થર ઝપાટાબંધ બહાર કાઢી જમીન પર ઢગલો કર્યો! પ્રૌઢ સિંહાલી આશ્ચર્યચકિત થઈ આંખો ફાડીને એ જોઇ જ રહ્યો! ટોળાંનાં હાસ્યે વાતાવરણ ગુંજી ઊઠ્યું. કોઇકે તો પરિહાસ કરતાં પેલા સિંહાલીને કહ્યું પણ ખરૂં કે 'શેઠ, તમારૂં માથું આટલું બધું સખત હશે એની તો મને ખબર જ નહોતી.'

ધીરે ધીરે સૂર્યાસ્ત થયો. સમુદ્રના શરીરે સીસાનો રંગ પકડ્યો. દિગંતરેખામાં જે સ્થળે સૂર્ય અસ્ત પામ્યો હતો તેને કેન્દ્ર કરીને સંધ્યાની લાલ છાયા ધીરેધીરે સંકુચિત બનતી ગઈ.

એ જ સમયે, દૂર-આઘે, સમદરની છાતી ઉપર, એ લાલ-છાયાની સામે ત્રણ કાળી છાયા દેખાઈ. સૌએ જોયું તો ત્રણ જહાજ બંદરનાં પાણીમાં પ્રવેશી રહ્યાં હતાં.

અને ત્યારે એ જહાજ ક્યાંથી આવે છે, કોનાં છે વગેરેની ચર્ચા ઘાટ ઉપરના લોકોમાં ચાલવા લાગી. કોઇએ કહ્યું કે એ જહાજ અરબસ્તાન તરફનાં લાગે છે, તો કોઇએ કહ્યું કે ચીન તરફનાં જણાય છે. પણ અંધારૂં વધતું હોવાથી એ જહાજ ક્યાંનાં હતાં એ નક્કી ન કરી શકાયું.

મિરઝા દાઉદ એ સમયે ઘાટ ઉપર હતો. એ ઘણીવાર સુધી એકી ટશે પેલાં ત્રણ જહાજ તરફ જોઈ રહ્યો. ધીરેધીરે એના ચહેરા પર ઉદ્વેગનાં ચિહ્નો દેખા દેવા લાગ્યાં એ તુટક સાદે બોલ્યો, 'પોર્ટુગીઝ જહાજ! પણ ફિરંગી આવ્યા કયે રસ્તે?'

ત્યાર બાદ, આકાશમાંથી દિવસનો પ્રકાશ દૂર થતાંની સાથોસાથ, ભાંગલાં તુટલાં ને જીર્ણ બનેલા એ ત્રણ નાનાં જહાજ કલિકટના બારામાં આવી નાંગર્યા.

બીજે દિવસે સવારે સૂર્યોદય થતાં વેંત મિરઝા દાઉદ બંદર પર આવી ઊભો. એણે જોયું તો થોડાક પરદેશીઓને ઘેરીને એક મોટું ટોળું ત્યાં ઊભું છે. ફિરંગીઓ અજાણી ભાષામાં કંઇક બોલે છે પણ કોઇ એ સમજતું નથી, ને તેથી તેના જવાબમાં દેશી ભાષામાં સામા પ્રશ્ન કરે છે. મિરઝા દાઉદને આવતો જોઈ ટોળાએ તેને માર્ગ કરી આપ્યો ને મિરઝા પરદેશીઓની સામે આવીને ઊભો.

આગંતુકમાંથી એક જણે કહ્યું, 'અહીં પોર્ટુગીઝ ભાષા જાણતું હોય એવું કોઇ નથી શું? અમારે જામોરિનને મળવું છે, એ માટે અમે દુભાષિયાની તલાશમાં છીએ.'

મિરઝા દાઉદે જોયું કે આ બોલનાર હતો એક લાંબો, ઊંચો ને કદાવરદેહી પુરુષ. તપ્ત સુવર્ણ જેવો વર્ણ, લાંબા સોનેરી વાળ અને ઝીણાં અણિયાળાં દાઢી-મૂછ વાળું મોં. શરીરના ઉપરના ભાગમાં અતિ મૂલ્યવાન મખમલનું જરિયાની અંગરખું હતું, કમરથી ગોઠણ સુધી મખમલનો જ જાંગિયો હતો ને ગોઠણથી નીચેનો ભાગ ચામડાના આવરણે ઢંકાએલો હતો. માથે ટોપી ઉપર આડું ખોસેલું એક પીછું હતું. એની સાથે બીજા પાંચ-છ જણ હતા તે પણ લગભગ એના જેવા જ વેશધારી હતા. સૌના કમરબંધમાં તલવાર ઝૂલતી હતી.

મિરઝા દાઉદે એ મુખ્ય જણાતા પુરુષને પગથી માથા સુધી નિહાળી ગંભીર સાદે કહ્યું, 'હું પોર્ટુગીઝ સમજી શકું છું.'

આગંતુક થોડી વાર સુધી એકીટશે મિરઝા દાઉદ તરફ જોઈ રહ્યો. એનું મોં શામળું પડી ગયું. એ ધીરેધીરે બોલ્યો, 'તમે મૂર લાગો છો!'

આ ત્રણ શબ્દોમાં જે સુતીક્ષ્ણ ઘૃણા છુપાએલી હતી, તેણે મિરઝા દાઉદને વીંધ્યો. એણે પણ મનમાંનો તિરસ્કાર છુપાવ્યા વિના સાફ કહ્યું, 'હા, હું મૂર છું. ને તમે પોર્ટુગીઝ—જળચાંચિયા લાગો છો. હું જોકે તમને ઓળખતો નથી, છતાં ફિરંગીઓ પ્રત્યે મને સદ્ભાવ નથી.'

હવે એક બીજો ફિરંગી-પોર્ટુગીઝ આગળ આવ્યો. એ ઉંમરે નાનો દેખાતો હતો. ઉદ્ધતાઇપૂર્વક એ બોલ્યો, 'મૂર કૂતરાંઓ સાથે અમે કદી સદ્ભાવ રાખતા નથી. મૂરોનું ઉચ્છેદન કરવું એ જ અમારો ધર્મ છે.'

પલકવારમાં તો મિરઝા દાઉદની કમરેથી છરી બહાર આવી, ને



વાસ્કો-ડા-ગામા

સ્વભાવ છે. આ રાજ્યમાં કજિયો કે દ્વેષ નથી. હિન્દુ, બૌદ્ધ, મુસલમાન. હિબ્રુ વગેરે સૌ વિના વેરઝેર શાન્તિપૂર્વક વ્યાપારઉદ્યોગ કરે છે. સાચું બોલો કે શા ઉદ્દેશે તમે અહીં હિન્દમાં પ્રવેશ્યા છો ?'

ફિરંગીના મોં પરથી લોહી ઊડી ગયું. એનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો. માત્ર એની આંખો સળગતા અંગારાની જેમ નિષ્ફળ ક્રોધ અને દ્વેષ જાહેર કરવા લાગી. પણ બીજી જ પળે પોતાને કાબૂમાં લઈ ગળામાં ઝૂલતા સુવર્ણ ક્રૉસને સ્પર્શીને એ બોલ્યો. 'ઈશુના આ પવિત્ર ક્રૉસને સ્પર્શીને સત્ય બોલું છું કે સૌની સાથે સદ્ભાવ રાખી વ્યાપાર કરવા સિવાય અહીં આવવામાં અમારો બીજો કંઈ જ હેતુ નથી.'

પળવાર માટે કંઈ પણ બોલ્યા વિના એના મોં તરફ જોઈ રહ્યા બાદ મિરઝા દાઉદ બોલ્યો, 'તમારી વાતને ખરી માનું છું. ચાલો, સામરીને રાજમહેલે તમને લઇ જાઉં.'

ને પરદેશીઓ મિરઝા દાઉદનું અનુસરણ કરતા રાજમહેલ તરફ ચાલ્યા. પેડ્રોનું બેભાન શરીર ઘાટના પથરો પર મૃતવત્ પડ્યું રહ્યું.

**રાજમહેલમાં** હાજર થઇ સામરીની સન્મુખ ઘૂંટણીએ પડી એના જભ્ભાને ચૂમી પોર્ટુગીઝ વ્યાપારીઓનો અગ્રણી બોલ્યો, 'મહારાજા. મારૂં નામ વાસ્કો-ડા-ગામા. હું પોર્ટુગલનો રાજદૂત છું. આપની પાસે કલિકટમાં વ્યાપાર કરવાની અનુમતિ માગવા આવ્યો છું.' આટલું કહી એણે પોર્ટુગલ રાજ તરફથી મોકલવામાં આવેલ ભેટ રાજા સામરી સામે રજૂ કરવાનો સંકેત પોતાના સાથીઓને કર્યો.

એની બંને આંખો સળગી ઊઠી. પણ બીજી જ પળે પેલી મુખ્ય વ્યક્તિએ હાથ ઊંચો કરી એને શાન્ત પાડચો અને નમ્ર અવાજે એ બોલ્યો; 'મહાશય, મારા આ ઉતાવળિયા યુવાન સાથીને માફ કરો. તમે મૂર છો અને અમે પોર્ટુગીઝ છીએ તે ખરૂં, પણ અહીં આપણે બધા જ વ્યાપારી છીએ, ચાંચિયા નથી. બીજે ભલે ગમે તેમ થતું, પણ અહીં તમારી સાથે અમારે કંઇ જ તકરાર નથી. ઊલટું, તમારો સદ્ભાવ મળ્યે જ અમે કૃતાર્થ થઈ શકીશું.'

ને પછી પોતાના સાથી તરફ ફરીને એ બોલ્યો, 'પેડ્રો, ફરી કદી જો આવા શબ્દો તારા મોંમાંથી નીકળશે તો ચક્કરમાં નાખી તારા હાડેહાડની કચુંબર કરી શિકારી કૂતરાને ખવડાવી દઇશ.'

ભયથી પેડ્રોનું મોં પીળું પડી ગયું, છતાંયે ધ્રૂજતાં ધ્રૂજતાં વિદ્રોહાત્મક સ્વરે એ બોલ્યો, 'સાચી વાત કહેતાં હું ડરતો નથી. મૂર અમારે માટે ઘૃણાપાત્ર છે, ને તમે પોતે પણ મૂરને.......'

આથી આગળ એ કંઇ પણ બોલે એ પહેલાં જ પહેલી વ્યક્તિએ એનું મોં દાબી દીધું. પ્રથમ વ્યક્તિની વજ્રમુઠ્ઠીમાં થોડીવાર સુધી નીરવપણે એની શ્વાસનળી દબાએલી રહ્યા પછી તેણે એને મૂકી દીધો કે પેડ્રો બેભાન બની ધરતી પર ઢળી પડચો. એના તરફ વધુ ધ્યાન ન આપતાં અગ્રણીએ મિરઝા દાઉદ તરફ ફરી જરા હસીને કહ્યું, 'મિથ્યાવાદીને દંડ આપવો એ ધર્મીની ફરજ છે. હવે જરા મહેરબાની કરી મારી સાથે ઝામોરિનને ત્યાં આવી અમારૂં નિવેદન એમને સમજાવી આપશો તો તમારો સદાનો આભારી રહીશ.' આટલું કહી માથેથી ટોપી ઊતારી જમીન સુધી નીચે લળી એણે પ્રણામ કર્યાં. પ્રેક્ષકો જેઓ પોર્ટુગીઝ ભાષા સમજતા નહોતા, તેઓ અવાક થઈ આ ન સમજાતું નાટક જોઇ રહ્યા.

આગંતુકના મીઠા શબ્દોથી મિરઝા દાઉદ ભોળવાયો નહિ, એ અક્કડ બનીને ઊભો રહ્યો. થોડી વાર પછી ધીરેધીરે એ બોલ્યો, 'ફિરંગી ! તમે બહુ ધૂર્ત લોકો છો. સામરીના રાજ્યમાં શા માટે આવ્યા છો, સાચું કહો !'

'વ્યાપાર અર્થે.'

'કિરસ્તાન, હું તમને ઓળખું છું. કજિયોકંકાસ એ તમારો ધંધો છે, લોભ તમારો ધર્મ છે અને બીજાનું સારૂં જોઇ ન શકવું એ તમારો

મોઢે ભલે ગમે તે કહ્યું હોય, પણ મિરઝા દાઉદના મનમાંથી શંકા અને અવિશ્વાસ દૂર નહોતાં થયાં. ફિરંગીઓને એ પહેલેથી જ ઓળખતો હતો. એકેએક મૂર બચ્ચો ફિરંગીઓને ઓળખે છે. માદરે વતનમાં અનેક સંઘર્ષણો દ્વારા આ પિછાન તેઓ પામ્યા હતા. તેઓ જાણતા કે ફિરંગીઓ અતિશય લક્ષ્મીલાલચુ ને કામપિપાસુ હોય છે. એ લોકોની જનમભોમ ફળદ્રુપ ન હોઇને અનાજ વગેરે માટે તેઓને શારીરિક અને માનસિક કઠોર પરિશ્રમ કરી જીવન જીવવું પડે છે એ ખરૂં, અને એથી જ તેઓ વધુ પડતા ધનિક મુસલમાનો તરફ અત્યંત ઇર્ષ્યાભાવે જુએ છે. બીજાની ઉન્નતિ એ લોકોની આંખમાં શૂળની જેમ ભોંકાય છે. ક્યાંયે એક વાર ધન-રત્ન ને ઐશ્વર્યનો પત્તો લાગ્યો કે તુરત આ લોકોની લાલસા અને ભૂખ એટલી પ્રબળ ને અમર્યાદ બની ઊઠે છે કે કોઈ પણ રીતે ત્યાં પ્રવેશ મેળવી, એક વાર સારીરીતે પોતાનો પગ જમાવીને પછી શત્રુ-મિત્રનો જરાયે ભેદ રાખ્યા વિના સૌની ઉપર તેઓ પોતાનું ઉદ્ધત બાહુબળ ને અહંકાર જમાવવામાં અને જુલ્મ કરવામાં કંઈ બાકી નથી રાખતા. એ લોકો ગજબના કજિયાખોર અને યુદ્ધનિપુણ હોય છે. એવું કોઈ પણ કામ નથી જે તેઓ પોતાના સ્વાર્થ માટે ન કરી શકે. અને જાતિનો સ્વાર્થ વધારવા તેઓ પ્રાણ સુદ્ધાં દેતાં રજમાત્ર અચકાતા નથી.

પોર્ટુગલથી દરિયાઈ માર્ગે આફ્રિકાને પ્રદક્ષિણા ફરી ભારતવર્ષમાં આજ સુધી કોઈ નહોતું આવ્યું. વાસ્કો-ડા-ગામાએ એ માર્ગ યુરોપિયનો માટે ખુલ્લો કરી એક મોટી નવી સંભાવના અને સાથે જ એક મોટી દુર્ભાવના પણ ઊભી કરી હતી. જોકે અત્યારે એનો હેતુ બરાબર કળી શકાતો ન હતો, છતાં ઉદ્ધત અને કટુભાષી પેડ્રોનું ગળું દાબી એણે જે એક રહસ્યમય વાત દાબી દીધી હતી તે સમજતાં મિરઝાને વાર ન લાગી. શંકા ને સંશયના મેઘે એનું મન ઘેરાએલું હતું.

પોર્ટુગીઝો કલિકટમાં રહેવા લાગ્યા. દિવસો દિવસ નવીનવી વસ્તુઓથી એમનાં જહાજ ભરાવા લાગ્યાં. સાવ ધૂળ જેવી વસ્તુઓ પણ તેઓ ચારચાર ગણા ભાવ આપી ખરીદવા લાગ્યા. અણસમજુ વ્યાપારીઓ આથી ભલે ગમે તેટલા હરખાય, પણ મિરઝા દાઉદ જેવા દીર્ઘદૃષ્ટિ અનુભવી શ્રેષ્ઠીઓના મનમાં એટલો જ સંદેહ વધવા માંડચો.

(અનુસંધાન આગળ પાન ૫૫મે)

આપણા એક પડોશી પ્રદેશની પ્રાચીન સાંસ્કૃતિક સમૃદ્ધિનો પરિચય આપતી લેખમાળા



# કચ્છનાં કીર્તિમંદિરો

લેખક
શ્રી રામસિંહજી રાઠોડ

## ૪–અંજાર

જેશર-તુરી (જેસળ-તોરલ)ની અદ્‌ભુત કથા તો લોકપ્રિય છે. શાક્ત સંપ્રદાયમાં એ ઘટનાનું માહાત્મ્ય અનેરું છે. ધણી બાવા નકલંકની જ્યોતનો જ્યાંજ્યાં મહિમા છે ત્યાંત્યાં, તેના પુનિત પ્રકાશમાં, હૃદયના ભાવને હલાવી નાખતું જેશર-તુરીનું જાજરમાન ભજન અવશ્ય ગવાવાનું. એ ભવ્ય કથામાં અંજાર મહત્ત્વનું કેન્દ્ર બની રહે છે અને અંજારમાં એમણે સમાધિ લીધી હોવાથી જેશર-તોરી અંજારને તીર્થધામની મહત્તા આપે છે.

પણ આ મહત્તાનો ખરો માલેક તો અજેપાળ છે. ‘અંજાર ગામ ને અજેપાળ ધણી’ એ કહેતી અંજારીઆઓમાં આજે પણ એટલી જ પ્રચલિત છે. અંજારના સંસ્થાપક એ અજેપાળની વાતથી પરિચિત થઇ જેશરતુરીની કથા જાણીએ અને પછી, બ્રિટિશ અને કચ્છ સંબંધના રાજકારણમાં એક મહત્ત્વના અંકોડા તરીકે અંજારે જે ભાગ ભજવ્યો છે તેના વીર નાયક કૅપ્ટન જૅમ્સ મૅકમર્ડોનાં જીવનસાહસોથી પરિચિત થઇએ, એટલે અંજારની[1] આખી યે કીર્તિગાથાનો લબ્ધ એવો સિલસિલાબંધ ઇતિહાસ તેમાંથી ડોકાઇ રહે છે.

અંજારમાં અંબાજીના મંદિરના પ્રવેશદ્વાર ઉપરનું શિલ્પ, જેમાં શિવસ્વરૂપનાં પ્રવૃત્ત તથા નિવૃત્ત વિશિષ્ટરૂપો કુશળતાથી કૃતારેલાં છે. (સ્કેચ:રામસિંહજી)

એ મૅકમર્ડોના બંગલામાં ત્રણ મહિના સુધી રહેતાં મૅકમર્ડોના ભૂતની તો મેં કેટલી યે બિહામણી વાતો સાંભળી છે, પણ મને તેનું સ્વપ્નું યે કદી નથી આવ્યું. ઉલટું કર્તવ્યનિષ્ઠ મૅકમર્ડો તો કોઇનું પણ પ્રેરણાપાત્ર બની રહે એવી એની જીવનઝરમરથી એ નિમિત્તે હું વાકેફ થયો. આટલું છતાં યે આપણે જે સ્થળે રહેતા હોઈએ ત્યાંનું જે મમત્વ લાગે તેવું કંઈ નહિ લાગતાં હજુ યે હું અંજારમાં રહું છું એથી વિશેષ એનું મહત્ત્વ મારી નજરે મારે મન ઠસતું નથી. ભૂતકાળ જેનો ભવ્ય લાગે તેની વર્તમાન પરિસ્થિતિ એવો જ પ્રતિકાર કરાવે છે.


કચ્છના વચ્ચેના ભાગમાં જે ટ્રેપ (લાવારસથી બનેલો) પ્રદેશ પ્રસરેલો છે તેના પૂર્વ છેડે અંજાર આવેલું છે. એટલે સહેજે ટ્રેપની ખીણમાં મળતા બધા લાભો–મીઠું પાણી, ફળદ્રુપ જમીન, મનોહર સૃષ્ટિસૌંદર્ય વગેરેનો ઉપભોગ, ભૂસ્તરના અન્ય પડોમાં અટવાએલું છતાં અંજાર કરી શકે છે. વળી દરિયાકિનારાથી પણ એ બહુ દૂર ન ગણાય. એટલે તુણા, ખારી રોહર અને કંડલાનાં બંદરોના સામાન્ય મધ્યવર્તી મથક તરીકે અંજાર વાગડના વેપારીનું મુખ્ય કેન્દ્ર બની રહે છે.

કચ્છ પંથકમાં જેમની નામના ચાલી રહી છે એ અજપાળ અંજારની આ પરિસ્થિતિના આદ્ય પારખુ હતા. અજમેર પર હલ્લો કરવા માટે ખલીફનું લશ્કર તરી માર્ગે કચ્છના બંદરેથી ઊતરવાનું છે એ સંદેશ દૂત દ્વારા અજપાળને મળ્યો. દરિયાકિનારે જ તેનો સામનો કરવા તેઓ આ સ્થળે આવી લાગ્યા અને પછી નિર્ભય સ્થાન તરીકે અહીં જ સૈન્યસામંતો સહ પડાવ નાખી દરિયાની ચોકી કરતા રહ્યા. અહીં જોગીઓની જમાતની તેમને સારી મદદ મળી, અને છેવટે અજપાળ પોતે પણ જોગી થયા. તપ કરી નંદીશ્વર ભગવાન શંકરની તેમણે આરાધના કરી. પ્રભાવબળે અજપાળ પોતે સંત તરીકે પણ પૂજાવા લાગ્યા. અહીં યવનો સાથેના ઘોર સંગ્રામમાં એ વિ. સં. ૭૪૧ (ઈ.સ. ૬૮૫)માં કામ આવ્યા, અને યાવની ધર્મનો પ્રચ ર અટકાવવા માટે વીર મૃત્યુને વરેલા અજપાળ પીર તરીકે પૂજાર્હ મનાયા.

અજપાળ પાલી શાખાના ચૌહાણ હતા. પુષ્કરતીર્થ એ એમની જન્મભૂમિ. નાનપણમાં એમણે અજ (બકરાં) પાળેલાં તેથી અજપાળ તરીકે ઓળખાયા  તેઓ રોજ એક સંન્યાસીને બકરાંનું દૂધ પાતા. આથી સંન્યાસીએ પ્રસન્ન થઈ તેમને વર આપ્યો જેથી તેઓ અધીશ્વર બન્યા. બાહુબળથી તેમણે જે રાજ્ય સ્થાપન કર્યું તેના રક્ષણાર્થે એમણે સર્પગિરિ પર એક દુર્ગ બંધાવવા માંડ્યો, પણ તેમાં સફળતા નહિ મળતાં ગઢવિધ્વંસ છોડી એ જ પર્વતની પરિસરમાં બીજી તરફ ગામ વસાવ્યું તે અજમેરૂ—અજમેર. ત્યાં ચક્રવર્તીપણું મેળવી પૂર્ણ પ્રતાપથી તે રહેવા લાગ્યા. પોતાને પાછળ સંતતી ન હોતાં એમણે સ્વબંધુ પૃથ્વીપાળને દત્તક લઇ પોતાનું સાર્વભૌમ રાજ્ય સોંપ્યું ને પોતે ધર્મરક્ષાર્થે જોગી થઇ યવનનો સામનો કરવા  કમર કસી.

ભટ્ટ લોકોના કાવ્યગ્રંથોના પાનેપાને તેમની યશગાથા ચિત્રવિચિત્રરૂપે ઝળકી ઊઠે છે. તેમાં ખાસ ઉલ્લેખનીય કથા એવી છે કે રોશનઅલી નામે એક ઈસ્લામ ધર્મપ્રચારક ફકીર ફરતોફરતો ગઢ વિપ્લવી (અજમેરનું પ્રાચીન નામ)માં આવી લાગ્યો. ત્યાં પ્રવર્તતી સ્પર્શાસ્પર્શ્યની ભાવનાથી છેડાઈ તેણે રાજા પૃથ્વીપાળને વાસ્તે જતા નવનીતપાત્રને આંગળીઓ અડકાડી અભડાવ્યું. રાજાએ આથી છંછેડાઈ ફકીરની એ આંગળીઓ કપાવી નાખી. ફકીરે બર અરબ સૈયદ મિરાનને ઇસ્લામી ફકીર પર ગુજારેલા અત્યાચારની પોતાની આપવીતી સંભળાવી. આથી મિરાન કોપી ઊઠ્યો ને પોતાની મહબૂબ (પ્રિયતમા) સાથે તે શાદીમાં રોકાએલો હતો તે અધવચ્ચે પડતી મૂકી તેણે એ જુલમનો બદલો લેવાનો તત્ક્ષણ નિર્ધાર કર્યો, અને અશ્વપાળ તરીકે સોદાગરના વેશમાં પાંચસો ઘોડા અને માણસો સહિત એ અજમેર જઇ પહોંચ્યો. રાજાએ એના ઉત્તમ પ્રકારના

[1] ચાલુ પરિસ્થિતિએ સચવાઈ બચેલા અવશેષો અને લોકજીવનનો અભ્યાસ કરીને મેળવી શકાતી માહિતી ઉપરાંત અંજારના પુરાતત્ત્વને લગતા ઐતિહાસિક આધારો આટલા છે: Bomb. Gov. Sel. CLII; Sel. from Rec. Bomb. Govt. XV; Burgess: Arch. Sur. Rep. 1874–75; Bomb. Gaz. (Kutch, Pal & Mahi); Col. Barton's Tour in Cutch; Chesson & Woodhall's Miscellany II (1871); Hamilton's Des. of Hindustan I; Trans. Bomb. Lit. Soc. II; Trans. Bomb. Geog. Soc. I; Wynne Mem. Geol. Surv. of India Vol. IX, P. I; આ. કે. દવેનો કચ્છનો ઇતિહાસ; દ. પ્રા. ખખ્ખરની કચ્છની ભૂગોળ; ટૉડ રાજસ્થાન; હમીરરાસો.



આ તથા સામેના પાનાના મથાળે આપેલી સળંગ તકતી: અંજારમાં અંબાજીના મંદિરના પ્રવેશદ્વાર તથા ઘુમ્મટ નીચેની ભમતીમાંનું ઉચિતરીતે બેસાડી છે. અહીંના જાડા વેળુ-પાષાણ ઉપર ઉતારેલી આ ભાવભરી કારીગરી જોતાં, આ જાડા પથ્થરોમાં આવું સૌન્દર્ય

પાણીદાર ઘોડા જોઈ તેમાંથી એક સરસ ઘોડો પસંદ કરી ખરીદ્યો અને પોતાના પાયગામાં બંધાવ્યો. રાતવચ્ચે એ નવા ઘોડાએ તોફાન મચાવી ઘોડારમાંના બીજા ઘોડાઓને નુકસાન કર્યું. ચાલાક રાજકુંવરીએ સોદાગરની ચાલબાજી પરખી લઈ પોતાના પિતાને તેથી વાકેફ કર્યા. એથી રાજાએ સોદાગર પર હુમલો કર્યો. યુદ્ધમાં મિરાન અને તેના સાથીદારો બહાદુરીથી લડતાં સાન્ત બન્યા. દરમ્યાન મિરાનનો મામા ખ્વાજા પીર તેને વારવા અને પોતાની બેટી સાથે શાદી કરી લેવા સારૂ સમજાવવા માટે અજમેર આવ્યો, પણ અહીં આવતાં તેણે મિરાનના ઉપર્યુક્ત હાલ જાણ્યા. આથી પીરને બહુ ક્રોધ ચડયો અને પૃથ્વીપાળને દફે કરી વૈરનો બદલો લેવા મક્કમ નિશ્ચય કર્યો. ખ્વાજા પીરે પોતાના ઇલમના પરચાથી પૃથ્વીપાળ અને તેની પ્રજાને તોબાહ પોકારાવી. અજપાળને આ ખબર મળતાં તે પોતાના ભાઇની સહાયે આવી લાગ્યો. પરંતુ તે પણ ખ્વાજાપીરનાં ઇલાહી આયુધો સામે ટકી શકયો નહિ. દરમ્યાનમાં એને પોતાના સાથી જોગીઓનો સંદેશ મળતાં તે દરિયાકિનારેથી ઊતરતા યવનનો સામનો કરવા અજમેર છોડી કચ્છ પહોંચ્યો. પાછળ ખ્વાજાપીરે પૃથ્વીપાળનો દેહાંત કર્યો અને પોતાના બેજાન બનેલા જમાઇ મિરાનને સજીવન કરી તેની સાથે પૃથ્વીપાળની પુત્રીનાં લગ્ન કર્યાં. પણ ખ્વાજાપીરનો રૂહ પોતે ગુજારેલા આ જુલમો સાંખી નહિ શકતાં એ પોતે જાનફેશાની કરી અજમેરમાં સજીવ દેહે કબર-દાખલ થયા. ત્યાં તેમની દરગાહ થઇ અને એ ઓલિયા તરીકે ખ્યાત થયા. ચક્રવર્તી અજપાળ કચ્છમાં કામ આવ્યા. કચ્છપંથમાંથી એમની નામના ચાલી રહી અને અજમેરમાં એમનો સ્મરણસ્તંભ ઊભો કરવામાં આવ્યો.

ઉપલા કથાનકના અંશતઃ કલ્પિત ભાગને છોડી દઈએ તો તથ્ય એ તરી આવે છે કે જે સમયે તલવારના બળે ઈસ્લામ ધર્મનો પ્રબળ પ્રચાર થઈ રહ્યો હતો ત્યારે યોગરાજ અજપાળ સ્વધર્મની રક્ષાર્થે એ ધર્મયુદ્ધમાં કામ આવ્યા અને ધર્મવીર તરીકે પંકાઈ પૂજાયા. અજપાળના સહયોગીઓએ અજપાળની સમાધિ પર દેરૂં બનાવી તેમાં શૂરાપૂરા તરીકે અશ્વારોહી સાંગધારી અજપાળની મૂર્તિની સ્થાપના કરી. દિવસે દિવસે તેનો મહિમા બહુ વધી ગયો અને તેની માનતા મનાવા લાગી. અંજારમાં ગંગાનાકે કુંડમાં આવેલા દેરામાં ગણાધીપ વગેરે દેવોની સમીપમાં પધરાવાયેલી અજપાળની મૂર્તિની સામે નંદીની મૂર્તિ છે. લોકવાયકા એવી છે કે નંદીની આ મૂર્તિને અજપાળના સમર્થ મઠાધિપતિ સાગરગરજીએ પોતાનો પરતો પૂરવા ખાણનીરણ ખવડાવ્યું હતું. પરાપૂર્વથી અહીં ગર્ભમંદિરમાં અખંડ જ્યોત જલ્યા કરે છે. અજપાળ સાથે આવેલા ચૌહાણોના વંશજ હાલ ખંભરામાં છે તેઓ આજે પણ અજપાળને કુળદેવ તરીકે પૂજે છે.

ધીમેધીમે અજપાળના આ મઠની આસપાસ વસતિ થઇ અને ગામ વસ્યું. અજપાળના નામ પરથી તેનું નામ 'અજપાળનો વાસ', 'અજાડનો વાસ', 'અજાડ', 'અજાર' અને એમ ક્રમેક્રમે અપભ્રંશ થતાં અંજાર પડયું. જે અદ્યાપિ ચાલે છે. ગામ તરીકે તેનું તોરણ સં. ૮૯૨માં બંધાયું. પછી સં. ૧૦૬૧ લગભગ કાઠીઓએ પોતાનો વાસ વસાવી અંજારને વિકસાવ્યું કહેવાય છે. એવામાં અજપાળના પંથના યોગીઓનો અહીં મઠ સ્થપાયો અને તેમનું ખૂબ જોર વધ્યું. અણહિલવાડના ભીમદેવ બીજાએ એ મઠને નિભાવ અર્થે સારો ગામગરાસ આપી તેનો ઉદ્ધાર કર્યો એમ એના વખતના તામ્રપટોનાં લખાણોથી જાણવા મળે છે. અજપાળના મઠનો વહીવટ તેની સાથેના યોગીઓ પરંપરાથી કરતા આવેલા. વખત જતાં તેઓ કર્મકાંડમાં શિથિલ થઈ ગયા અને તેમનો જુલમ ઘણો વધી ગયો, એટલે આશરે ચારસોએક વર્ષ પહેલાં જૂનાગઢથી આવેલા નારણગરજી નામના અતીતે જાગીરનો વહીવટ હસ્તગત કર્યો. પણ અજપાળ જાગીરના મઠાધિપતિ પીર સાગરગરજીની વારમાં મઠ અને જાગીરનો પુનરોદ્ધાર થયો. જાગીરમાં સાગરગરને અર્પણ થએલ 'રાઓશ્રી ભારમલજી સુતખેંગારની વારનો ભાદરવા સુદ ૯ શુક્રે સં. ૧૧૭૩'નો અને 'સં ૧૫૯૯ વર્ષે મહા સુદ ૧૫ રવિવાર'નો એ બે તામ્રપટો છે તે તથા અજપાળના દેરામાંના શિલાલેખોમાં 'સં. ૧૭૪૨ના તથા જે રાઉશ્રી રાયધણજી કુંવર પ્રાગજી ગઢ કરાવ્યો' એમ ઉલ્લેખ છે તે, તથા 'રાઉશ્રી દેશળજીની વારમાં પીરશ્રી જાત્રાકગરજીએ દેરો કરાવ્યો' એવો લેખ છે તે, તેમજ જાગીરમાંના બીજા અન્ય પુરાણા દસ્તાવેજો, દાનપત્રો અને કેટલીક હસ્તલિખિત પ્રતો* જોતાં જાગીર અને અંજારના ઈતિહાસ ઉપર સારો પ્રકાશ પડે છે.

સાગરગરજી વિષે કહેવાય છે કે ભદ્રેસરવાળી દેવી ભદ્રકાળી તેને સ્વપ્નમાં આવી અને દેવીની પ્રતિષ્ઠા અંજારમાં કરવાની તેને આજ્ઞા આપી. આથી બેહાલ હાલતમાં પડેલી ભદ્રકાળીની મૂર્તિની સ્થાપના અંજારમાં કરવાની માગણી દરબાર પાસે પીરબાવાએ પેશ કરી. આ સત્યના સમર્થનમાં કાંઈક પરચો જોવાની દરબારે ઈચ્છા દર્શાવી; અને તેમ કરે તો એમ થવા દેવાની પરવાનગી આપી. પીર ભદ્રેસર

* મારા પુરાવિદ્ મિત્રોમાં ફરતી મૂકવામાં આવેલી આ હસ્તલિખિત પ્રતો વિષે નિર્ણય થઈ ગયે ઘણી ઉપયોગી માહિતી મળવા સંભવ છે.



ઉત્કૃષ્ટ શિલ્પ. અજંતા-ઇલુરાની વિરલ કારીગરી સમું શિલ્પ ધરાવતી આ ભમતી કોઇ પ્રાચીન શૈવ મંદિરના ખંડિયેરમાંથી આણી અહીં ઉપજાવનાર કલાકારની નિપુણતા અને સંસ્કૃતિની પોષક એ કલાની ઉત્કૃષ્ટતા સમન્વય છે. (આલેખન : કાંતિસેન અને રામસિંહજી)

જઈ ત્યાંથી વેલ (એક પ્રકારનો માફો-રથ)માં ભદ્રામાની મૂર્તિને પધરાવી અંજાર લાવ્યા. અંજારનું પાદર આવ્યું ત્યારે તેમણે વેલના બળદને છોડી મૂકયા અને પોતે આગળ થયા એટલે, લોકસમૂહના આશ્ચર્ય વચ્ચે, વિના બળદે વેલ ચાલવા લાગી ! હાલના ગંગા દરવાજા પાસે વેલ આવતાં તે ચાલવાનો અવાજ અચાનક બંધ થયો. પીરને પલવાર આશંકા થઈ અને પાછળ જોયું, એટલે તત્ક્ષણ વેલની ગતિ અટકી પડી. છતાં પણ

'પૂર્યા રાયારાના કોડ ભદ્રાવાલી રે,
જીત્યા સાગરગરજી હોડ-અંબા અલબેલી.

એમ પ્રતિ નવરાત્રિએ ગવાતો એ ગરબો ત્યારથી પ્રચલિત થયો છે.

અંબાભવાનીના પરચાનો આવો સાક્ષાત્કાર થયા પછી સાગરગરની ઈચ્છા જોઈ રાઓશ્રી તરફથી જેટલા પટમાં વેલ વિનાબળદે ફરી હતી તેટલી જમીન મંદિરના નિભાવ અર્થે ધર્માદા આપવામાં આવી અને જે સ્થળે વેલ રોકાઈ ગઇ ત્યાં જ મોટું મંદિર ચણાવવામાં આવ્યું. આ મંદિર પહેલાં ગામગઢની બહાર હતું, પણ પાછળથી દુર્ગની નવરચના થતાં મંદિરને ગામમાં વળાંકી લેવામાં આવેલું છે. ઉપર્યુક્ત ઘટનાની સાક્ષી પૂરતી સાગરગરની એ વેલ અંબાજીના મંદિરના મઠની અંદરની ડેલીમાં સચવાએલી પડી છે; અને મઠની મેડીમાંના સાગરગરના આવાસમાં તેનો ઢોલિયો વગેરે અવશેષો જળવાએલા પડયા છે જેનું પૂજન થાય છે.

અહીંનાં મકાનો ને મંદિરની માંડણીમાં કયાંક યોજનાબદ્ધ તો કયાંક અવ્યવસ્થિત એમ પુરાણા શિલ્પકામવાળા પથ્થરો ચણી લેવામાં આવેલા છે. સુંદર શિલ્પથી સમૃદ્ધ કોઈ જરિત થઈ ગએલા મંદિરોનાં ખંડિયેરોને સાફ કરીને તેના પર અહીં ફરીથી નવી વસાહત થઈ હોય અને એ ખંડેરના પથ્થરોનો ઉપયોગ થયો હોય એમ દેખાય છે. અંદરની ડેલીમાં કાળા કાળમીંઢ પથ્થરનો બાંધેલો ભંડારો અને બે છુટા પડેલા કોતરણીવાળા સ્તંભ એ પુરાણાં મકાનોના અવશેષ રૂપ જણાય છે. તેની માંડણી વિશિષ્ટ છે અને તેનું કામ મજબૂત છે. બહારની ડેલીમાં અંબાજીનું મુખ્ય મંદિર છે સાદા ચણતરકામવાળા એ મંદિરમાં પણ પુરાણા મૂર્તિવિધાનવાળા પથ્થરો ચણી લેવામાં આવેલ છે; પણ મૂર્તિઓ સિંદુરથી લીંપાએલી કે ચૂનાથી ધોળાઈ ગએલી હોવાથી તેનું શિલ્પસૌન્દર્ય વર્તી શકાતું નથી. આ મંદિરને પડખે જ ઊભા મોટા સ્તંભોવાળી પ્રવેશમાર્ગ સહિતની એક પરસાળ છે. તેની પાછળ વિશાળ મંદિર હશે, પણ તેનાં ખંડેર સાફ થઇ જઈ અત્યારે સાફ ભૂમિ રહી છે. પુરાણા કાળમાં મંદિરોમાં જેવી ભોં-




યરાની યોજના રહેતી તેના અવશેષ જેવું અહીં પણ એક ભોંયરૂં છે. કહે છે કે તે ગંગા નાકા બહારના અજપાળના દેરા પાસે નીકળતું અને ત્યાંથી પસવારીઆ સુધી પહોંચતું હતું.

અંબાજીના મંદિરના મુખ્ય પ્રવેશદ્વારમાં ઉપરના ભાગે બંને બાજુએ, એક તરફ પાંચ અને એક તરફ છ એમ કોતરકામવાળી તકતીઓ ચણી લેવામાં આવેલી છે. તેમાંની વાજિંત્રો વગાડતી તેમજ બીજી મૂર્તિઓના શરીરના અવયવો જોકે સપ્રમાણ નથી, છતાં ય તે લાવણ્યભરી લાગે છે. ચૂનાથી ધોળાઇ ગએલું એ મૂર્તિવિધાન તેના ચહેરાના ઘાટ અને અંગભંગ પરથી ગુજરાતના સોલંકીકાળનું એટલે કે દસમી સદી લગભગનું જણાઈ આવે છે. પણ ચડિયાતી કારીગરીવાળી ઉત્કૃષ્ટ શિલ્પસમૃદ્ધિના નમૂના તો આ દરવાજા ઉપરની મેડીના પશ્ચિમાભિમુખ દ્વારમાં અને તેના ઘુમ્મટની



ભડેશ્વરના શિવમંદિરનો પૃષ્ઠ ભાગ (ફોટો · રામસિંહજી)



અંજારમાં જેસળ-તોરલની સમાધિ

ફોટો : છગનલાલ બનિયા

ભમતીમાં છે, પણ કોઈનું ધ્યાન ખેંચાતું ન હોય એવી વિલક્ષણરીતે એ ત્યાં આવેલ છે. ત્યાં જવા માટે પગથિયાંની કે એવી યોજના નથી. પાસેના મોટા ઓટલા અને દિવાલ પર કૂદી તેને પકડી ઉપર પહોંચાય છે. એ પ્રવેશદ્વાર ચૂનાથી ધોળાઇ જતાં તેના શિલ્પની લાલિત્યભરી આછી રેખાઓ માત્ર પકડી શકાય છે તેમાં શિવસ્વરૂપના તેના નિવૃત્ત અને પ્રવૃત્ત અંગોનાં વિશિષ્ટ રૂપો કુશળતાથી ઉતારેલાં છે. ઉપરની છતને ટેકવી રહેલા કીચકનું નિરૂપણ પણ વિશિષ્ટ છે. એ દ્વાર અને ઘુમ્મટની નીચેની ભમતી શૈવ સંપ્રદાયના અત્રેના પુરાતન મંદિરના થઇ ગએલા ખંડેરમાંથી ઉઠાવી લઈ યોજનાબદ્ધ ઉપયોગમાં લેવાઇ તેનો પુનરોદ્ધાર થયો દેખાય છે. અજંતા કે ઈલુરાની વિરલ કારીગરી જેવા આવેગભર્યાં ભાવવાળું જે મોહક શિલ્પકામ ઘુમ્મટની નીચેની ભમતીમાં છે તે પ્રારંભમાં તેના મૂળ મંદિરમાં તેના ઉત્પત્તિસ્થાને હશે ત્યારે કેટલું અપૂર્વ અને પ્રભાભર્યું લાગતું હશે તેની તો માત્ર કલ્પના જ કરવી રહી! શિલ્પીને જાડા પથ્થરોમાં સૌંદર્ય ઉપજાવવું કેટલું કઠિન છે તે જોતાં અહીંના રાતા વેળુ-પાષાણ પરની ભાવનામય કારીગરી જોઇ કલાકારની નિપુણતા અને સંસ્કૃતિની પોષક એ કલાની ઉત્કૃષ્ટતા સમજાય છે. શ્રદ્ધા અને ભક્તિની આંતરિક શક્તિઓને આવાં બાહ્ય રૂપો દ્વારા કેળવતી અને પ્રેરણા આપતી. કળાના આ અવશેષોને હવે તો ઐતિહાસિક સ્મૃતિ-અંશો તરીકે જાળવી શકીએ તો યે ઘણું.

આ પછીના સમયનું શિલ્પ-સ્થાપત્ય આપણને અંજારની દક્ષિણે આવેલા ભડેશ્વરના શિવમંદિરમાં જોવા મળે છે. એના ગર્ભમંદિરનો ભાગ સ્પષ્ટપણે પુરાણો દેખાય છે. તેની માંડણી અને ઉપરની મૂર્તિઓની કોતરણી સ્પષ્ટ અને મોહક છે. આ મંદિરના ચોગાનમાં એક પાતાળઝરી (artesian well) છે જેનું પાણી કુવામાંથી જમીનમાં અદ્દર ઉતારેલી લોહનાલી દ્વારા જમીનની ઉપરની સપાટી પરથી સતત છલ્યું જાય છે. અંજારને તળિયે પાણી તો ચાર વર્ષ પહેલાંના છનૂઆ દુકાળ પછી જ ખૂટ્યું છે. પહેલાં અંજારની સાંગ નદી અવિરત વહ્યા કરતી અને તે માંહેનાં ખારેકો, કેવડા, અને અન્ય ફળઝાડોના બગીચાઓને જલસિંચન કરતી. હજુ યે કંડલા બંદરને મીઠું પાણી તો વીડીના કુવામાંથી કુદરતી વહ્યા જતા વહેનમાંથી નાલી મારફતે પહોંચે છે. એ જ રીતે ગંગાનાકા બહાર પણ સિદ્ધસર તળાવમાંથી કુદરતી પાણી છલ્યું જતું અને તેમાં થતા કમળની શોભાથી સૃષ્ટિસૌન્દર્ય આકર્ષક બનતું. એટલે જ એને ગંગાના નામથી લોકોએ બિરદાવ્યું હશે. પણ હવે એ ગંગા યે સુકાઈ ગઈ છે!

**પ**હેલાં એ પાણી જ્યાંથી વહ્યું જતું ત્યાં, અઘોર વનના અતિ અલ્પ અવશેષ જેવું અને અત્યારે વિશાળ આમલીઓ તથા બીજાં વૃક્ષોનું ગીચ ઝુંડ આવેલું છે. એક વખતે એ ભીષણ જંગલ હતું. ચૌદમી સદીના મધ્ય ભાગે બહારવટિયો જેશર આ સ્થળે નિર્ભયતાથી રહેતો. જામ લાખા જાડેજાના દેદા પેટનો જેશર સ્વચ્છંદી બની નિરંકુશપણે લૂંટફાટ ચલાવતો, મારફાડ કરતો અને શિકાર ખેલતો. ખેતરપાધરનો નાશ કરવાના, ઢોરાં હાંકી જવાના અને માણસોને નિર્દયપણે મારી નાખવાના એના અત્યાચારોના કેટલા યે ત્રાસ ઉપજાવે એવા કિસ્સા કહેવાય છે. અને ખરેખર લૂંટારૂ તરીકે એ શયતાનિયતની અવધિએ પહોંચ્યો હતો.

એવામાં કાઠિયાવાડના સલડી ગામના કાઠી ભક્ત સાંસતિયાજીની તોરી નામની શુદ્ધ કાઠિયાવાડી ઘોડીની પ્રશંસા એને કાને આવી અને એ ઘોડી લૂંટી લાવવા એનું મન લલચાયું. તે સિવાય તેનું મુખ્ય આકર્ષણ તો સાંસતિયાજીની ગૃહિણી તોળાંદેનું અનુપમ સૌન્દર્ય હતું. તોળાંદે પણ તોરી નામે ઓળખાતી. તે જેટલી તેના શરીરસૌષ્ઠવ અને સૌંદર્ય માટે જાણીતી હતી તેથી અધિક તો એક ભક્ત કવયિત્રી તરીકે વિખ્યાત હતી. સાંસતિયાનો અને તેનો સંબંધ પણ સંસારી કરતાં સાધુતાનો સવિશેષ હતો.

એક રાત્રે જેશર સાંસતિયાને ત્યાં પહોંચી ગયો. તે દિ' ત્યાં જાગ હતો અને જ્યોતના પૂજનવિધિમાં આખું ભક્તમંડળ લીન હતું. આ લાગ જોઇ જેશર છુપાઇને સાંસતિયાની ઘોડારમાં પહોંચ્યો. ઘોર અંધારામાં અજાણ્યા આદમીના ઓચિંતા પ્રવેશથી ઘોડી ચમકી અને જમીનમાંથી ખીલો કઢાવી તે સહિત ભાગી. ચોંકીને વ્યાકુળ બનેલી ઘોડીને પકડી શાંત કરી સાંસતિયાનો રાવત ફરી તેને ઘોડારમાં દોરી લાવ્યો. અને ઉખડેલો ખીલો જમીનમાં બેસાડવા લાગ્યો. આ વખતે જેશર ઘાસમાં સંતાએલો હતો. અચાનક ખીલો તેના હાથ પર મૂકાઈ જઈ તે ત્યાં જ ખોડી દેવાયો. જેશર નામર્દ દેખાવાના ભયે એક પણ સિત્કાર કર્યાં વગર આ ભયંકર વેદના સહન કરતો પડી રહ્યો. દરમ્યાનમાં પૂજનની પૂર્ણાહુતિ થઇ પ્રસાદ વહેંચાતો હતો. તે વખતે ઘોડીને ફરીથી ચમકીને ફૂદકા મારતી જોઇ એક જણ ત્યાં ગયો અને જેશરને પોતાનો હાથ કાઢવા ફાંફાં મારતો અને પીડાથી તરફડતો જોયો. બીજી બાજુ પ્રસાદ વહેંચનાર પાસે એક જણનો પ્રસાદ વધ્યો. આ પંથનો એવો નિયમ છે કે પ્રસાદ બધાને પહોંચવો જોઈએ અને વહેંચાઈ જતાં શેષ કાંઈ વધવું ન જોઇએ. જેશરની સ્થિતિ જોઈ બધાનું ધ્યાન ત્યાં દોરાયું. તેની હથેલીમાંથી ખીલો કાઢી લઇ તેની શુશ્રૂષા કરવામાં આવી અને તેને પ્રસાદ અપાયો. પણ જેશર તો ભાનભૂલ્યો પોતાના મૂળ સ્વરૂપમાં ફરી આવી ગયો અને પોતાની બદદાનત જાહેર કરી. જેશરની સહનશીલતા, શક્તિ અને હિંમતથી બધા છક થઇ ગયા. તોરીએ જાડેજાનું નૂર પરખ્યું અને તેને આદમી બનાવવા તે તત્પર બની. ભક્ત સાંસતિયો પણ આવો નરવીર ભક્તિમાર્ગે વળે તો તેમ કરવા યત્નશીલ થયો. આંગણે આવેલા અતિથિ અને ભક્તની બધી ઈચ્છા પૂરી પાડવી જોઈએ અને તેને સંતોષવો જોઈએ એવા પંથના નિયમે જેશરને મનાવી ત્યાં રોકવામાં આવ્યો. તેનું વલણ બદલાવવા ખૂબ પટાવવામાં આવ્યો, પણ જેશર એકનો બે ન થયો. આ પ્રસંગે તોરીએ ગાયું છે[3] કે:

'તોરી-મુખ માન ન કીજીયે,
એ બુધિ છાંડ દો નીચ;
જી ભજન ભુલાવે ભાવના
ઈ નાયેં નરગે નખાવતીજી
તોરી કે મનને મતે નાં ચાલીયે,
મન નીચ હ્યાં લ જાયજી.'

મોહાંધ બની માત્ર મનની ક્ષુદ્ર મતિ અનુસાર નહિ ચાલતાં, સદ્બુદ્ધિથી સન્માર્ગે જવા તોરી જેશરને આમ સૂચન કરે છે, અને ધર્મનિષ્ઠ સહધર્મચારિણી બની રહે એ જ સ્ત્રી એવો સ્ત્રીત્વનો પોતાનો આદર્શ રજૂ કરે છે.

અંતે, મોહફંદમાં ફસેલા જેશરને નીતિને માર્ગે વાળવા માટે, જો તે લૂટારૂ મટી ભક્ત બની રહે તો તેની સાથે જવા તોરી તૈયાર થઈ. જેશરે એ શરત કબૂલ કરી. એટલે જેશર તોરી કચ્છ જવા નીકળ્યાં. રસ્તે સમુદ્ર ઓળંગતાં દરિયામાં જબરદસ્ત વાવંટોળનું તોફાન નડ્યું. જેશર-તોરીની નાવડી ડૂબુંડૂબું થઇ રહી, અને જેશરને પોતાના જીવનનાવનો તત્ક્ષણ અંત આવતો દેખાયો. તોરીના સહવાસમાં જેશરને જીવન એટલું વહાલું બની ગયું હતું કે જિંદગીને મૂઠીમાં લઇ ફરનારો જેશર મૃત્યુના ભયે પહેલી જ વાર વિવશ બની ગયો. તેને જીવનની કિંમત સમજાઇ. ભરસમુદ્રમાં અને એ ભયંકર તોફાન વચ્ચે તોરીએ નીચતાની અવધિએ

3 ભાવમાં એક ચારણી પાસે સાંભળેલું.

# વિદૂષક

**[રવીન્દ્રનાથ ઠાકુર]**



કાંચીના રાજા કર્ણાટ જીતવા ગયા. તેમને જીત મળી. ચંદન, હાથીદાંત ને સોનામાણેકથી હાથીઓ લદાઇ ગયા.

દેશ પાછા ફરતી વેળાએ રસ્તામાં બલેશ્વરી દેવીના મંદિરમાં બલિદાનનું લોહી વહાવીને રાજાએ પૂજા કરી.

પૂજા કરી ચાલ્યા આવે છે. શરીરે રક્તરંગી ઉપવસ્ત્ર છે, ગળામાં જબાકુસુમની માળા છે, કપાળે રક્ત ચંદનનું તિલક છે;– સાથે છે કેવળ મંત્રી અને વિદૂષક.

એક જગ્યાએ જોયું તો રસ્તાને કાંઠે આંબાવાડિયામાં છોકરાઓ રમે છે.

રાજાએ તેના બે સાથીઓને કહ્યું, 'જોઇ આવીએ, તેઓ શું રમે છે.'

૨

છોકરાઓ સામસામે બે હારમાં પૂતળાં ગોઠવી લડાઈ લડાઇ રમે છે. રાજાએ પૂછ્યું,

'કોની સાથે કોની લડાઇ ચાલે છે?'

તેઓ બોલ્યા, 'કર્ણાટ સાથે કાંચીની.'

રાજાએ પૂછ્યું. 'કોની જીત ને કોની હાર?'

છોકરાઓ છાતી ફૂલાવીને બોલ્યા, 'કર્ણાટની જીત ને કાંચીની હાર'

મંત્રીનું મુખ ગંભીર થઈ ગયું, રાજાની આંખો રક્તવર્ણી બની, વિદૂષક હા્ હા્ કરતો હસી ઊઠ્યો.

૩

રાજા જ્યારે તેનું સૈન્ય લઇ પાછા ફર્યા ત્યારે પણ છોકરાઓ રમી રહ્યા હતા.

રાજાએ હુકમ કર્યો, 'એકે એક છોકરાને ઝાડ સાથે બાંધો અને લગાવો સોટી.'

ગામમાંથી તેમનાં માબાપ દોડતાં આવ્યાં. બોલ્યાં, 'એ તો નાદાન છે; ખાલી રમતા હતા; માફ કરો એમને.'

રાજાએ સેનાપતિને બોલાવી કહ્યું, 'આ ગામને એવી શિક્ષા કરો કે કાંચીના રાજાને કોઈ દિવસ ભૂલી શકે નહિ.'

આમ કહીને તંબૂમાં ચાલ્યા ગયા.

૪

સંધ્યા સમયે સેનાપતિ રાજાની પાસે આવી ઊભો રહ્યો. પ્રણામ કરીને બોલ્યો, 'મહારાજ, શિયાળવાં અને કૂતરાં સિવાય આ ગામમાં કોઈના મુખમાંથી એક શબ્દ પણ હવે સંભળાય એમ નથી.'

મંત્રી કહે, 'મહારાજનું માન સચવાયું.'

પુરોહિત કહે, 'વિશ્વેશ્વરી મહારાજની સહાયમાં છે.'

વિદૂષક કહે, 'મહારાજ, હવે મને રજા દો.'

રાજા બોલ્યા, 'કેમ?'

વિદૂષક બોલ્યો, 'હું તો કોઇને મારી પણ શકતો નથી, કતલ પણ કરી શકતો નથી. વિધાતાના પ્રસાદથી કેવળ હસી શકું છું. મહારાજના દરબારમાં રહીશ તો હસવાનું ભૂલી જઈશ.'

**વિનોદ કોઠારી**

('લિપિકા'માંના મૂળ બંગાળી ઉપરથી)



જેસલ-તોરલની સમાધિ પાસેના બીજા પાળિયા (ફોટો રામસિંહજી)

પહોંચેલા જેશરને જીવનનું રહસ્ય સમજાવી તેનો જીવનપલટો કર્યો. કચ્છ-કાઠિયાવાડને ગામડેગામડે ભજનમંડળીઓમાં અતિ પ્રિય એવું અને તેના વિશિષ્ટ ઢાળમાં ગવાતું હૃદયસ્પર્શી ભજન, આ પ્રસંગને લોકજીવનની ભાવનામાં રમી રહેતું અને સ્મૃતિમાં સચવાઇ રહેતું અમરત્વ આપે છે.

પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાર રે,
તારી બેડલીને બૂડવા નહિ દઉં, જાડેજા રે,
એમ તોરલ કહે છે જી—પાપ૦

એમ તોરી જેશરને પશ્ચાત્તાપના પુનિત માર્ગે વાળે છે. કંપિત બની જાડેજો નિખાલસ હૃદયે પુકારી ઊઠે છે:

જેતા માથાના વાળ, સતિ રાણી, જેતા માથાના વાળ રે,
તેતા અવગુણ મેં કર્યાં, તોળાંદે રે,
એમ જેશલ કહે છે જી—પાપ૦

'હરણાં હણ્યા લખચાર; કુંવારી જાનો લૂંટી, કેટલાય વરરાજાઓને માર્યાં, સગાંસહોદરોને દૂભાવ્યાં, ગાયો વાળી અને સરોવરો તોડી તેમને તરસે મારી' એમ અનેકાનેક કરેલાં પોતાનાં ભયંકર પાપકર્મો એક પછી એક ગણાવતો જેશર પશ્ચાત્તાપના અગ્નિમાં પ્રજ્વલિત થઈ પાવન બને છે. 'જેશર કરી લે વિચાર, માથે જમ કેરો ભાર રે' એમ ચિંતવતો જેશર તોરીનો ચરણસ્પર્શ કરે છે. જેશર-તોરલનું હૃદયતોફાન શાંત થાય છે. પરસ્પરને ભેટતાં તેઓ એકાત્મભાવ અનુભવે છે. હવે જીવનની કોઈ પણ સ્થિતિ માટે તેઓ તૈયાર બની રહે છે. એટલામાં તોફાન પસાર થઇ જાય છે. છેવટે જીવનધ્યેયને કાંઠડે પહોંચી સંસારસાગર તરી પાર થએલી જેશર-તોરીની બેલડીને શાંત સાયર કચ્છને કિનારે ઉતારે છે.


અંજાર આવી જેશર પોતાને જૂને સ્થળે જ રહેવા લાગ્યો, પણ જ્યાં પહેલાં લૂંટના ભાગ પડતા અને અનેક નીચ કર્મો થતાં ત્યાં હવે તોરીના સહવાસમાં ધર્મદાન લૂંટાવા લાગ્યાં અને કથામૃતની વહેંચણી થવા માંડી. જેશર હવે ધર્માત્મા બની રહ્યો. તોરીને સતી રૂપે તેણે પિછાણી. બંનેએ હવે જીવનનો નિષ્કર્ષ પામી ધાર્મિક ભાવે આનંદમાં રહેવા માંડ્યું અને તેમની પાસે સંત સમાગમ થવા લાગ્યો. એકદા જેશર બહાર ગયો હતો. પાછળ ભક્તજન મહેમાનો આવ્યા. તોરી પાસે તેમના સ્વાગતની સામગ્રીમાં કશું ન હતું. જેશરનો પિછાણવાળો સધીર નામે એક વેપારી તેને યાદ આવ્યો. તે સધીર પાસે ગઈ અને જોઇતી ચીજો પૂરી પાડવા માગણી કરી. વસ્તુઓનું દેન જેશર ચૂકવી જશે એમ તોરીએ કહ્યું. રૂપરાણી તોરીને જોઈ લંપટ સધીરનું ચિત્ત બગડ્યું. તેને લાગમાં આવેલી જોઇ સધીરને તેની સાથે પ્રેમસંબંધ બાંધવાની પ્રબળ ઈચ્છા થઈ એટલે તે દિ'જ રાત્રે સધીરને તેનું દેન ચૂકવવા તોરી તેને ઘેર જાય એ શરતે વસ્તુઓ પૂરી પાડવા તેણે હા પાડી. જેશરની શાખ પર અન્ય કોઈ ગામમાં ધીરે તેમ ન હોવાથી ન છૂટકે તોરીએ સધીરની માંગણી સ્વીકારી. રાત્રે ઘેર આવતાં પ્રસન્નચિત્ત ભક્તોને જોઇ જેશરને નવાઈ લાગી. તોરીએ બધી વાત સમજાવી અને વચનપાલનાર્થે પોતાને સધીરને ઘેર જવાનું છે એમ કહ્યું. દેન ચૂકવવા તેમની પાસે આપવાનું તો કશું જ હતું નહિ. અંધારિયા શ્રાવણની મેઘલી રાત હતી. પડી ગએલા વરસાદથી બધે કીચડ કીચડ હતું. સૂમસામ રસ્તે કીચડ ખુંદી તોરીને એકલી જવા દેવા જેશરનું મન ચાલ્યું નહિ; એટલે જેશરે તેને તેડીને લઇ જઇ સધીરની ડેલીમાં મૂકી અને પોતે બહાર રહ્યો. આવા સંજોગોમાં પણ તોરીને વચન પ્રમાણે એકલી આવેલી જોઈ સધીરને આશ્ચર્ય થયું. માર્ગે કીચડ ખૂંદ્યા સિવાય અવાય તેવું ન હોવા છતાં પણ ડાઘડૂઘ વગરની અણીશુદ્ધ આવેલી તોરીના પ્રભાવમાં સધીર અંજાઈ ગયો. તોરીના એ તેજમાં સધીરની ભાવનાશુદ્ધિ થઇ ગઇ. તેને પોતાની ભૂલ સમજાઇ. પોતાની કુબુદ્ધિ માટે ક્ષમાપન કરવા સતીને તેણે વિનતિ કરી. તે દિવસથી સધીર પણ એક ભક્તાત્મા બન્યો. આમ

'તોરલેં ત્રે નર તારિયા, સાસતિયો ને સધીર,
જેશર જગજો ચોયટો સે ભન્યો પરમેં પીર.

જગનામી લૂંટારા જેશરને પુણ્યશ્લોકને સાંસતિયાને સધીરને પુણ્યાત્મા બનાવી એ ત્રણેનો તોરલે ઉદ્ધાર કરી તેમને જીવન્મુક્તિ અપાવી.

જેશરની જીવનજ્યોત બુઝાઈ એટલે તેની સહધર્મચારિણી તોરીએ તેની સાથે સહગમન કરવા તેની જોડે સજીવ સમાધિ લીધી. ગુજરાતથી રાવળ માલદેવ અને રાણી રૂપાંદે જેશર-તોરી સાથે સત્સંગ કરવા તેમના આમંત્રણથી કચ્છ આવવા નીકળ્યાં હતાં, પણ જેશર-તોરીએ સમાધિ લીધી તેના વળતા દિવસે તેઓ અંજાર પહોંચ્યાં. આ બીના જાણી તેઓ બહુ શોકનિમગ્ન બન્યાં. ચંદ દિવસ જેશર-તોરીની સમાધિ પાસે ભજનોની ધૂન મચાવી, જેશર-તોરીના ભાવનાદેહ સાથે મેળાપ કરી, તેમની જીવનસુવાસની કીર્તિ ફેલાવતા તેઓ ગુજરાત પાછાં વળ્યાં.

જેશર-તોરીની એ સમાધિ સામસામી આવી રહેલી છે. ઉપરાંત જેશરના શાગિર્દ રાવળ જામની સમાધિ તોરીની પડખે અને બીજા શાગિર્દ સિંધના શમનશા પીરની સમાધિ જેશરની જોડે આવેલી છે. આ સમાધિઓના રક્ષણાર્થે ઉપર એક સાદું જાળિયાવાળું છાપરું છે. જેશરના મૃત્યુ પછી તેની ઘોડીએ ચંદ્દીચારો લીધાં નહિ, અને કૂતરો પણ જેશરની સમાધિ સામે ઝૂરીઝૂરીને મૂઓ. જેશરના પશુપ્રેમની સાખ પૂરતી એ ઘોડી અને કૂતરાની સમાધિઓ એ વંડાનાં પછવાડેના ભાગમાં આવેલી છે. સધીરે મૂઆ પછી પણ પોતાનાં પાપકર્મના પશ્ચાત્તાપ માટે લોકોની ઠોકરો ખાતા રહેવાનું પસંદ કર્યું હોય તેમ, જેશર-તોરીની સમાધિના ઓરડામાં પહોંચવાના પગથિયાં તરિકે એ સધીરની સમાધિ આવેલી છે. અધમ ઉદ્ધારણ એ જેશરના સમયથી અહીં એક ભંગી કુટુંબ વસે છે તે જેશર-તોરીના ધામમાં પરંપરાથી ઝાડુ બુવારું કરે છે, પૂજા સમયે આરતી બજાવે છે અને સુંડલા બનાવી પોતાનો ગુજારો ચલાવે છે. (ચાલુ)



# દિલ્હી

['સંસારનાં શહેરો'નો ૪૫મો હપતો]

શાહજહાંએ બંધાવેલા દિલ્હીના કિલ્લામાં પેસવાનો લાહોરી દરવાજો. ચાંદની ચોકના રસ્તાની બરોબર સન્મુખ એ આવેલો છે અને શાહજહાંના સમયમાં કિલ્લામાં જવા માટેનો લોકવ્યવહાર માટેનો માર્ગ એ જ ગણાતો દરવાજાનું રક્ષણ કરનાર ગઢની ચારે બાજુએ ઊંચા ગુંબજોવાળી છત્રીઓ સાથના બુરજો છે જે મજબૂતી ઉપરાંત શોભામાં વધારો કરે છે કહેવાય છે કે દુનિયામાં કોઇ પણ રાજમહેલમાં દાખલ થવાનો દરવાજો આની તોલે આવતો નથી.

સૈકાઓથી હિંદનાં શહેરોની મહારાણી રહેલી આ નગરી એના સાડાત્રણ હજાર વરસના ઇતિહાસમાં અનેકવાર ધ્વસ્ત થઈ છે, અનેકવાર તજી દેવાઇ છે, અનેકવાર લુટાઇ ને ઉજ્જડ બનાવાઇ છે, પણ એક મહાન સામ્રાજ્યના પાટનગર તરીકેના પદથી તેને તદ્દન ચ્યુત તો કદી કરી શકાઇ નથી.

એક ઉપર એક દટાએલાં તેર શહેરોની જાહોજલાલ સંસ્કૃતિઓ ૪૫ માઇલના ઘેરાવાના મેદાનમાં કાળનિદ્રા લેતી ત્યાં પોઢી છે. તેના કિલ્લા પર ઊભા રહીને નજર કરીએ તો, દૂર દૂરની ક્ષિતિજસુધી દૃષ્ટિ આગળ વિસ્તરી રહેલા ધૂંધળા પીળા રંગના વિશાળ પટ પર, ઝાડનાં ઝુંડો અને નાનાં કોતરોની વચ્ચે વચ્ચે વેરાઇ રહેલા વેરાન બગીચાઓ, એક કાળની જંગી ઈમારતોનાં બેહાલ ખંડિયેરો, પુરાતન સંસ્કૃતિના સમૃદ્ધ અવશેષો તથા યુદ્ધવીરો અને સંતોની સમાધિઓનું દૃશ્ય, ભૂતકાલીન જાહોજલાલીનાં એવાં તો ઘેરાં સ્વપ્નચિત્રોથી હૈયાને ભરી દે છે કે તેની આગળ રોમ અને આથેન્સનાં દૃશ્યો ઝાંખાં પડે છે. ને એ બધાં માત્ર કોઈ એક નગરનાં નહિ પણ એક ઉપર એક દટાઇ રહેલી અનેક પ્રજાઓના સ્મૃતિ-અવશેષો છે.


સંસારનાં અતિ પ્રાચીન શહેરો કૅન્ટન (ચીન) અને કૈરો (ઇજિપ્ત)ના જ અક્ષાંશ ઉપર આવેલું આ શહેર, એક બાજુ ટેકરીઓ ને બીજી બાજુ જળપ્રવાહથી રક્ષાઇને વિશિષ્ટ ભૂસીમાઓ ધરાવતું હોવાથી, તેમજ પંજાબથી બંગદેશસુધીના સરિતાપ્રદેશના વ્યાપારવણજના રાજમાર્ગ ઉપર આવેલું હોવાથી રાજદ્વારી તેમજ ભૌગોલિક દૃષ્ટિએ અતિ અગત્યનું સ્થળ મનાતું આવ્યું છે.

યુરોપમાં લૅટિનમ ને કૅપિનાનાં મેદાનો ઉપર લૅટિન લોકોએ હજી પગ પણ નહોતો મૂક્યો તેની આઠ સૈકા પહેલાં આર્ય દળોનાં જૂથોએ આવીને અહીં વસતા આદિવાસી દ્રવિડોને હાંકી કાઢી, જમના નદીના દક્ષિણ કિનારે ઈન્દ્રપ્રસ્થ નામનું નગર વસાવ્યું, જે ફાલીને એક મહાન હિંદુ સામ્રાજ્યમાં પરિણમ્યું. પછી ઇસ્લામીઓએ આવીને હિંદુ સંસ્કૃતિને આગ અને નાશમાં જમીનદોસ્ત કરી,–એવી કે રાજા ધવ (દેવરાજ?) નામના એક રાજાએ ઊભા કરેલા લોહસ્તંભ સિવાય આજે તેનું કશું નામનિશાન નથી રહ્યું. એક જૂની દંતકથા હતી કે એ સ્તંભ ઊભો હશે ત્યાં સુધી હિંદુ સામ્રાજ્ય નામશેષ થવાનું નથી. ઈ.૧૨૦૬માં કુતુબુદ્દીને મુસ્લિમ સામ્રાજ્યનો પાયો નાખ્યો ત્યારે તેને આ દંતકથા કહેવામાં આવતાં તેણે તિરસ્કારથી તેની ઉપેક્ષા કરીને કહ્યું કે તો તો એ સ્તંભને રહેવા દો. અને એટલે જ એ ટક્યો છે.

કુવ્વત-અલ-ઇસ્લામના આંગણામાં ઊભેલા હિંદુ કાળના એ વિખ્યાત લોહસ્તંભ પર ગુપ્ત લિપિમાં ચન્દ્ર નામક કોઇ રાજવીના વીરત્વનો પ્રશંસાલેખ છે. તે ઘણુંખરૂં ગુપ્ત વંશના ચન્દ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય) વિષેનો હોવાનું મનાય છે. પણ આજ હજારો વર્ષથી કુદરતના હવામાનની સામે ખુલ્લો ખડો રહેલો હોવા છતાં તેના પર લેશમાત્ર કાટ કે ઘસારાની અસર જણાઇ નથી એ તેની અદ્‌ભુતતા આજના અનેક ધાતુશાસ્ત્રીઓને મન આશ્ચર્ય અને કુતૂહલનો વિષય છે.


શેરશાહે ઇન્દ્રપ્રસ્થની જે મૂળ જગ્યા પર દિલ્હી વસાવેલું તે ટેકરો હજી બતાવાય છે. ત્યાં મયદાનવે પાંડવોની એ મહાનગરી (ઈ. પૂર્વે ૧૪૦૦માં?) બાંધી કહેવાય છે. જોકે તેના કોઈ અવશેષ મળ્યા નથી. ઇન્દ્રપ્રસ્થની જાહોજલાલી કેટલો સમય રહી અને તે કઇ રીતે અંધકારમાં લુપ્ત થયું તેની હકીકત કોઈ જાણતું નથી. પણ પહેલા અને બીજા સૈકાની બૌદ્ધ દંતકથાઓમાં કુરુના વંશજો ઇન્દ્રપ્રસ્થમાં રાજ્ય કરતા હોવાની વાતો આવે છે.

પણ ઇન્દ્રપ્રસ્થની કીર્તિનું વારસ દિલ્હી ક્યારે થયું? તેનો પાયો ક્યારે નંખાયો? ઉત્તર ભારતના ગુર્જર પ્રતિહાર સમ્રાટ ભોજ પહેલાના સમય (ઈ ૮૩૬થી ૮૯૦)નો એક લેખ નજીકમાંથી મળી આવે છે ખરો. જોકે ઈ. ૧૨૧૦માં અલબરૂનીને તેની માહિતી નહતી. અને મહમદ ગઝનીનો ઇતિહાસકાર ઉત્બી પણ એ શહેર વિષે કાંઈ ઉલ્લેખ કરતો નથી. પણ ઉપર જણાવેલા લેખ પરથી જણાય



જાણે ગગન ભેદીને ઊભો હોય એવો ૨૩૮ ફીટ ઊંચો દિલ્હીનો આ કુતુબમિનાર હિંદનું એક ચમત્કારિક સ્થાપત્ય ગણાય છે. બાંધણીમાં, સૌન્દર્યમાં, અને ભવ્યતામાં એની તોલે આવે એવી કોઈ ઈમારત દુનિયામાં આજે ગણાતી નથી એને વિષે વિગતવાર

........લેખ હવે પછી........



શાહજહાંએ બંધાવેલી દિલ્હીની આ જુમા મસ્જિદ ચાંદની ચોકની દક્ષિણે એક ઊંચા ખડકની બેઠક પર બાંધેલી છે. લાલ પત્થર ને આરસની બનાવેલી એ મસ્જિદ દુનિયા-ભરમાં મોટામાં મોટી ગણાય છે અને સાડા ચારસો–ચારસો ફીટનું એનું મોટું ચોગાન પંદર હજાર બંદગી કરનારાઓની મેદનીને સમાવી શકે તેવડું વિશાળ છે.

છે કે તુંવાર વંશના અનંગપાળે ઈ. ૯૫૦માં દિહલી શહેર વસાવ્યું હતું હાલ જ્યાં કુતુબ-મિનાર ઊભો છે ત્યાં અનંગપાળે ‘લાલ કોટ’ બાંધી એ નગર વસાવ્યું હતું. આજે ઊભેલો લોહસ્તંભ પણ તેણે જ(ઘણું કરીને મથુરાથી) અહીં લાવી રોપ્યો હતો અને તેની આસ-પાસ શિલ્પસમૃદ્ધ મંદિરો બંધાવ્યાં હતાં, જેના અવશેષો આજે કુવ્વત-અલ-ઇસ્લામની મસ્જિદમાં વપરાએલા જણાય છે

અનંગપાળ પછી અજમેરના ચોહાણ વિગ્રહરાજે તુંવાર વંશને ઉથલાવી પાડયો અને તેના ભત્રીજા પૃથ્વીરાજ (જેને મુસ્લિમ ઇતિહાસકારો રાયપિથોરા કહે છે તે)ના હાથમાંથી ૧૧૯૩માં મહમ્મદ ઘોરીએ તે જીતી લીધું. ત્યાર બાદ દિલ્હી અનેક વખત વસાયું છે અને તેનાં સ્થળ એ જ જગ્યાની સહેજ ઉત્તરે કે પૂર્વે જ રખાયાં છે. માત્ર તઘલખોએ એકવાર દક્ષિણ દિશાનો ખડકાળ ભાગ પસંદ કરેલો, અને હમણાં બ્રિટિશોએ નવું દિલ્હી પુરાણા શહેરની દક્ષિણે વસાવ્યું છે.

પૃથ્વીરાજને હરાવીને રાજપુત સત્તા ઉથલાવી નાખ્યા બાદ તુર્કોએ દિલ્હીને જ રાજધાની તરીકે સ્થાપ્યું અને ‘કિલ્લા રાય પિથોરા’ (લાલ કોટ)ને મજબૂત કરી અંદર રૂપસુંદર બાંધકામો કરાવ્યાં. કુતુબુદ્દીને ગાદીએ આવીને સ્થિર થયા પછી સૌથી પહેલું કામ એક મસીદ બાંધવાનું આરંભ્યું. હિંદુસ્તાનમાં ઇસ્લામ ધર્મ દાખલ થયાનું એ પહેલું પ્રતીક કુતુબ મસીદ કુવ્વત-અલ-ઇસ્લામના નામે પણ ઓળખાય છે અને એ ઉપરાંત વિખ્યાત કુતુબમિનાર એ તે સમયનો એવો જ બીજો અવશેષ.

અલ્તમશ, નાસિરૂદ્દીન અને બલબન પછી (૧૨૮૭) દિલ્હીની કળા ઝાંખી પડી ને બલબનના પૌત્ર કૈકોબાદે ઓખલા નજીક કિલોખેરીમાં રાજધાની બદલી. પણ તેમની પછી આવેલા ખિલજી વંશમાંના અલાઉદ્દીન ખિલજીએ (૧૨૯૬થી ૧૩૧૬) પાછું સીરી પાસે નવું ખિલજી-દિલ્હી બંધાવ્યું, જ્યાંનો હજાર સ્તભનો મહેલ (જેનો આજે એકપણ અવશેષ રહ્યો નથી) તો ઇતિહાસ-ખ્યાત છે. ત્યાર પછી ગ્યાસુદ્દીન તઘલખે (૧૩૨૦-૧૩૩૫) તઘલખાબાદ વસાવ્યું; ને તેના પુત્ર મહમ્મદ તઘલખે તેની સામે આદિલાબાદ બંધાવ્યું; પણ અંતે તેણે એ બંને છોડીને ફરીથી રાજધાની જૂના દિલ્હી અને સીરીમાં ખસેડી ને એ બંનેને આવરી લઇને નવી કિલ્લેબંધી કરી શહેરને તેજસ્વી કર્યું તથા ‘જહાંપનાહ’ (જગતનું આશ્રયસ્થાન) નામનો બીજો હજાર સ્તંભનો મહેલ બાંધ્યો.

મહમદ તઘલખના ભત્રીજા ફિરોઝશાહે વળી પડોશમાં જ નવું ફિરોઝાબાદ બંધાવ્યું અને સીરી તથા જૂના દિલ્હીનાં મકાનોની સામગ્રી વાપરીને જમના કિનારાથી તે છેક ઈન્દ્રપ્રસ્થ સુધી વિસ્તરતું એક મોટું નગર બંધાવ્યું, જે તઘલખોના અમલ દરમ્યાન જાહોજલાલ રહ્યું. પણ થોડા વખત પછી તાતાર વંશનો તૈમુર લંગ ચડી આવ્યો, મહમદ ગુજરાતમાં ભાગી ગયો અને તૈમુર દિલ્હી લૂટીને ચાલ્યો ગયો.

તઘલખો પછી આવેલા નબળા સૈયદ વંશના ખિઝરખાને ખિઝરાબાદ અને તેના પુત્ર મુબારકે મુબારકાબાદ નામનાં વળી નવાં બે શહેરો ઊભાં કરવાની ચેષ્ટા કરી, પણ તે ક્ષણજીવી નીવડી તે પછીના લોદી વંશનો સિકંદર લોદી દિલ્હી તજી આગ્રામાં રાજધાની લઈ ગયો અને દિલ્હીનું નૂર ઘટી ગયું.


૧૫૨૬માં, તૈમુરના છઠ્ઠા વંશજ બાબરે હદ પર ચડાઈ કરી ઈબ્રાહીમ લોદીને પાણીપતના મેદાન પર હરાવી મુઘલ સત્તા સ્થાપી તેણે પણ રાજધાની તો આગ્રામાં જ ચાલુ રાખી હતી. પણ તેનો પુત્ર હુમાયૂં તે ફરી દિલ્હી લઈ ગયો. અને નિસ્તેજ થઇ ગએલા એ શહેરને ફરી સજીવન કરવા માંડયું.

૧૫૪૦માં હુમાયૂંને હરાવીને પઠાણવંશનો શેરશાહ ગાદીએ આવ્યો. તેણે ત્યાં નવી જ નગરી નિર્માણ કરી તેણે જૂના ઇન્દ્રપ્રસ્થની જગ્યા ઉપર આજે ‘પુરાણા કિલ્લા’નામથી ઊભી છે તે કિલ્લેબંધી બાંધીને નવું શહેર સર્જાવ્યું. ફિરોઝશાહ તઘલખે જેમ સીરી અને જહાંપનાહને તોડીને તેના પથ્થરો વડે ફિરોઝાબાદ બંધાવ્યું. તેમ શેરશાહે ફિરોઝાબાદનો નાશ કરીને તેની સામગ્રી વડે આ નવું શહેર સર્જ્યું. પંદર વરસ બાદ ૧૫૫૫માં હુમાયૂંએ પાછા આવીને ઈરાનની મદદથી પોતાનું રાજ્ય જીતી લીધું ત્યાર પછી તેણે શેરશાહના બાંધેલા નગરમાં ઉમેરો કરી તેને વધુ સમૃદ્ધ કર્યું ને તેને ‘દીનપનાહ’ (ગરીબનું આશ્રયસ્થાન) નામ આપ્યું. અકબરે તેના વિસ્તાર અને રોનકમાં થોડો વધારો કર્યો. જોકે રાજધાની તો તે પાછી આગ્રામાં જ લઇ ગયો હતો, અને તેના તથા જહાંગીરના સમયમાં એ ત્યાં જ રહી હતી.

પણ નવાં શહેરો બાંધવાની એ કાળની મહત્ત્વાકાંક્ષામાંથી અકબર જેવો મહાન સમ્રાટ તો શાનો જ બચી જઇ શકે? તેણે આગ્રાથી થોડે જ દૂર, એક સુંદર મેદાન પર, ઇતિહાસમાં બેનમૂન ગણાએલી એવી ફતેહપુર સિક્રિની નગરી સરજાવી. અત્યંત શોખથી સર્જાવેલી એ નગરી દુર્ભાગ્યે વસી જ નહિ અને અકબરનું એ સ્વપ્ન ખરી પડયું.

તેની પછી જહાંગીર તો આગ્રામાં જ વસ્યો; માત્ર કાશ્મીર જતાં એકવાર દિલ્હીમાંથી પસાર થએલો એટલું જ. પરંતુ બાંધકામનો શૉખીન, અનેક ઇમારતોનો સર્જક અને તાજમહાલની સ્વપ્નસૃષ્ટિને સજીવ કરનાર શાહજહાં તેના પિતાની માફક શાન્ત ન બેસી શક્યો.

દિલ્હી જોકે હજી ઉપ-રાજધાની તરીકે



**તુલામંદિરઃ** મુગલ મહેલોમાંની કારીગરીનો, આ એક જ નમૂના ઉપરથી આછો ખ્યાલ આવશે. એની કમાનની ઉપરનો આરસનો પત્થર તથા તેના પરનું નકસીકામ ખાસ જોવા જેવું છે. તુલા ચીતરેલો પત્થર અર્ધચન્દ્રાકારે છે, અને તે એટલો પાતળો છે કે એક બાજુ કરેલો દીવો બીજી બાજુ દેખાય છે. ચન્દ્રનાં કિરણો એમાંથી પસાર થઈ શકે છે. પત્થર ઉપર સૂર્ય, ચન્દ્ર અને તારાઓની વચમાં અદ્દલ ન્યાયનું સૂચક ત્રાજવું સુવર્ણથી ચીતરેલું છે.

ધીકતું અને આગેવાન નગર હતું. પણ રાજનગરની ભવ્ય જાહોજલાલીની તેજસ્વિતા ઓછી થઈ હતી. તે પાછી લાવવા શાહજહાં પ્રવૃત્ત થયો. પરંતુ હુમાયૂંની કમનસીબી સાથે સંકળાએલું 'દીન પનાહ' તેને ગમતું ન હતું, એટલે દક્ષિણે નવી વિશાળ જગા પર અને આગ્રાને ટક્કર મારે તેવું રોનકદાર તથા ભવ્ય નગર નિર્માણ કરવાનો તેણે નિરધાર કર્યો. તેણે પોતે જ તેના નકશા યોજ્યા અને ઊંચામાં ઊંચી સાધનસામગ્રી વાપરીને ઉન્નત કિલ્લેબંધી, આલીશાં દરવાજા, રૂપસુંદર મહેલાતો અને મનોહર મસ્જિદો તથા બીજાં મકાનો વડે પોતાના નામને કાયમ કરતું શાહજહાંનાબાદ સર્જાવ્યું. આજે હયાત છે તે એના અવશેષો.

કિલ્લાની અંદર શાહી કચેરીઓ, ખાસ કિલ્લાની જ બજારો, અમલદારોનાં મકાનો અને ભવ્ય-મનોહર સમૃદ્ધ-સુંદર બાદશાહી મહેલો હતા. અને બગીચા વિનાના કદિ મુઘલ મહેલો વળી સાંભળ્યા છે? 'માહતાબ' (ચન્દ્ર) અને 'હયાત-બક્ષ' (અમૃત-દાતા) નામના બે મોટા દિલચસ્પ બાગ મહેલોની સામે રચવામાં આવ્યા હતા અને યમુનાનાં પાણી એ બગીચાઓની વચ્ચે જ નહિ પણ ખુદ શાહી મહેલોના ઓરડાઓમાં પણ રાત દિવસ વહેતાં. એ માટે 'નહરે બેહિશ્ત' (સ્વર્ગીય ઝરણ) એ નામથી પડખેની યમુના નદીમાંથી પાણી લાવવાની આરસપહાણની એક ખાસ નહેર યોજવામાં આવી હતી, જેમાંથી નહેરો, હોજો, ફુવારાઓ અને રંગમહેલોમાંના ફુલબિછાતની કારીગરીવાળા સંગેમરમરના છીછરા જલપટ પર સદોદિત શીતલ નિર્મલ જલ ખળખળ વહ્યાં કરતાં.


આજે લાલ કિલ્લાને નામે ઓળખાતું એ સ્થળ એ કાળે કેટલું જાહોજલાલ હશે તેની તો કલ્પના જ કરવાની રહી. સમય અને માનવીના ક્રૂર હાથે વર્તાવેલા કેરનો ભોગ થઇ પડેલા એ અવશેષ આજે કરુણ ઉજ્જડતા પોકારતા ઊભા છે. એક બગીચો તો નામશેષ થઇ ગયો છે, બેગમમહાલની જગ્યાએ આજે બેડોળ બરાકો ઊભી છે, અને શાહજહાંએ જ્યાં સંગેમરમરમાં કાવ્ય સર્જેલાં ત્યાં આધુનિક ઢબનાં બેહૂદાં મકાનો ડોકાઈ રહ્યાં છે. દીવાને-આમ અને દીવાને-ખાસ, તસ્બીખાના, રંગમહાલ, ખ્વાબગાહ (સ્વપ્નમંદિર), શહેનશાહને પોતાને નમાજ પડવા માટેની નમણી મોતી મસ્જિદ, અને વહેતાં પાણી નીચેના રોશની વડે બારે માસ ચોમાસાનો ખ્યાલ ઊભો કરતાં 'શ્રાવણ-ભાદરવો' નામનાં આરામગૃહ, આ બધાં કાળ અને માનવીની નિષ્ઠુરતા સામે તોહમતનામું પોકારતાં ઊભાં છે. મુઘલ સલ્તનતના અસ્ત પછીના તેના કપરા દિવસોમાં ઈરાનીઓ, અફઘાનો, મરાઠાઓ ને જાટો, જે આવ્યા તે- જેમને જેમ ફાવ્યું તેમ—આ શાહી મહેલોની છતોમાંનાં સોનારૂપાનાં જડતર, સંગેમરમરના થાંભલાઓ પર જડેલા બહુમૂલ રત્નાદિ ઊખેડી ઊઝરડીને લૂંટી ગયા. અને એમની પછી આવેલાઓ, જાણે હજી બાકી રહ્યું હોય તેમ, સંગેમરમરના સ્નાનાગાર વગેરે જે કાંઈ રહીસહી કલાકારીગરીની ચીજો હતી તે દરિયાપાર ખેંચી ગયા.

અને આજનો ચાંદની ચોક જોઈને રખે શાહજહાનાબાદના વખતના ચાંદની ચોકની તમે કલ્પના કરતા! લાહોરી દરવાજાથી તે લાલ કિલ્લા સુધી વૃક્ષછાયો એ વિશાળ રાજમાર્ગ વિસ્તરી રહ્યો હતો, જેને પડખે પડખે પાણીની એક નહેર સદોદિત વહ્યા કરતી. વૃક્ષરાજિ અને જલલહરીથી શીતળ થઇ લો એ રાજમાર્ગ વ્યાપાર-ઉદ્યોગ ને દેશ-પરદેશના સોદાગરો-વણઝારાઓ આદિથી ધમધમી રહેતો, અને તેમની વચ્ચે ઘોડા થનગનાવતા યુદ્ધવીરો, હાથી પર મલપતા અમીર ઉમરાવો અને પડદા ઢાળેલી પાલખીઓ તથા સુખાસનોમાં બિરાજતી મોટા ઘરની સ્ત્રીઓ અને તેમનાં દાસદાસીઓના રસાલા આવજા કરતા.

ફુવારાની સામે આજે આવેલી એ સુનહેરી મસ્જિદની અગાશીમાંથી જ ઇ. ૧૭૩૯માં નાદિરશાહે દિલ્હીની કતલ ફરમાવી હતી અને ચાંદની ચોકના એ વિશાળ રાજમાર્ગ પર પાણીની મ ફક લોહીનાં પૂર વહ્યાં હતાં.

અઠ્ઠાવન દિવસ સુધી દિલ્હીને લૂંટીને નાદિરશાહ પાછો ગયો ત્યાર પછી મુઘલ વંશના અવશેષ સમા શાહઆલમને ૧૭૭૧માં મરાઠાઓએ ગાદીએ બેસાડચો તો ખરો, પણ ખરી સત્તા તેમના સિંધિયાના જ હાથમાં હતી. પરંતુ આ દરમ્યાન અંગ્રેજોનો પગપેસારો શરૂ થઈ ગયો હતો. ૧૮૦૩માં લૉર્ડ લેઇકે મરાઠાઓને શિકસ્ત આપી દિલ્હીનો કબજો લીધો. ફરી ૧૮૦૪માં હોલકરે દિલ્હી પર આક્રમણ કર્યું, પણ જનરલ ઑક્ટરલોનીએ તેને ટકાવી રાખ્યું અને લૉર્ડ લેઇકે ફરી આવી ત્યાં મજબૂત સત્તા સ્થાપી દીધી. ત્યાર બાદ સત્તાવનના બળવા વખતે ફરી એ શહેરે છેલ્લી આફત અનુભવી. તેનું નૂર તદ્દન હણાઈ ગયું.

ત્યાર બાદ અંગ્રેજ સત્તા સ્થિર થઇ, પણ તેનું પાટનગર તો લગભગ અરધી સદી સુધી કલકત્તા જ રહ્યું. અંતે ઇ. ૧૯૧૧માં પાંચમા જ્યૉર્જે દિલ્હીમાં દરબાર ભરી તેને ફરી હિંદની



નવી દિલ્હીના સ્થાપત્યનો એક નમૂનો: 'કાઉન્સિલ હાઉસ'ના નામથી ઓળખાતું, ચોમેર ફરતી થાંભલાની હારોવાળું, વર્તુલાકારી આ જંગી મકાન બ્રિટિશ સ્થપતિ સર હર્બર્ટ બેકરનું સર્જન છે. તેમાં વર્તુલને અડીને સરખા સપ્રમાણ અંતરે જે ત્રણ મોટા 'ચેંબર' જણાય છે તે અનુક્રમે વડી ધારાસભા, 'કાઉન્સિલ ઑવ સ્ટેટ' અને 'ચેમ્બર ઑવ પ્રિન્સિસ'ના છે તેમનાં મુખ મધ્યમાં આવેલા વિશાળ ઘુમ્મટવાળા લાયબ્રેરી હૉલમાં પડે છે, જ્યાં વાઇસરૉય એ ત્રણે ચેમ્બરની સંયુક્ત સભાઓ ભરે છે.

રાજધાની તરીકે સ્થાપ્યું; અને બીજે જ વર્ષે ૧૯૧૨માં ત્યાં આધુનિક સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ નવું દિલ્હી બાંધવાની શરૂઆત કરવામાં આવી.

ઉપરના વૃત્તાંત પરથી આપણે જોયું કે જૂના સમયથી જ દિલ્હી શહેરની જગ્યાએ સદાકાળ બે દિલ્હી રહેતાં આવ્યાં છે: નવું દિલ્હી અને જૂનું દિલ્હી. ઈન્દ્રપત, કિલ્લા રાય પિથોરા, કિલોખેરી, સીરી, તઘલખાબાદ, ફિરોઝાબાદ, દીનપનાહ—સૌના વારાફેરા આવી ગયા અને એકને જૂનું ઠરાવી બીજાએ નવા શહેરની જાહોજલાલી માણી. આજે એક કાળનું માતબર શાહજહાનાબાદ 'પુરાણા શહર' તરીકે ઓળખાય છે, ને તેની દક્ષિણે પાંચ માઈલ પર આવેલા એક પથરાળ ખડક પર સરકારી મકાનો નિર્મીને તેને મધ્યબિંદુમાં રાખી તેને ચોમેર પાંચ ચોરસ માઈલના ઘેરાવમાં આજના અંગ્રેજી હકૂમતના હિંદી સામ્રાજ્યનું 'નવું દિલ્હી' ખડું થયું છે. અંગ્રેજ સ્થપતિ સર એડવિન લટિયન્સનું રચેલું એ નગરનિર્માણ તો આજે પ્રત્યક્ષ છે.

# કસોટી


આ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર મેળવવા તમારી મેળે પ્રયત્ન કરીને પહેલાં તમારી બુદ્ધિ કસી જુઓ. નહિતર તેના જવાબો તો પૃ. (૫૨) ઉપર આપેલા છે જ.

(૧) એક ખેડુતને છ છોકરા હતા. તે મરતી વખતે એવું વિલ કરતો ગયો કે મારા મરણ પછી દરેક છોકરાએ એકએક ટોપલી લઇને તેમાં નીચે પ્રમાણે નારંગી નાખવી. સૌથી નાનાએ દસ, તેથી મોટાએ વીસ, તેથી મોટાએ ત્રીસ, તે પછીનાએ ચાળીસ, પછીનાએ પચાસ ને તેની પછીનાએ સાઠ. અને પછી બજારમાં જઇને દરેકે તે એક જ મુકરર ભાવે વેચી લાવવી અને છતાં સૌએ સરખા જ પૈસા લાવવા. મોસંબીના કકડા કર્યા વિના વેચવાની શરત. એ કયે ભાવે વેચી લાવવી તે જે છોકરો સૌ પહેલો શોધી કાઢે તેને મારી અરધોઅરધ મિલ્કત મળે, ને બાકીની અરધી બીજા પાંચ વહેંચી લે. આ વિલ સાંભળીને છમાંથી પાંચ છોકરામાં કોઈ છોકરો ચીડાયો, કોઇ ગુસ્સે થયો, કોઈ નિરાશ થયો ને કોઇએ વિલને મશ્કરી માની.

પણ સૌથી નાનો શાંતિથી એક ખૂણે જઈ બેઠો ને થોડીવારે જવાબ શોધી લાવી સૉલિસિટરના હાથમાં મૂક્યો તમે શોધી કાઢશો કે એ જવાબ શો હશે?


(૨) પાકા પૂઠાવાળી એક નોટબુકની કિંમત ૪ાા આના છે; અને પૂઠા વગરની નોટબુકની કિંમત પૂઠાની કિંમત કરતાં ૪ આના વધારે છે. તો પૂઠાની કિંમત શી?

(૩) પાડો, ટીલું, ક્ષણ, સુરા, માળ, હળ, શણ, સ્વર, ગો, વટ, શર, દર.—આ બાર શબ્દો પોતે વ્યક્તિગત રીતે સ્વતંત્ર છે; પણ તેમાંના બબ્બેને જો યોગ્ય રીતે જોડવામાં આવે તો તેમાંથી છ બીજા જ સ્વતંત્ર શબ્દો બની રહે તેમ છે. તમે તે કરી શકશો?



(૪) પેન્સિલ ઉપાડ્યા વિના, સળંગ

એકજ રેખા દોરીને આ આકૃતિ ઉપજાવો.
(૫) એક ટેબલના ખાનામાં ૧૦ કાળાં મોજાં ને ૧૦ ધોળાં મોજાં છે. જો તમે અંધારામાં એ ખાનામાંથી મોજાં કાઢો તો ઓછામાં ઓછાં કેટલાં મોજાં લેવાં જોઈએ કે જેથી તમને એકરંગી એક જોડી તો મળી જ રહે?




હિંદનાં ઉત્પન્ન અને ઉદ્યોગની સમૃદ્ધિ—ભારતના જુદાજુદા ભાગોમાં થી પકવતાં પ્રાણી વનસ્પતિ તથા ખનીજ આદિ ઉત્પન્ન અને ચાલતા ઉદ્યોગોનો સમગ્ર ખ્યાલ આપતો નકશો.

# સ્વ૦ ગોવિંદ સ્વામી

ભાવિ ગુજરાતના એક ઉપયોગી કાર્યકર નીવડીને નામ કાઢી શકે તેવા તેજસ્વી જુવાન અને આશાસ્પદ કવિ ભાઈ ગોવિન્દ સ્વામીનું, ગઈ તા. ૫મી માર્ચના રોજ માત્ર ત્રેવીસ વર્ષની વયે અકાળે દુઃખદ અવસાન થયું.

ઈ.સ. ૧૯૨૧ના એપ્રિલની ૬ઠ્ઠી તારીખે અમદાવાદમાં એમનો જન્મ થએલો. અભ્યાસકાળથી જ એ તેજસ્વી હતા, અને પચ્ચીસીને ઉંબરે પણ નહોતા પહોંચ્યા ત્યાં સુધીના પોતાના ટૂંકા જીવનને એમણે ધ્યેયશીલતાની કસોટીએ ચડાવી દીધું હતું.

શાળાજીવન દરમ્યાન જ એમને રાષ્ટ્રભક્તિની દીક્ષા મળેલી. શાળાનું શિક્ષણ પૂરું કર્યું એટલામાં આજુબાજુનાં ગામડાંઓમાં કિસાન વસતિમાં કામ કરવાની હાકલે એમને આકર્ષ્યા અને અમદાવાદના કૉંગ્રેસ સમાજવાદી પક્ષના સંપર્કમાં આવી સક્રિય સેવાકાર્યની દિશામાં એમણે પગલાં માંડ્યાં. એ જ દિવસોમાં પરદેશથી પાછા ફરેલા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક કિસાન કાર્યકરોની શોધમાં અમદાવાદ જિલ્લામાં ફરતા હતા, તેમને હાથ ગોવિન્દ સ્વામી ચડી ગયા, ને શ્રી ઇન્દુલાલના સાથમાં એને એ કાર્યનો સારો પલોટ મળ્યો.

ત્યાર પછી એ પાટણની આયુર્વેદિક કૉલેજમાં અભ્યાસ માટે જોડાયા. ત્યાં એમના સમવયસ્ક યુવાન કવિ પ્રજારામ રાવળ સાથે ગાઢ મિત્રતા જામી અને તેમના સહકારમાં પાટણના વિદ્યાર્થીઓની સાંસ્કારિક તથા પ્રાગતિક પ્રવૃત્તિઓના નેતા અને મંત્રી બન્યા. એમના સાહિત્યસંપર્ક અને કવિતાલેખનનો વિકાસ એ કાળે થયો. દરમ્યાન એમનું વલણ સામ્યવાદી પક્ષ તરફ ઢળતું જતું હતું.

૧૯૪૧માં જાપાની સૈન્ય બ્રહ્મદેશની સરહદે આવી બેઠું એ વેળા પંજાબ વિદ્યાર્થી સંઘે ખોલેલી ગેરીલા યુદ્ધની તાલીમ-છાવણીમાં ગુજરાતથી જનારા દસેક વિદ્યાર્થીઓમાં ગોવિંદ સ્વામી પણ હતા.



પાટણમાં આયુર્વેદનો અભ્યાસ પૂરો કરી એમણે થોડો વખત વડોદરામાં દવાખાનું ચલાવેલું. રાષ્ટ્રકાર્ય તો સાથોસાથ ચાલતું જ હતું, અને બીજી બાજુ સાહિત્ય વિકાસ પણ ઉત્તરોત્તર વધતો જતો હતો. આ અંકના અગ્રપૃષ્ઠ પર મૂકેલાં એમનાં બે કાવ્યો એમની એ શક્તિ કઈ કક્ષાએ પહોંચેલી તે દર્શાવી રહે છે. ૧૯૩૯માં મહાયુદ્ધ શરૂ થયું એ વખતે એમના પ્રાણે ઉદ્રેક અનુભવ્યો, અને એમણે બે લાંબાં યુદ્ધકાવ્યો લખ્યાં. કદાચ એવાં સીધાં યુદ્ધકાવ્યોની પુસ્તિકા લઈ ગુજરાતની જનતા સમક્ષ આવનાર તેઓ પ્રથમ હતા. તાજેતરમાં 'ફાલ્ગુની' ત્રૈમાસિકનું સંપાદન પણ એમણે હાથ લીધેલું.

છેલ્લા એક વરસથી એમણે અમદાવાદમાં દવાખાનું ખોલ્યું હતું, અને પોતાની સહૃદયતા તથા સેવાવૃત્તિથી ખૂબ લોકપ્રિય થયા હતા. લોકહિતાર્થે ચાલતા એ દવાખાના ઉપરાંત કાળુપુરની સહકારી પ્રવૃત્તિના તે પ્રમુખ હતા.

કાળે ઊગતા ચૂંટી લીધેલા એ પ્રાણવાન યુવાનને ગુજરાત યાદ કરશે. એમના આત્માને શાંતિ હો.

# ટિકિટ-સંગ્રહ . . . [૨]

## આલ્બમ

ટિકિટ-સંગ્રહમાં બીજું પગથિયું આવે છે તે તેની સંગ્રહપોથી—આલ્બમ. શોખીન ટિકિટ સંઘરનારાઓ તો તેને માટે ખાસ છાપેલાં આલ્બમો ખરીદીને વાપરે છે. તેમાં દુનિયાભરના દેશો માટે એકેક બબ્બે પાનાં રાખેલાં હોય છે અને પાનાને મથાળે તે તે દેશનું નામ તથા તેને માટે થોડી માહિતી આપેલી હોય છે ઉપરાંત આલ્બમની શરૂઆતમાં કે અંતે થોડાં પાનાં માહિતી રૂપે આપેલાં હોય છે, જેમાં દરેકેદરેક દેશની ટિકિટોનો ખ્યાલ આપતાં સ્કેચચિત્રો, ટિકિટોના પ્રકાર, તેના રંગ, કિંમત વગેરેની સંપૂર્ણ યાદી, તથા ઘણાંમાં દુનિયાના દેશોના નકશાઓનો એક નાનો સરખો ઍટલાસ પણ સાથે આપેલો હોય છે. આવાં આલ્બમો વિવિધ કદ, રૂપ અને માહિતી મળે છે.


પણ શરૂઆત કરનારે, તેમજ જેના ગજવાને ભારે પડે તેમ હોય તેણે એવા આલ્બમના ખર્ચમાં ઊતરવાની શી જરૂર? જરા જાડા, ચીકણા, મજબૂત, સફેદ કોરા કાગળની એક સારી ચોપડી બાંધી, તેનાં એકએક બબ્બે પાનાં એકએક દેશ માટે રાખી, તેના મથાળે દેશનું નામ લખવું, અને તે પાનાંઓ ઉપર દરેક જાતની એક એક ટિકિટ ચોડવી.

ટિકિટની એ જાત નક્કી કરવાનું શરૂઆતમાં જરા મુશ્કેલ લાગશે. અમુક દેશમાં માત્ર એક જ ડિઝાઈનની ટિકિટ હોય છે અને તેની નીચે ફક્ત ટિકિટની કિંમતના આંકડા ફરતા રહે છે; જ્યારે કેટલાક દેશો જુદી જુદી કિંમતવાર જુદી જુદી ડિઝાઈનો પાડે છે. આ ઉપરાંત દેશને લગતો કોઈ ઐતિહાસિક, ભૌગોલિક કે સાંસ્કૃતિક મોટો પ્રસંગ બને તેના સ્મરણમાં ખાસ ટિકિટો પાડવામાં આવે તો તેનાં અવનવાં ડિઝાઇનો તૈયાર કરવામાં આવે છે, જેમાં એ પ્રસંગનું મહત્ત્વ દર્શાવતાં કોઈ વ્યક્તિનાં કે પ્રસંગનાં ચિત્રો હોય છે અગર તો કોઈ વાર તે દેશની વિશિષ્ટતા દર્શાવતી નિપજનાં, પ્રાણી-પક્ષીનાં કે કુદરતી દૃશ્યોનાં ચિત્રો હોય છે.

ઘણીવાર એક જ રાજ્યકર્તાના વખતમાં પણ ટૂંક મુદ્દતમાં ટિકિટની ડિઝાઇનમાં ફેરફાર થઈ જાય છે. દાખલા તરીકે આપણે ત્યાંની છઠ્ઠા જ્યૉર્જની છાપવાળી એક, બે અને ત્રણ પૈસાની ટિકિટો હમણાં થોડા જ વખતમાં બે પ્રકારની બહાર પડી ગઈ. એટલે, સંગ્રહ કરનારે આ હકીકત ધ્યાનમાં રાખીને દરેકેદરેક જાતની ટિકિટો વીણીવીણીને એકઠી કરવાની કાળજી રાખવી. **હરિલાલ અઁકર**

## કસોટીના જવાબ

(૧) બે આને ડઝન, અને આખા ડઝન સિવાયની છુટી બધી એક આને નંગ લેખે; (૨) પૂઠાની કિંમત ૦ા આનો; પૂઠા વગરની નોટની કિંમત ૪ા આના; (૩) પડોશણ, ગોટીલું, સ્વરક્ષણ, સુરાવટ, શરમાળ, હળદર; (૪) A થી પેન્સિલ શરૂ કરી B આગળ અટકવું; (૫) ત્રણ; જેમાં કાં તો ત્રણે કાળાં આવે, કાં બે કાળાં અને એક સફેદ, અથવા બે સફેદ ને એક કાળું, અગર તો ત્રણે સફેદ હોય. એટલે એમાંની એક જોડી તો એકરંગી નીકળે જ.



# રસદર્શન

## સાહિત્ય, કલા, કુદરત આદિના સંપર્કથી જીવનમાં લાધેલા જે રસાનુભવોએ પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવ્યો તેનાં સંસ્મરણો

લેખક
**ડૉ. હરિપ્રસાદ વ. દેસાઇ**

**૪૭** વર્ષની વાત છે. ત્યારે હું ૧૭ વર્ષનો હતો. સરસ્વતીચંદ્રનો પહેલો ભાગ વાંચ્યો હતો. 'કુસુમમાળા'માંના 'ચંદા' કાવ્યનું અવતરણ મને બહુ જ ગમેલું:

'મેઘ પેલો ગરતીખોરો, મુજને રંજાડવા
કંઈ યુક્તિઓ બહુવિધ કરે ભંગાણ સુખમાં પાડવા'

એ ઉપરાંત સ્વ. નારાયણ હેમચંદ્રની 'ગૃહજીવનનાં વિશુદ્ધ સુખો'ની કેટલીક વાર્તાઓ વાંચી હતી તેનાથી મુગ્ધ થયો હતો.

**ન્યૂ** ઇંગ્લિશ સ્કૂલમાં હું છઠ્ઠા ધોરણમાં હતો ત્યારે કવિતામાં અમારે ગોલ્ડસ્મિથની 'ટ્રાવેલર' કવિતા ચાલતી શ્રી નગીનલાલ દેસાઇ (જેઓ સદ્ભાગ્યે આજે પણ હયાત છે તે) અમારા અંગ્રેજી વર્ગો લેતા. એ 'ટ્રાવેલર' (મુસાફર) કાવ્યનું થોડુંક ભાષાન્તર ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં આપેલું છે એ ભાષાન્તર સાથે વંચાવીને માસ્તરે અમને એ કાવ્યમાં અને ગોલ્ડસ્મિથના બીજા કાવ્ય 'ડેઝર્ટેડ વિલેજ' (ઉજ્જડ ગામ)માં બહુ રસ લગાડ્યો:

'ઘર તજી ભમું હું દૂર. સ્વજનહિન, ઉર ભરાઇ આવે,
નહિ ચરણ ઊપડે હુંથી શોકને માર્યે;
ધીમીધીમી 'શેલ્ટ' વહી જતી, 'પો' નદી છંદે,
ભમી ભમી મૂક્યા નિશ્વાસ ત્યાંજ મન મંદે.'

ડાકોર પાસેનું અમારૂં બ્રહ્મક્ષત્રિયોનું મૂળ અલીણા ગામ છોડી, અમે બધા શહેરી જીવનના મોહમાં પડીને તેમજ પુરુષાર્થ ખેડવા માટે અમદાવાદ નાસી આવ્યા તેથી તે ઉજ્જડ થએલું મેં જાતે જોએલું હતું, એટલે 'ડેઝર્ટેડ વિલેજ'ની છાપ હું આબાદરીતે મનોગત કરી શક્યો.

મારા પિતાજીને ગામ-પરગામ બદલીઓ બહુ થએલી, ત્યારે અમે સંજોગવિજોગનાં સુખદુઃખ પણ વેઠ્યાં હતાં. ગોલ્ડસ્મિથની કવિતામાં માસ્તરે મને એવો તો રસ ઉત્પન્ન કરાવ્યો કે ત્યારથી જીવનની ઊંડી વ્યથાઓ અને ભાવનાઓ માટેનું સંવેદન મારામાં જાગૃત થયું, એટલું જ નહિ પણ બીજી બાજુ સૃષ્ટિસૌન્દર્ય પણ જોતાં આવડ્યું.

**થોડા** જ વખતમાં મારે જૂનાગઢ જવાનું થયું, ને આમ, અકસ્માતે, ગોલ્ડસ્મિથ તથા ગિરનારની ઓળખાણ જીવનમાં સાથેસાથે થઇ. જૂનાગઢમાં ઉપરકોટના ઈશાન ખૂણે એક એકાન્ત સ્થળ શોધીને મેં ગિરનારનું અનંત સૌન્દર્ય એક સાંજે જોયા જ કર્યું...જોયા જ કર્યું.

બીજે દિવસે પ્રાતઃકાળથી અમે ગિરનારનાં શિખરો પર ચડવાનું શરૂ કર્યું. ત્યારે પણ જેમજેમ ઊંચા ચડીએ તેમતેમ લીલાં ખેતરો, પર્વતમાળા, સરિતાઓ અને વનોની શોભા વખતોવખત વધતી જતી લાગતી હતી. એ ગિરિપ્રદેશની રમણીયતાથી મને બહુ જ આનન્દ થયો. એ દિવસથી સૌન્દર્યલોકમાં જે પ્રવેશ મળ્યો છે તેણે મારા જીવનને બહુ અગત્યનો પલટો આપ્યો છે; અને તે દિનપ્રતિદિન વધારે ને વધારે સુખદાયક થતો ગયો છે.

**ત્યારે** ન્હાનાલાલ કવિ ગુજરાતી સાહિત્યાકાશના પૂર્વ ક્ષિતિજમાંથી ધીમેધીમે ઉપર આવતા હતા.

'રાત્રી વ્હેરણ થાય, ચંદા બ્હેની! રાત્રી વ્હેરણ થાય,
પ્રેમ નિરર્થ ઢોળાય, ચંદા બ્હેની! રાત્રી વ્હેરણ થાય.'

શ્વેતાંબરી સંન્યાસિનીનું એમનું એ પહેલું કાવ્ય 'જ્ઞાનસુધા'માં છપાએલું. એ વાંચ્યું ને હું એ ગાતાંગાતાં એના ભાવના ઊંડાણમાં ઊતરી ગયો.

'વ્હાલી! જોને પેલી કોયલડી, તરુવૃન્દમાં રે, ગાતી છંદમાં રે.
ટુહૂ ટુહૂ કહી તુજને બોલાવે, મીઠી મીઠી ને મન ભાવે—''

એમ, નરસિંહરાવ પ્રેમપ્રસંગોને મધુર બનાવતા હતા;

'એ તે કયમ વિસરાય, પ્રિયે રે! એ તે કયમ વિસરાય?'

વગેરે મણિલાલ નભુભાઇએ ઉતારેલા ભવભૂતિના 'ઉત્તરરામચરિત'ની લાવણીઓ હૃદય પર ચોંટતી હતી; આ સંજોગોમાં મારા ગૃહસ્થાશ્રમમાં જીવનસખીનો પ્રવેશ થયો અને બધું ઝકાઝમાળ થઇ ગયું.

**કાંકરિયું** તળાવ મારૂં પ્રિય સ્થળ હતું. બદલાતી ઋતુઓ હું નિરંતર ત્યાં બેસીને જોતો. પ્રાતઃકાળ, મધ્યાહ્ન, સાંજ અને શુક્લપક્ષ તથા કૃષ્ણપક્ષની રાત્રીઓ મેં કાંકરિયાને કિનારેકિનારેથી ભોગવી છે. વર્ષાદની ઝડીઓમાં, ઠંડીના સૂસવાટમાં અને હૃદયના ઉકળાટમાં હું ત્યાં કલાકો ને કલાકો બેઠો છું. વળી,

મેહુલો ગાજે ને માધવ નાચે
મોરલો નાચે ને મેહુલો ગાજે
પાયે બાજે છુમછુમ ઘૂઘરી જી રે!

એવાં કેટલાંયે ગીતના ઝણકાર કાંકરિયાના મનોહર સ્થળેસ્થળેથી હું ગુંજ્યો છું.

**અશ્રુમતિ** નાટક મેં ચાર વાર જોયું હતું. ગરીબાઇને કારણે ચાર આનાથી વધારે હું ખર્ચી શકું એમ ન હતું. પણ એથી તો ઊલટું સારૂં થયું. દૂરથી પડદાના દેખાવો વધારે આબેહૂબ લાગતા હતા અને મને એ બહુ જ ગમતા.

સલીમ જ્યારે અશ્રુને ગુમાવીને એક પાતળી નદીને તીરે ઊભેલા બાવળિયા આગળથી, આથમતી સંધ્યાના ભુંસાઇ જતા રંગો વચ્ચેથી જે ગીતો ગાતો ગાતો પસાર થતો હતો તે મને હજી સાંભરે છે.

**એક** વાર હું વડોદરાનો લક્ષ્મીવિલાસ મહેલ જોવા ગયો. ત્યાં રાજા રવિવર્માનું એક મહાન ચિત્ર મેં જોયું. માતા પૃથ્વી, પાછળથી પોતાની દુઃખી દીકરી સીતાને છાતી સરસી દબાવીને પોતાને ઘેર—ભૂમિના અંતરાળમાં—લઇ જતાં હતાં રામ, લક્ષ્મણ, લવ, કુશ અને વસિષ્ઠ-વિશ્વામિત્ર વગેરે આ કરુણ દૃશ્ય ભયચકિત થઈને જોઇ રહ્યા હતા. મારા હૃદયને હલાવી નાખનારૂં એ પહેલું ચિત્ર.

**સાક્ષરવર્ય** શ્રી મણિલાલ નભુભાઈના દેવલોક થયા પછી હું એમને ઘેર એક વખત જઈ શકેલો. ત્યાં એમનાં પુસ્તકો જોયાં; એમણે નિશાનો ને નોંધો કરેલી અવલોકન માટેની ચોપડીઓ જોઈ. પણ સૌથી વધારે યાદગાર વસ્તુ તો પોતાના દીવાનખાનામાં એમણે રાખેલી રવિવર્માની 'મેનકા અને શકુન્તલા'ની મોટી છબી હતી. એ છબી ઉપર 'જ્ઞાનસુધા'માં શ્રી ધીરજલાલ ઠાકોરનું એક કાવ્ય મેં તરતમાં જ વાંચેલું હતું તે યાદ આવ્યું:

'રમણીયપણું સ્થળમાં ઉભર્યું,
શું ખિલંત હસંત વસંતઋતુ!'

પરંતુ મણિલાલે આ ચિત્ર એ વસંતઋતુ માટે નહોતું રાખ્યું; એમણે તો, વાંકો હાથ કરીને પશ્ચાત્તાપથી બળતા નાસતા વિશ્વામિત્રની દુઃખદ સ્થિતિ જોયા કરવા એ રાખ્યું હતું.

**એક** મિત્રના લગ્ન પ્રસંગે દિલ્હીથી વારાંગના આવી હતી. એ જાતે કંઇ સુંદર તો ન હતી; પણ એણે

'ગંગાજી કે ઘાટ પે દર્શન કિયા કરો'

એ એક લીટી લગભગ સોએક અભિનયથી ગાઇ હતી, ત્યારનો હું એ ગંગાજીનો ઘાટ ઢૂંઢ્યા કરતો હતો. હું કલકત્તે ગયો ત્યાં એ ઘાટ ન મળ્યો; કાશી ગયો ત્યાં પણ ન મળ્યો. છેવટે ૨૫ વર્ષ વહી ગયા બાદ હરદ્વારને કિનારે એ ઘાટ જડ્યો ત્યારે એ વારાંગનાને મેં માનસિક પ્રણામ કર્યાં હતા.

૪૦ વર્ષ પર હું અજમેર ગયો હતો ત્યારે સ્ટેશન પર ગુલમહોરનાં વૃક્ષો એટલાં બધાં જોયાં કે મરુભૂમિની તમામ શુષ્કતાનું દુઃખ હું ત્યાં વિસરી ગયો અને ત્યાં ને ત્યાં ભગવાનની પ્રાર્થના કરી કે મને બીજું કંઇ ન આપવું હોય તો ન આપીશ, પણ ગુલમહોરનાં ઝાડ તો આપજે જ. તે પછી ૨૩–૨૪ વર્ષે ભગવાને મારી એ પ્રાર્થના સાંભળી અને આજે મારા ઘર પાસે બે મોટાં ગુલમહોર ઝૂકી રહ્યાં છે. એના ઉપર કોયલ, બુલબુલ, દેવચકલી વગેરે મીઠાં પક્ષીઓ આવે છે અને ગ્રીષ્મ બેસતાં જ્યારે બધે સૂકવણાં પડે છે ત્યારે લીલાં ઝીણાં પાન અને લાલચટ્ટક ગુલમહોરના ગુચ્છેગુચ્છા આંખને તૃપ્તિ આપે છે.

**મારા** પિતાજીની સૂરત બદલી થઈ ત્યારે એક સુઘડ, સંસ્કારપૂર્ણ અને રળિયામણા શહેરમાં અમને રહેવાનું મળવાથી મને આનંદ થયો હતો. મુખ્ય રસ્તા પર એક ફોટોગ્રાફરની દુકાન હતી. દુકાનને ઓટલે અને દાદર પર એણે સુવસ્ત્રધારિણી સુન્દર સ્ત્રીઓની ઘણીઘણી જાતની છબિઓ ગોઠવીને મૂકી હતી. વારંવાર એ છબિઓ જોવા હું જતો, અને બહુ વાર એ સ્વરૂપો જોયા કરતો. જણાવવાની જરૂર છે કે એ નિરીક્ષણમાં સ્હેજ પણ વિકારની દૃષ્ટિ નહોતી. જેવા તાપીકિનારા પરના સંધ્યાના રંગો જોવા ગમતા, જેવાં રાણીના બાગનાં ફૂલો મોહક લાગતાં, અને પછીનાં વર્ષોમાં એ જ સુરતના રઝાક બૅન્ડે જેવો સંગીતનો આનન્દ આપેલો, તેવા જ ભાવસૌન્દર્યની કોઇ અજબ પ્રાપ્તિની લાગણીઓથી હું પેલી છબિઓ જોતો.

**‘સરસ્વતીચન્દ્ર’**ના કર્તા ગોવર્ધનરામે નડિયાદમાં નિવૃત્તિનિવાસ લીધો તે પછી તરત જ અમે ત્રણચાર મિત્રો નડિયાદ ગએલા. તે વખતે ‘સરસ્વતીચન્દ્ર’ના ત્રણે ભાગ હું સમજપૂર્વક વાંચી ગએલો. એમની કુમુદ, કુસુમ, વિદ્યાચતુર, ચન્દ્રકાન્ત, સરસ્વતીચન્દ્ર, જમાલ વગેરે મારી આંખ આગળ ભમતાં હતાં. એમણે અમને ઉપર બોલાવ્યા અને નાનામોટાના લેશમાત્ર ભેદ વગર ઘણી વાતો કરી. સ્પેન્સરની છબિ એમણે ઘરમાં મહત્ત્વના સ્થાનકે મૂકી હતી. વિદ્વત્તા અને કવિત્વવાળા, માનવસ્વભાવના મહાન પૃથક્કરણકાર, પ્રતિભાસંપન્ન સર્જક એ મહાન ગુજરાતીના સાન્નિધ્યમાં અમે બેઠા છીએ એ સદ્ભાગ્ય હું ક્ષણ પણ વિસર્યો નહિ, અને જે અરધોએક કલાક એમની સાથે પસાર થયો તેની સેકંડે સેકંડ મેં શ્રવણ, દર્શન અને ભક્તિમાં ગાળી. એ ધન્ય દિવસ તો મારા જીવનનું એક પુનિત સંભારણું છે.

**અમદાવાદના** પ્રાર્થના સમાજે મને અપૂર્વ પ્રેરણા આપી છે. ત્યાં ફત્તાલાલ નામના એક ગાયક હતા. એમનો સિતાર અને એમના જોડીદારોની સારંગી તથા મૃદંગે મારાં ઘણાં પડળ ઉઘાડી નાખ્યાં છે. ભક્તવૃન્દને એ જે સંબોધન કરતા, આનંદ સાથે પ્રેમભાથું બાંધીને પ્રભુના ધામની યાત્રાએ જવા બોલાવતા એ શબ્દો હજી મારા કાનમાં ગુંજે છે:

‘દયાસિંધુ તારે બારણે પોકારે દીન બાળ.
જો ઉભા પિતાજી, માર્ગ મુખ નિરીખતા!
જો ઉભા, કરો પ્રસારી, પ્રેમમય પિતા!’

એવાં અનેક ભજનો, સ્વ. કૃષ્ણરાવ ભોળાનાથ, શ્રી મટુલાલ ધ્રુ, શ્રી વિદ્યાબહેન-શારદાબહેન અને સ્વ. રમણભાઇની તથા ડૉ. સુમન્તની સુપુત્રીઓને મધુર કંઠેથી મેં ત્યાં સાંભળી, હૃદયમાં ઉતારીને જીવનના રેસાઓ અને લોહીના કોષો સુધી ઊંડે ઉતારી દીધાં છે. પ્રાર્થના સમાજના આખા ઋણ વિષે તો મારે એક જુદો લેખ જ લખવો જોઇએ. આ તો માત્ર રસદર્શનની, અને જ્યાંજ્યાં એ રસે દેહ અને પ્રાણને ફળદ્રુપ કર્યાં છે તેની, નોંધ છે. સ્વ. ડૉ. ભંડારકરે ત્યાં કરેલું એક કીર્તન, જેમાં

‘ચલતી ચક્કી દેખકે નયનન આયા રોઈ,
દો પટ ભીતર આય કે સાબિત રહા ન કોઈ.’

એ શ્લોક હતું તે વખતે તથા સ્વ. નરસિંહરાવે પોતાના કીર્તનમાં

‘મરવાં સોહ્યલાં રે, સંતો સુખે જગતથી જાશે’

એ ગીત જ્યારે પોતે હાથમાં એકતારો લઇને ગાએલું તે વખતે, તથા સ્વ. રમણભાઇએ

‘બૂરા દેખન મેં ગયા, બૂરા મિલા ન કોય,
જો દેખું દિલ ખોજકે મોં સે બુરા ન કોય.’

એ મુખ્ય વિચાર પર કીર્તનની કથા રચી હતી તે વખતે, અનંતની સાથેની જે એકતાનતા સાધી છે તેનો તથા એ પ્રાર્થના સમાજમાંથી જીવનશોધનનાં જે કેટલાંયે ગંગાજળ મળેલાં છે તેનો તો હિસાબ કરવો અશક્ય છે.

**‘તારા** ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની.’

એ અને બીજાં હૃદયવેધક કાવ્યોના કવિ ‘કલાપી’નો અકાળે સ્વર્ગવાસ થયો ત્યારે અમદાવાદના ભોળાનાથ લેડીઝ ઈન્સ્ટીટ્યુટમાં સાહિત્ય સભા તરફથી શોકસભા મળી હતી. ત્યાં મારા મિત્ર શ્રી મટુલાલ ધ્રુએ પોતાના બુલંદ કંઠથી

‘સુરતાની વાડીના મીઠા મોરલા
ઉછળતા શા ઉર સાગર ઉલ્લાસ જો!
નન્દનવનના પ્રાસાદોની ટોચથી
મધુરી કેકા આજે શી ઉભરાય જો!

વગેરે ગાઇને અમારામાં હૃદયનાં આંસુ ઉભરાવ્યાં હતાં.

કવિશ્રી ન્હાનાલાલને ત્યાં એમની પુત્રીનો લગ્નપ્રસંગ હતો. સ્વ. મણિશંકર ભટ્ટ–‘કાન્ત’, કરુણાશંકર માસ્તર અને એમની મંડળી તથા લલિતજી વગેરે તે વખતે આવ્યા હતા. કવિ દલપતરામ જે ઘરમાં રહેતા તે જ એ ઘર હતું. ત્યાં લલિતજીએ બંને દિવસ મંજીરાં સાથે

‘એક જ્વાલ જલે તુજ નેનનમાં,
રસજ્યોત નિહાળી નમું હું નમું.’

બહુ જ ભાવપૂર્ણરીતે ગાયું હતું અને એનો એકેએક અર્થ રસોલ્લાસથી ભરી દીધો હતો. એમાંયે જ્યારે

‘તુજ નેનમાં મોર ચકોર હતા’

આવ્યું ત્યારે તો મારા પત્નીપ્રેમમાં અદ્ભુત પ્રફુલ્લિતતા આવી ગઈ.

ઈ. ૧૯૦૧માં સુરેન્દ્રનાથ બૅનરજીના પ્રમુખપદે મળેલી અમદાવાદની કૉંગ્રેસમાં એમની વક્તૃત્વશક્તિએ મને સ્વદેશભક્તિની દીક્ષા આપી; અને ૧૯૦૫ પછીનાં દેશભક્તિનાં ગીતોએ

‘વીરો જાગો! જાગો રે, સ્વજન જાગો જાગો રે’

કહીને જગાડી દીધો.

‘નિંદલડી ન આવી, સારી રેના વહી ગઇ’

થી ઉજાગરા કરાવ્યા અને

‘કિસ્મત ક્યાંથી ભારત-હિત કાયા ઢળે રે?’

એવાં ગીતોએ મહાત્માજીના આશ્રમનો અધિકાર આપ્યો. પણ આની યે વિસ્તારપૂર્વક નોંધ કોઈવાર કરીશું. (ચાલુ)

**રક્ત સંધ્યા** (અનુસંધાન પાછળ પાન ૪૦થી)

જોઈએ એથી વધુ મૂલ્ય આપી કોઈ પણ ચીજ ખરીદવી એ વ્યાપારીને માટે સ્વાભાવિક નથી અને નવઆગંતુકો અવ્યવહારૂ કે અજ્ઞાન તો નહોતા જ. આવી સ્થિતિમાં વ્યાપાર એ માત્ર દેખાવ જ હોઈ શકે, અને એની પાછળ કોઈ પણ બૂરો ઈરાદો છુપાએલો હોવો જોઈએ એવું અનુમાન કરતાં વિચક્ષણ વ્યાપારીઓની ચિન્તાનો પાર ન રહ્યો.

થોડોક સમય આ રીતે જ વીત્યો. કલિકટનો જીવનપ્રવાહ પૂર્વવત્ પ્રશાંતભાવે વહેવા લાગ્યો. શરદના એક દિવસે વાદળાંવિહીન આકાશમાં શ્વેત શઢ ફરકાવતાં બે જહાજ બંદરમાં પ્રવેશ્યાં. ને એ સાથે જ નગરમાં વાત ફેલાઈ ગઈ કે બંગદેશથી પ્રભાકર શ્રેષ્ઠીનાં વહાણો આવે છે. પ્રભાકર શેઠ અતિ વિખ્યાત વણિક હતો. વર્ષોવર્ષ આ સમયે જ લાખો મુદ્રાનું કાપડ વગેરે લઈને એનાં વહાણો કલિકટ બંદરે નાંગરતાં, ને કાશ્મીરી શાલ, વારાણસીનાં પટોળાં, કૌશેય-રેશમ, બંગાળનું મલમલ વગેરે ખરીદવા માટે કલિકટના સોદાગરોમાં દોડાદોડ મચી જતી. એવાં સુંદર ને કિંમતી વસ્ત્રો એના સિવાય બીજું કોઈ જ ન લાવી શકતું; ને એથી જ પ્રભાકરની આવી ખ્યાતિ હતી.

પ્રભાકરનાં જહાજ કિનારે નાંગરે એ પહેલાંજ નગરના મોટા વ્યાપારીઓ બંદર પર એકઠા થઈ ગયા હતા. પ્રભાકર જહાજ ઉપર ઊભો થઈ ઓળખીતા સૌને વંદન કરી સુખાકારી પૂછવા લાગ્યો. એ અતિશય વાચાળ ને રહસ્યપ્રિય હતો અને તેથી સૌ એને ચાહતા હતા.

હિશ્રુ મુસા ઈબ્રાહિમે એને સાદ પાડી કહ્યું, 'પ્રભાકર, આ વખતે તમને મોડું થએલું જોઈ મેં તો માન્યું હતું કે હવે તમે આવશો નહિ. કદાચ માર્ગે સુંદરવનના મગરમચ્છે તમને પેટમાં પધરાવ્યા હશે!'

પ્રભાકરે હસીને જવાબ વાળ્યો, 'મુસા સાહેબ, પેટમાં પધરાવ્યા છતાં મગરમચ્છ મને હજમ ન કરી શક્યો!—આ આવ્યા મિરઝા સાહેબ! સલામ! સલામ! કેમ તબિયત તો સારી છે ને? આ વખતે તમારી ફરમાશની બધીયે ચીજ લાવ્યો છું જોઉં, હવે કેટલું ખરીદી શકો છો? હં; પણ તમારી કમર પરની આ તલવાર નવી લાગે છે. દમાસ્કસની છે શું? મારે પણ એક જોડ જોઈએ છે ગૌડેશ્વર પાસે વચનથી બંધાયો છું. માર્ગમાં આવતાં શ્રીખંડ પાસે તમારૂં યવદ્વીપ જતું જહાજ મળેલું. બધા મઝામાં છે. હૈદર મુસ્તફાએ આ દરમિયાન કેટલી શાદી કરી? હેં, પણ આ વખતે જો ઇસ્પહાની અંગુરનો રસ નહિ પીવડાવો તો સારૂં નહિ કહેવાય, હો!—એઈ જમ્મો, શંખાલુની જેમ દાંત બહાર કાઢીને હસતો નહિ ચાલ જલદી રસ્સો પકડ તો.....'

જહાજ નાંગરતાં પ્રભાકર ઘાટ પર ઊતરી સૌને ભેટ્યો. વંદન આદિ પતાવ્યા પછી મિરઝાએ એને પૂછ્યું. 'પ્રભાકર, કહે; શું શું લાવ્યો છે?'

પ્રભાકરે કહ્યું, 'મિરઝા સાહેબ, આ વખતે જેવું મલમલ લાવ્યો છું એવું મલમલ તો આજ સુધી કદી નજરે પણ જોયું નહોતું. કરોળિયાની જાળ કરતાં યે વધુ સુંવાળું ને રૂના પોલ કરતાં યે વધુ હળવું. મુઠ્ઠીમાં દોઢસો ગજ કપડું સમાઈ જાય. પણ એના એક થાનની કિંમત પાંચ તોલા સુવર્ણ છે. એથી ઓછામાં આપી શકું એમ નથી. કોચિનમાં ચાર તોલાનો ભાવ આવતો હતો પણ મેં ના પાડી. આખર શું નુકસાની કરીને ઘેર જાઉં? એમ કરૂં તો તો શેઠાણી મારૂં મોઢું જ ન જુએ.'

'તે ભલેને ન જુએ. તારૂં મોં નહિ જુએ તો યે એનું કાંઈ ખાટુંમોળું નહિ થાય. ચાલ, તારો માલ બતાવ.' મિરઝા દાઉદે હસીને કહ્યું.

પ્રભાકરે કહ્યું. 'શું કહો છો મિરઝા સાહેબ, ખાટુંમોળું નહિ થાય? શેઠાણી હજુ નાની બાળ છે. ધણીનું મોં ન જુએ તો જિંદગી આખી ખાટીમોળી ન બની જાય! હેં, ગયે વખતે સાંભળ્યું હતું કે તમારાં બીબીસાહેબ બે-જીવ છે, તે કંઈ ખુશખબર છે કે નહિ?'

'ખુદાની મહેરથી એક બેટી આવી છે.' મિરઝાએ કહ્યું.

'આવા આનંદના ખબર અત્યાર સુધી દાબી રાખ્યા હતા! અમારે ત્યાં તો પુત્રી જન્મતાં પિતાની આવરદા વધે છે એમ મનાય છે સારૂં, ત્યારે આજ રાતે તમારા દૌલતખાને અતિથિ બનીશ. અમારે ત્યાં કૂકડા વગેરેના ભોજનની સગવડ નથી. એ મળવું અશક્ય પણ ખરૂં, અને રસોયા બટબડ પણ બહુ કરે —ઓ બાબા! આ વળી કોણ? મિરઝા સાહેબ? આ જાતનો વેશ-પરિવેશ તો કદી યે ક્યાંય જોયો નથી. એ લોકો ક્યાંથી આવે છે?'

મિરઝા દાઉદે પાછળ ફરીને જોયું તો વાસ્કો-ડા-ગામા એના બે સાથીઓ સાથે એ બાજુએ આવતો જણાયો. આ દરમિયાન કલિકટના માર્ગ ઉપર ને બંદર ઉપર ડા-ગામા અને મિરઝા અવારનવાર ભેગા થઈ જતા, પણ બેમાંથી એકે ય પક્ષે મિત્રતા વધારવાનો ઉત્સાહ દેખાતો નહોતો. ઊલટા બંને અતડા—દૂર રહેવાનો જ પ્રયત્ન કરતા.

પ્રભાકરના પ્રશ્નનો ઉત્તર આપતાં મિરઝાએ કહ્યું, 'એ લોકો પોર્ટુગીઝ છે. ધીરેધીરે ઓળખી શકશો.'

આ દરમિયાન પ્રભાકરનાં વહાણોમાંથી વેચાણ કરવાની ચીજો વ્યાપારીઓને બતાવવા માટે નીચે ઉતારવામાં આવતી હતી. સોદાગરો ટોળે વળી એ જોતા હતા. મિરઝા દાઉદે પણ એમાં સાથ પુરાવ્યો. બીજી બાજુથી વાસ્કો-ડા-ગામા પણ આવીને એમાં ભળ્યો.

મલમલનો નમૂનો જોઈ મિરઝા દાઉદે કહ્યું, 'ઘણું જ સરસ મલમલ છે. પ્રભાકર, આ માલ કેટલો લાવ્યો છે?'

પ્રભાકર ગર્વપૂર્વક બોલ્યો, 'એક આખું જહાજ'.

મિરઝાએ કહ્યું, 'સારૂં, એ આખું મેં ખરીદ્યું. ભાવતાલ આજ રાત્રે નક્કી કરીશું.'

વાસ્કો-ડા-ગામાએ આવું અપૂર્વ મલમલ આ પહેલાં દીઠું નહોતું. હકીકતમાં આવું મલમલ પારસ્ય દેશ સિવાય બીજે ક્યાંય જતું નહોતું. પોર્ટુગલ, સ્પેન વગેરે દેશોએ ચડતું તે આના કરતાં ઊતરતી જાતનું મલમલ હતું. ડા-ગામાનું મન એ પર મોહી પડ્યું. પોપ અને રાજા ઈમૅન્યુઅલને નજરાણામાં આપવા માટે આ કરતાં વધુ સારી બીજી કઈ વસ્તુ મળવાની હતી? તે બોલ્યો, 'આ મલમલ હું ખરીદીશ.'

મિરઝાએ હસીને કહ્યું, 'એ તો મેં ખરીદી લીધું હવે કંઈ ઉપાય નથી.'

ડા-ગામાએ પ્રભાકર તરફ ફરીને કહ્યું, 'હું વધુ કિંમત આપીશ.'

'વધુ નાણાં આપ્યે પણ એ નહિ મળે, હવે એ મારૂં છે.' મિરઝા દાઉદે કહ્યું. પણ મિરઝાના બોલવા ઉપર જરા યે લક્ષ ન આપતાં ડા-ગામાએ ફરીથી પ્રભાકરને કહ્યું, 'હું બમણા દામ આપીશ.'

'બમણા તો શું, પણ સો ગણા દામ આપ્યે પણ હવે એ નહિ મળે.' મિરઝાએ જરા કંટાળીને કહ્યું.

ડા-ગામા વીજળી વેગે મિરઝા તરફ ફર્યો ને કર્કશ કંઠે બોલ્યો, 'ચૂપ કર મૂર! હું માલ-માલિક સાથે વાત કરૂં છું, તારી સાથે નહિ.' પ્રભાકર બુદ્ધિશાળી હતો. મિરઝા દાઉદ એનો જૂનો ને જાણીતો ગ્રાહક હતો, જ્યારે આ નવી વ્યક્તિને એ ઓળખતો પણ નહોતો. એણે કહ્યું, 'હવે આ માલના માલિક મિરઝા સાહેબ જ છે. હું હવે કંઈ નથી. એમને માલ જો તમને વેચવો હોય તો એ પોતે વેચી શકે છે.'

ડા-ગામાના અસભ્ય વર્તને મિરઝા દાઉદનું મોં ક્રોધથી લાલચોળ થઈ ગયું હતું. એણે તિખાશથી કહ્યું, 'ડા-ગામા, હું તને પહેલેથી જ ઓળખી ગયો હતો, પણ આજે તારૂં સાચું સ્વરૂપ કળાઈ ગયું છે. વ્યાપાર એ તો તમારો બાહ્ય દેખાવ માત્ર છે. તમે ધૂર્ત-કપટી છો

જાણીજોઇને વધુ મૂલ્ય આપી વ્યાપારનો નાશ કરવો છે શું?'

ને ઘવાયેલ વાઘની જેમ ગર્જના કરી ડા-ગામાએ કમરેથી તરવાર કાઢી. દાંત ભીંસી ક્રોધથી આંખ લાલ કરી તે બોલ્યો, 'ગુમાની મૂર, આજે લાગે છે કે તારા રક્તથી આ તરવારનું કલંક મારે ધોવું જ પડશે.

મિરઝા દાઉદે પણ તરવાર ખેંચીને કહ્યું, 'જંગલી ફિરંગી, આજે તને જહન્નમ ભેગો કરવો જ પડશે.'

પળવારમાં તો ત્યાં ટોળે વળેલી જનતા ચારે તરફ જરા દૂર સરકી ગઇ. વચ્ચે એક મોટું મેદાન યુયુત્સુઓ માટે ખાલી થઈ ગયું. એક શાન્તિપૂર્ણ વ્યાપારકેન્દ્ર હોવા છતાં આ જાતના બનાવો કલિકટ માટે સાવ નવીન તો નહોતા જ: કજિયો જ્યારે તરવારે પહોંચ્યો હોય ત્યારે એને ખાળવાનો પ્રયાસ માત્ર નિષ્ફળ નહિ પણ અતિ આપત્તિજનક છે તે સૌ જાણતા હતા, ને તેથી સૌએ દૂર ઊભા રહી બંને પક્ષને તરવાર દ્વારા ફેંસલો કરી લેવાની સગવડ કરી આપી હતી.

વાસ્કો-ડા-ગામા અને મિરઝા દાઉદે પ્રથમ દૃષ્ટિ-વિનિમય વેળા પરસ્પરને જે વિષદૃષ્ટિએ જોયા હતા, એ જ વિષ પરસ્પરના અંતરમાં સીંચાઇને આજે એક સામાન્ય બનાવ બનતાં ગજબ વિરોધના રૂપમાં પ્રગટ થયું હતું. આ વેર એ બંનેમાંથી કોઇ પણ એકના મૃત્યુ પહેલાં નહિ શમે તે એ બંનેએ આજે મનોમન જાણી લીધું હતું.

નીરવ જનતાની વચ્ચોવચ તરવારધારી બે જણ ઊભા રહ્યા. વાસ્કો-ડા-ગામા પડછંદ દેહી, પત્થર શો મજબૂત ને હાથી શો શક્તિશાળી હતો. મિરઝા દાઉદ એનાં કરતાં દુબળો ને ઠીંગણો, પરંતુ વિષધર સર્પ શો ચપળ, તેજસ્વી ને પ્રાણ-થનગન હતો. વાસ્કો-ડા-ગામાની તરવાર નેતરની સોટી જેવી સીધી ને આગળથી જ અણિયાળી હતી; મિરઝા દાઉદની તરવાર સહેજ વાંકી અને અતિ તેજ ધારદાર હતી. હાથમાં નાગી તરવારો સાથે પળવાર માટે એ બેઉ પરસ્પરને જોઈ રહ્યા ને પછી વંટોળિયાની જેમ તરવારને આગળ વધારી વાસ્કો-ડા ગામાએ આક્રમણ શરૂ કર્યું.



પણ ડા-ગામાની તરવાર મિરઝા દાઉદના શરીરને સ્પર્શે એ પહેલાં તો મિરઝા ચપળતાપૂર્વક પોતાની તરવાર દ્વારા એને અટકાવી જરા દૂર ખસી ગયો અને બીજી જ પળે એની વાંકી તરવાર વીજળી વેગે એકવાર ડા-ગામાને ગોઠણે દંશ દઈ પાછી ચાલી આવી. ડા-ગામાએ પાછા હટી બચવા મહેનત કરી પણ તે તેમ કરી ન શક્યો. એના પગ પરનું ચામડાનું આવરણ ધીરેધીરે રૂધિર-ભીનું થવા લાગ્યું.

ડા ગામાએ જોકે એ તરફ જોયું નહિ, છતાં એ સાવધ બન્યો. એ ધ્યાન દઈ કાળજીપૂર્વક તરવાર વીંઝવા લાગ્યો. એ સમજી ગયો કે વિરોધીને નબળો માન્યે પાલવે એવું નથી મિરઝા દાઉદનું તરવાર-કૌશલ્ય અસાધારણ છે. એની સામે બીજી વાર ભૂલ કર્યે એ સુધારવાનો અવકાશ નહિ રહે.

આ બાજુ મિરઝા દાઉદ પણ સમજી ગયો કે ડા-ગામાનું અસિ-કૌશલ્ય પોતાનાં જેવું જ છે, ને સાથે જ તે પોતાં કરતાં બમણો બળવાન છે. જોકે તે એના જેવો ચપળ કે ઠીંગણો નથી એ ખરૂં, છતાં એની તરવાર લાંબી ને પાતળી છે અને પોતાની ટૂંકી ને વાંકી છે. વળી ડા-ગામાની યુદ્ધપદ્ધતિ પણ તદ્દન જુદી જ છે. આ હાલતમાં મિરઝા દાઉદે જોયું કે ડા-ગામાના વિજયનો સંભવ જ વધુ છે. એટલે એ પણ ખૂબ જ સાવધાનીપૂર્વક તરવાર વીંઝવા લાગ્યો.

સર્પ અને નોળિયાની લડાઈમાં જેમ એ બંને એકબીજાની સામે આંખ માંડી પ્રદક્ષિણા ફરતા રહે છે અને તક મળતાં જ તીરની જેમ એક બીજા પર તૂટી પડી ફરી પાછા પોતપોતાને સ્થાને પહોંચી જાય છે, તેમ મિરઝા દાઉદ અને ડા-ગામા પણ એ જ રીતે લડવા લાગ્યા. તરવારો અથડાતાં ઝણ . . . ઝણ . . .અવાજ થવા લાગ્યા. તેના પર સૂર્યનાં કિરણો પડતાં તે વિદ્યુતરેખા શી ચમકી ઊઠતી હતી. નીરવ જનતાની હજારો આંખો આ અદ્ભુત યુદ્ધ આતુરતાપૂર્વક જોઇ રહી હતી.

તરવારની સાથોસાથ મિરઝા દાઉદ વાક્ય-શૂળથી ડા-ગામાને વીંધી રહ્યો હતો, 'ફિરંગી ચાંચિયા, હવે જોઇ લે; તારૂં લોહી માનવીના લોહી જેવું લાલ નથી, પણ શયતાનના લોહી જેવું કાળું છે! કિરસ્તાન કુત્તા, હજુયે માફી માગી લે, તો તને જીવતો જવા દઇશ!' ડા-ગામા કંઈ પણ જવાબ ન વાળતાં ચૂપચાપ તરવાર વીંઝવા લાગ્યો. મિરઝા દાઉદ એ રીતે એનું ધૈર્ય ખુટાડવા માગતો હતો તે ચતુર ડા-ગામા સમજી ગયો હતો.

લડાઈ ધીરે ધીરે વધુ ભયંકર ને કાતિલ બનતી જતી હતી બંને યોદ્ધાઓના જોરથી ચાલતા શ્વાસોચ્છ્વાસ સૌને સંભળાતા હતા. બંનેના બદન પરસેવે રેબઝેબ થઇ ગયાં હતાં છતાં બન્ને જાણે કોઇક અદૃશ્ય બખ્તરે આચ્છાદિત હતા. ડા-ગામાની તરવાર વારંવાર મિરઝા દાઉદના ગળા પાસે પહોંચી, છાતી પાસે થઇ નિષ્ફળ બનીને પાછી વળતી. મિરઝા દાઉદની તરવાર ડા-ગામાની આસપાસ ખીજાએલી મધમાખીઓનાં ટોળાંની જેમ ગુંજારવ કરતી ફરતી હતી, છતાં તે ડા-ગામાને જરાયે ઈજા નહોતી કરી શકતી.

ઓચિંતું એક વાર ડા-ગામાએ ભય-સહ પાછળ જોયું, તો એ ખસતો ખસતો છેક ઘાટના કિનારા પર આવી ગયો હતો ને એક પગ પાછળ મૂકતાં જ સમુદ્રમાં પડી જવાની તૈયારીમાં હતો. મિરઝા દાઉદ એના મુખભાવ જોઈ ખડખડાટ હસી પડ્યો. એણે મોં બગાડી વ્યંગભરપૂર ઝેરી અવાજે કહ્યું, 'ફિરંગી, આજ તો તને આ દરિયામાં ડુબાડ્યે જ રહીશ, ને પછી મરેલા ઉંદરડાની જેમ તારૂં શબ તારા રાજા ઇમૅન્યુઅલને ભેટ-સ્વરૂપ મોકલી આપીશ.'

મિરઝા દાઉદ ઘણા વખતથી જે ઈચ્છતો હતો તે હવે બન્યું. વાસ્કો-ડા-ગામાનું ધૈર્ય ખૂટ્યું. પાગલ જંગલી પાડાની જેમ ગર્જના કરી તરવાર ઊંચી તોળી આગળ ધસી એણે મિરઝા દાઉદ પર ઘા કર્યા. ધાર્યું હોત તો એ વેળા અનાયાસે જ મિરઝા એને ખતમ કરી શકત. પરંતુ તેમ ન કરતાં એણે તરવાર અવળી કરી ડા-ગામાના જમણા હાથની મુઠ્ઠી પર એટલા તો જોરથી ઝીંકી કે એની સાથે જ ડા-ગામાના હાથમાંથી તરવાર વછૂટી ઊંચે ઊછળી ખણખણાટ કરતી દૂર જઈ પડી. અકસ્માત અસ્ત્રહીન થતાં ડા-ગામા સ્તંભિત જ થઈ ગયો.

ડા-ગામાના બે સાથીઓ જે હજુ સુધી સૌની સાથે ઊભાઊભા આ લડાઇ જોઈ રહ્યા હતા, તે હવે પોતાના અગ્રણીને અણધારી આફતમાં જોઈ આગળ વધ્યા. પણ તેઓ વધુ આગળ વધે એ પહેલાં તો અતિ વિશાળ ભીમકાય ને ગજબનાક કાળા હબસી જમ્મોએ જહાજનાં ભૂંગળા જેવા એના બે હાથ વતી તે બેઉને માથાના વાળ પકડી પાછા ફેરવ્યા; ને પોતાની અતિશય સ્વચ્છ શ્વેત દંતપંક્તિ દેખાડતો એ જે બોલ્યો, એનો એક પણ અક્ષર ન સમજાયા છતાં જમ્મોનો મનોભાવ સમજવો એમને માટે જરા યે અશક્ય નહોતો.

તરવારની ધાર ડા-ગામાના ગળાપર ઠેરવી મિરઝા દાઉદ બોલ્યો, 'ડા-ગામા, ગોઠણિયાભેર થા, નહિ તો તને પૂરો કરી નાખીશ.'

ડા-ગામા ગોઠણિયાભેર ન થયો. અદબ વાળી વિકૃત હસીને એ બોલ્યો, 'મૂર, નિઃશસ્ત્રની હત્યા કરવી એ તો તારો સ્વભાવ છે!'

થોડી વાર વિચાર કરી મિરઝા દાઉદ બોલ્યો, 'વારુ, તને છોડી દઈશ; પણ સોગંદ લે કે. . . . . .'

એને વચ્ચે જ અટકાવી ડા-ગામા બોલ્યો, 'સોગંદ હું નથી લેવાનો. તને ફાવે તેમ કર.'

મિરઝા દાઉદ ફરી બોલ્યો, 'સોગંદ લે કે આજથી અઠવાડિયામાં તું તારાં બધાં માણસને લઇ અહીંથી ચાલ્યો જઈશ, ને ફરી કદીયે અહીં પગ નહિ મૂક.'

ડા-ગામા ખડખડાટ હસીને બોલ્યો, 'મૂર, તું હજુ યે સાવ નાના બાળક જેવો છે? સોગંદ હું નથી લેવાનો, ને નથી જ લેવાનો. મારા રક્તથી અહીંની ધરતી ભીંજાશે તો હિન્દમાં રાજા ઇમૅન્યુઅલનો વાવટો સહજમાં ફરકી શકશે.'

મિરઝા દાઉદ હસ્યો. 'ફિરંગી, આખરે આટલે દિવસે તારો હેતુ તેં તારે મોઢે જ કહ્યો ખરો. પણ હું એ નહિ થવા દઉં. ઇમૅન્યુઅલનો વાવટો કલિકટમાં નહિ રોપી શકાય. કલિકટ આજ સુધી પૃથ્વીની પ્રજા સમસ્તનું મિલનસ્થાન રહ્યું છે અને ભવિષ્યમાં પણ રહેશે. સોગંદ લે નહિ તો . . . . . .'

ડા-ગામાએ ભ્રૂકુટિ તાણી પૂછ્યું, 'નહિ તો . . . . . . ?'

નહિ તો પોર્ટુગલ ભેગો થવા તારા માણસોમાંથી એક પણ જીવતો નહિ રહે. તારાં જહાજો સળગાવી ખાખ કરી નાખીશ, ને તારા એકસો ને ત્રીસ માણસોને કાપીને કટકા કરી સમુદ્રમાં વહાવી દઈશ'

ડા-ગામા સ્તબ્ધ બનીને ઊભો રહ્યો. કંઈ જ ન બોલ્યો.

મિરઝા દાઉદે ફરી કહ્યું, 'ડા-ગામા, હજુ યે સોગંદ લે. તારા ધર્મ ઉપર શ્રદ્ધા રાખી હું તને જવા દઈશ. વિચારી જો. તમે બધા જ જો મરી જશો તો પછી કોણ તમારા દેશવાસી ભિખારાઓને માર્ગ દેખાડી અહીં લઈ આવશે?'

ને ડા-ગામાએ રૂંધાએલા સાદે જવાબ આપ્યો, 'સોગંદ લઉં છું—'

મિરઝા દાઉદે કહ્યું, 'તમારા ઇશુની જનેતા માતા મેરીને નામે શપથ લે.'

ને ડા-ગામાએ ધ્રૂજતાંધ્રૂજતાં, ક્રોધથી જર્જરિત સ્વરે શપથ લીધા કે એ એક અઠવાડિયામાં હિંદ છોડી ચાલ્યો જશે, ને ફરી કદી યે ભારતભૂમિમાં પગ નહિ મૂકે.

ડા-ગામાને મુક્તિ આપી મિરઝા દાઉદ અને બીજા પણ મુખ્ય મુખ્ય નાગરિકો સામરીને મળ્યા. અથથી ઇતિ સુધીની તમામ વાતો સાંભળ્યા પછી સામરીએ કહ્યું કે, 'જ્યાં સુધી એ લોકો જાહેરરીતે મારા રાજ્યનું કંઈ જ અનિષ્ટ ન કરે ત્યાં સુધી માત્ર શંકાને કારણે હું એમને મારા રાજ્યમાંથી હાંકી કાઢી ન શકું. છતાં કોઇ જો તમારૂં વ્યક્તિગત અનિષ્ટ કરી રહ્યું હોય તો તમે તેનો બદલો લઈ શકો છો; એમાં હું આડો નહિ આવું.'

સૌએ સામરીને એ સમજાવવા પ્રયત્ન કર્યો કે આ લોકો અત્યંત કૂટનીતિજ્ઞ અને યુદ્ધનિપુણ છે. એમની પાસે તોપ-બંદૂક ને ગોળા-ગોળીઓ છે. તક મળતાં જ તેઓ પોતાના બાહુબળે આ સુવર્ણ-રાજ્ય—અપૂર્વ અમરાવતીને ગળી જશે.

સામરીએ હસીને ઉત્તર આપ્યો, 'મારી પાસે સૈનિકબળ નથી એ ખરૂં છે, છતાં અમારો સામરી વંશ આજ પંદર શતાબ્દી થયાં આ રીતે જ રાજ્ય કરતો આવ્યો છે. કોઇ અમને રાજભ્રષ્ટ નથી કરી શક્યું. મારૂં સિંહાસન સુશાસન ને જનપ્રિયતા ઉપર સ્થપાએલું છે. એ લોકો મારૂં શું બગાડી શકવાના છે?'

સૌ નિરાશ થઇ પાછા ફર્યાં.

અઠવાડિયા પછી સુવર્ણપત્ર પર અંકિત સામરીની સંધિ શરતો માથે ચડાવી વાસ્કો-ડા-ગામા એના અનુચરો સાથે જહાજમાં બેઠો.

મિરઝા દાઉદે બંદર પરથી સાદ પાડ્યો, 'ડા-ગામા, લીધેલા શપથ યાદ રાખજે.'

એક ક્રૂર હાસ્ય વાસ્કો-ડા-ગામાના મુખ ઉપર ફરકી ગયું. મિરઝા દાઉદતરફ આંખો સ્થિર કરી એ બોલ્યો, 'મિરઝા આપણે ફરી મળીશું.'

'એ સંભવિત નથી. હું મુસલમાન . . . બેહિસ્તે જઇશ' મિરઝાએ હસીને જવાબ વાળ્યો.

બંને આંખો વતી આગ વર્ષાવતો ડા-ગામા બોલ્યો 'આ જિંદગીમાં જ આપણે ફરી મળીશું.'

ને ધીરેધીરે તેનાં ત્રણે જહાજ કલિકટ બંદરેથી દૂરદૂર સરી ગયાં.

ઉપલી વાતને ચાર વર્ષ વીતી ગયાં છે એ ચાર વર્ષમાં શું શું બન્યું એ આ કથાનકનો વિષય ન હોવા છતાં ટૂંકમાં વર્ણવી જાઉં. વાસ્કો-ડા-ગામા કલિકટથી ગયા બાદ બે વર્ષે ફરીથી પોર્ટુગીઝ જહાજ ભારતવર્ષમાં આવ્યાં. આ વેળા એનો આગેવાન હતો આલ્વારેઝ કેબ્રલ નામનો એક પાદરી, અને તેની સાથે હતાં નવ જહાજ. પાદરી આલ્વારેઝે કલિકટ બંદરે આવતાં જ જહાજ ઉપરથી નગર ઉપર ગોળા છોડવા શરૂ કર્યા. પરિણામે ઘણા નાગરિકોના જીવ ગયા, અનેક ઘાયલ થયા, કેટલાં યે મકાનો ખંડિત થયાં. આ રીતે રાજા-પ્રજાને ડર અને કર્તવ્યભાન કરાવી પોર્ટુગીઝોએ આ વેળા ભારતભૂમિ પર પગ મૂક્યો. છતાં સામરીએ આગંતુકોને આદર આપી એમને રહેવા માટે નગર બહારની બાજુએ જગ્યા કાઢી આપી, ને ત્યાં તેમને કોઠી નાખવાની રજા આપી. પરંતુ પોર્ટુગીઝોની આ અકારણ જીવહિંસા ને નિર્દયતાથી કલિકટવાસી જનસાધારણનાં મન એમની વિરુદ્ધ ઘૃણા અને દ્વેષથી ભરાઈ ઊઠ્યાં હતાં.

ને પછી તો કજિયા થતાં વાર ન લાગી. આ દંભી પરદેશીઓની સામે જેમનામાં વ્યક્તિગત દ્વેષ જન્મ્યો હતો તેઓ કજિયો ઊભો કરી ખૂના-મરકી ચલાવવા લાગ્યા. પોર્ટુગીઝો પણ એનો જવાબ વાળતા. ધીમેધીમે અંદર બહાર બધે જ આગ સળગી ઊઠી. એક દિવસ લોકોએ ફિરંગીઓની કોઠીમાં આગ લગાડી સિત્તેર ફિરંગીઓને બાળી નાખ્યા. બાકીના ત્યાંથી ભાગી જહાજમાં ચડી ગયા, ને તેમણે જહાજ પરથી ગોળા વરસાવી નગરના એક ભાગમાં આગ લગાડી ત્યાર બાદ એ લોકો કલિકટ છોડી ભાગી ગયા ને પછી બે વરસ સુધી ફરી ન દેખાયા

કલિકટના રાજવીએ અને પ્રજાએ શાંતિનો શ્વાસ લીધો ને માન્યું કે આફત દૂર થઇ છે. ફિરંગીઓ હવે ફરી નહિ આવે.

છેલ્લા બનાવને વરસેક વીત્યા બાદ મિરઝા દાઉદ પોતાની સ્ત્રી તથા પુત્રીને લઈ એની જનમભોમ મોરોક્કો ગયો હતો. ત્યાં થોડા

દિવસ રોકાયા પછી પોતાના વૃદ્ધ પિતાને સાથે લઈ તે મક્કા શરીફ હજ કરવા ગયો, ને ત્યાં તીર્થયાત્રા પૂરી કરી સૌને લઇ તે કલિકટ પાછો ફરતો હતો.

નક્કી એમ થએલું કે મક્કાશરીફથી મિરઝા દાઉદ કલિકટ આવે, ને પિતા મોરોક્કો જાય. પરંતુ પિતા વૃદ્ધ અને જરાગ્રસ્ત થયા હતા, હવે વધુ  વસના મહેમાન નહોતા. ફરીથી મોરોક્કો જવાનું કદાચ જલદી ન પણ બને, ને એટલો સમય પિતા કદાચ જીવતા ન પણ રહે આ બધું વિચારી મિરઝા દાઉદે એમને મોરોક્કો જવા ન દેતાં પોતાની સાથે કલિકટના જહાજમાંજ ઉપાડ્યા. વૃદ્ધ પિતા પણ પોતાની દદના ચાંદ જેવી સુંદર પૌત્રીને જોઇ લોભાયા હતા, તેથી એમણે પણ ખાસ વાંધો ન લીધો.

મક્કા શરીફની હજ વેળા કલિકટની કેટલીક ખાનદાન વ્યક્તિઓ સાથે મિરઝા દાઉદનો મેળાપ થયો. તેણે તેમને કહ્યું કે 'તમે પણ કલિકટ જ જાઓ છો, તો મારા જહાજમાં જ ચાલો.' ને એ સૌએ આનંદ સહ મિરઝા દાઉદના જહાજમાં સફર કરવાનું સ્વીકાર્યું.

મક્કા શરીફથી કલિકટનો માર્ગ ત્રણ મહિનાનો છે. જહાજ યોગ્ય સમયે અરબ્બી કિનારો મૂકી રાતા સમુદ્રમાંથી પસાર થયું ને ધીમે ધીમે ઈરાની અખાત વટાવી હિંદી મહાસાગરમાં દાખલ થઇ ગયું.

મહાસાગરની છાતી ઉપરથી હવા ભરેલા શઢે મિરઝા દાઉદનું જહાજ દક્ષિણ તરફ વહ્યું જતું હતું. ચારે તરફ અફાટ સાગર ઘુઘવાટા કરતો નર્તન કરી રહ્યો હતો, ને અરીસાના લાખો-કરોડો કટકા થઈ ગયા હોય તેમ સૂર્યકિરણો વડે ચમકતો હતો. પૂર્ણ દિગંતરેખા અખંડપણે જહાજને ચારે બાજુથી આવરીને પડી હતી. માત્ર દૂર દૂર પૂર્વ ક્ષિતિજમા વાદળ શો કચ્છના કિનારાનો રેતાળ પ્રદેશ ઝાંખો ઝાંખો દેખા રહ્યો હતો.

મુખ્ય ટંડેલનું કહેવું હતું કે જો પવનની દિશા અને ગતિ ન બદલાય તો આઠમે દિવસે કલિકટ પહોંચી જવાશે. ને એથી પ્રવાસ પૂરો થવાની કલ્પનાએ બધા પ્રવાસીઓ હર્ષમાં આવી ગયા હતા.

એ દિવસે શુક્રવાર—જુમ્માનો દિવસ હતો. સૂર્ય ધીરેધીરે મધ્યાકાશમાં આવી પશ્ચિમ તરફ સરી રહ્યો હતો. જહાજના વિશાળ તુતક ઉપર મિરઝા દાઉદ, એના પિતા અને બીજા અનેક પુરુષોએ બપોરની નમાઝ લગભગ પૂરી કરી હતી. જહાજનો કપ્તાન સ્થિર દૃષ્ટિએ સામે કાંઈક જોતો સુકાન પાસે અડગ ઊભો હતો. ચારે બાજુ નીરવતા વ્યાપી ગઈ હતી. ફક્ત જહાજના વેગથી કપાતું ફિણાંળું નીર હસતું કલકલ કરતું વહી રહ્યું હતું.

એવે સમયે આસમાન અને હવાને ધ્રૂજાવતી મેઘગર્જના શા કોઈ ભીષણ અવાજે સૌ ચમકી ઊઠ્યા. જોયું તો પાછળ પાંચ ફિરંગી જહાજ, બધાંયે શઢ ચડાવી એકસાથે અનેક હલેસાં મારતાં, ઝાઝા પગવાળા કો વિશાળકાય જળજંતુની જેમ, ઝપાટાબંધ ધસમસતાં આવે છે. અને એ એટલાં તો નજદીક આવી ગયાં છે કે એમાંનાં માણસો પણ સ્પષ્ટ દેખાય છે. એકાએક આવું દૃશ્ય જોઇ સૌ હતબુદ્ધિ શા એ તરફ એકી ટશે જોઇ રહ્યા.

અને એ દૃશ્ય પણ સાચે જ આપણે આશ્ચર્ય પામીએ તેવું હતું. થોડી વાર પહેલાં ચારે બાજુ જ્યાં અગાધ રત્નાકર સિવાય કંઈજ નહોતું, ત્યાં અચાનક, ઓચિંતાં, ભીષણ દૈત્ય જેવાં આ ફિરંગી જહાજ સમુદ્રના ક્યા અતલ પેટાળમાંથી બહાર ફૂટી નીકળ્યાં? મિરઝા દાઉદનું મન કહેતું હતું કે હવે બચવા આરો નથી. તોપમાંથી ગોળા છોડી એ લોકો પોતે આવી પહોંચ્યાની ઘોષણા કરી ચૂક્યા હતા. હવે તેઓ દયા-માયા નહિ બતાવે. મૂર લોહી વડે બદલો લેવાની તક આજે એમને મળી ગઈ છે.

આ જાતનો બનાવ પૂર્વમાં સમુદ્ર ઉપર આ પહેલાં કદી નહોતો બન્યો. સ્મરણાતીત કાળથી આ માર્ગે શત શત જહાજો નિર્ભયપણે સફર કરતાં આવ્યાં છે. ચીનથી માંડીને કાસ્પીઅન સરોવર સુધીમાં કોઇએ કદી ચાંચિયા જહાજનું નામ સુદ્ધાં સાંભળ્યું નથી. ભૂ-માર્ગ કરતાં જળ-માર્ગ વધુ સલામત હોવાથી જળ-વાણિજ્ય આટલું વિસ્તર્યું હતું, પણ યુગ-યુગાંતરના એ સલામત માર્ગમાં આજે સ્વાર્થાંધ ફિરંગીઓ પોતાના અગ્નિ-અસ્ત્રો લઈ તેમનો માર્ગ રૂંધીને ઊભા હતા.

પણ યુદ્ધમાં ઊતરવું મિરઝા દાઉદને માટે શક્ય નહોતું. એનું જહાજ હજ કરનારાઓનું જહાજ હતું. તેમાં તોપ-દારૂગોળો કંઇ જ નહોતું. હતા ફક્ત થોડાક અસહાય, યુદ્ધની ગતાગમ વિનાના ધર્મપરાયણ તીર્થયાત્રી અને એથી યે વધુ અસહાય સ્ત્રીઓ ને બાળકો. આ હાલતમાં પાંચ યુદ્ધ-જહાજો સાથે લડાઇમાં ઊતરવું એ ગાંડપણ સિવાય બીજું કંઈજ નહોતું. ઉપાય એક જ હતો ને તે ભાગી છૂટવાનો. પણ મિરઝા દાઉદનું જહાજ ફક્ત શઢ પર જ ચાલતું હતું ત્યારે સામે પક્ષે શઢ ને હલેસાં બંને હતાં. આ સ્થિતિમાં ભાગવું પણ શક્ય નહોતું.

પળવાર માટે સ્તબ્ધ બની મિરઝા દાઉદ કંઈક વિચારતો રહ્યો. એકવાર એણે ઉપર આસમાનમાં જોયું. આસમાન વાદળ વિહોણું હતું. સમય લગભગ ત્રીજા પહોરનો હતો. રાત પડવાને હજુ ઘણી વાર હતી. એણે ખલાસીઓને બોલાવી, જહાજમાં હતા તેટલા બધા યે શઢ ચડાવી જહાજને પૂરી તાકાત અને ઝડપથી હંકારવા હુકમ આપ્યો.

પણ એ હુકમનો અમલ થયો ન થયો ત્યાં તો ફિરંગી ચાંચિયાઓનાં પાંચે જહાજમાંથી એકસામટી પાંચ તોપ વછૂટી. એનો એક ગોળો મોટા શઢ વચ્ચે બાકોરૂં પાડી સામીબાજુએ સમુદ્રના પેટાળમાં પેઠો. બીજા ગોળાઓ જહાજની ચારે બાજુ પાણીમાં પડ્યા. કોઈ પણ ગોળો જહાજને ખાસ ગંભીર નુકસાન કરી ન શક્યો.

જહાજ ઉપરના પુરુષ યાત્રીઓનાં મોં સુકાયાં. નીચેથી ભયભીત બાળકો અને સ્ત્રીઓનો આર્તનાદ ને ક્રંદનરવ સંભળાયો. દાંત ભીંસીને મિરઝા દાઉદે ખલાસીઓને ફરમાન છોડ્યું, 'શક્ય એટલી ઝડપ કરો; ફિરંગી ચાંચિયાઓને હાથે ન પકડાશો.'

એ જ વખતે મિરઝા દાઉદની ચાર વર્ષની પુત્રી હાંફતીહાંફતી ઉપર આવી પિતાના ગોઠણે બાઝી પડી બોલી, 'બાબા, અમ્મા તમને બોલાવે છે.' ને પછી પિતાના મોં તરફ જોતાં જ મોટેથી રડીને બોલી, 'બાબા, મને બહુ બીક લાગે છે.'

પુત્રીને બે હાથે ઉપાડી છાતી સરસી ચાંપી મિરઝાએ એના કાનમાં કહ્યું, 'બેટા, હરૂના, રડીશ મા. તું મૂર-પુત્રી છો. તારે વળી બીક કેવી? આજે આપણે બધા એક જ બેહિસ્તમાં જઈશું.'

પુત્રીને પોતાના વૃદ્ધ પિતાના હાથમાં આપી મિરઝા દાઉદ નીચે ગયો. એની વ્યાકુળ-નયના પત્ની એને સામે જ મળી.

પોતાની કમ્મરેથી એક નાની, માણેકજડિત છરી પત્નીના હાથમાં આપતાં ધૈર્યપૂર્વક એણે કહ્યું, 'સાલેહા, આખરટાણું હવે નજીક આવ્યું દેખાય છે. ચાંચિયાઓ આપણી પાછળ પડ્યા છે. જો એ લોકો આ જહાજ પર પગ મૂકે તો આ છરીનો ઉપયોગ તારા ઉપર કરજે. એ પહેલાં ઉતાવળે કંઇ જ ન કરી બેસતી. અને બીજી બધી ઓરતોને પણ હિંમત આપજે કે વિના કારણ ન બીએ! હવે ખુદા હાફિઝ!' આટલું કહી પળવાર માટે સાલેહાનું માથું છાતીસરસું ચાંપી મિરઝા દાઉદ ઉપર ચાલ્યો ગયો.

એણે ઉપર આવીને જોયું તો આ થોડી વારમાં ચાંચિયા જહાજો એમને અર્ધ ચંદ્રાકારમાં ઘેરી વળ્યા હતા. હવે એ લોકો એટલા

નજીક આવી ગયા હતા કે મોટે સાદે થતી એમની વાતચીત પણ સ્પષ્ટ સંભળાતી હતી. મિરઝા દાઉદે જોયું કે સામેનાં પાંચે ય જહાજમાંની તોપોનાં મોં તેમના તરફ જ મંડાએલાં છે. ને આટલા નિકટ હોઇ હવે તેઓ નિશાન ચૂકે એ સંભવિત નથી.

'દાઉદ, હવે ઇલાજ નથી. પકડાશું નહિ તો ડૂબીને મરવું પડશે.' મિરઝા દાઉદના પિતાએ આવીને કહ્યું.

'પકડાશું તો યે નક્કી મરવાનું જ છે. એના કરતાં બહેતર છે કે ડૂબીને મરીએ.' મિરઝાએ કહ્યું.

'એ સાચું, પણ આપણી સાથે સ્ત્રીઓ અને બાળકો છે. એમના બચાવ માટે કંઇ પ્રયત્ન કરવો શું જરૂરી નથી?' એના પિતા બોલ્યા.

'પણ આ ચાંચિયાઓ બાળકો અને ઓરતો ઉપર દયા દેખાડશે ખરા? એથી ઊલટું, ....' કદાચ જરા વિચાર કરી મિરઝાએ કહ્યું.

'ફિરંગી અર્થલોભી છે અર્થના બદલામાં સ્ત્રી બાળકોને કદાચ છોડી મૂકી શકે.' પિતાએ કહ્યું. બીજા ઘણાઓએ પણ વૃદ્ધના વાકયનું સમર્થન કર્યું. ને ત્યારે મિરઝા દાઉદે કહ્યું. 'ઠીક, પ્રયત્ન કરી જોઈએ.'

બરાબર એ જ વખતે સામેના એક જહાજમાંથીએક તોપ વછૂટી. આ વખતે ગોળો વાગવાથી જહાજનો વિરાટ કુવાથંભ કડેડાટ કરતો ભાંગી પડયો ને સાથોસાથ ઢગલો થઇને પડેલા શઢમાં આગ લાગી.

સ્ત્રીઓ અત્યાર સુધી આબરૂ જાળવવા જહાજના નીચેના ભાગમાં જ રહી હતી, પણ હવે વધુ સમય શરમનો અંચળો તેઓ સહી ન શકી. સંતાનોવાળી સંતાનોને લઈને, સંતાનો વિનાની એમ ને એમ મોટેથી રડતી રડતી ઉપર આવી. બધી જ ભય-વિહવળ હતી. કોઇ ગોઠણિયાભર બેસી ઊંચે આકાશ તરફ જોઈ ખુદાને આકુળ પ્રાણની આરઝૂ કરવા લાગી, તો કોઇ નાનાં બાળકને બંને હાથમાં ઊંચું કરી ચાંચિયાઓના હ્રદયમાં કરુણા જન્માવવા પ્રયત્ન કરવા લાગી.

આ બાજુ શઢમાં લાગેલી આગ ધીરે ધીરે આખા જહાજમાં વ્યાપવા લાગી. પુરુષો દરિયામાંથી પાણી ખેંચીખેંચી આગ શમાવવા પ્રયત્ન કરવા લાગ્યા. મહામહેનતે પુષ્કળ પાણી છાંટ્યા બાદ આગ બુઝાઇ, ને તત્કાળ પૂરતી રાહત મળી.

ફિરંગીઓનું એક જહાજ તદ્દન નજીક આવી ગયું હતું. વચ્ચે હવે ફક્ત સો વારનું જ છેટું રહ્યું હતું. તોપદાગી હવે તેઓ ગોળો છોડવાની તૈયારીમાં જ હતા, ત્યાં મિરઝા દાઉદે હાથ ઊંચા કરી મોટેથી સાદ પાડીને એમને કહ્યું, 'તોપ છોડશોમાં. અમે કબજે થઇએ છીએ.'

તોપ એક બાજુ રહેવા દઈ ફિરંગીઓ હર્ષધ્વનિ કરી ઊઠયા. તેમનામાંના એક જણે (ઘણું કરીને એ તેઓનો અગ્રણી હતો) કહ્યું, 'તમારા જહાજમાં જે કંઇ શસ્ત્રો હોય તે પાણીમાં ફેંકી દો, નહિ તો તોપ વછુટશે.'

મિરઝા દાઉદે કહ્યું, 'અમારી પાસે કંઈ જ શસ્ત્રો નથી. આ તીર્થયાત્રીઓનું જહાજ છે. જે કંઇ ધન-રત્ન અમારી પાસે છે તે આપીએ છીએ. અમને જવા દો.'

આમ વાતચીત ચાલતી હતી, એવામાં આક્રમણકારી જહાજની અંદરથી એક પુરુષ બહાર આવ્યો. અતિ મૂલ્યવાન પોષાકવાળા એ વિશાળકાય પુરુષને જોઈ મિરઝા દાઉદનું લોહી જામી ગયું. એણે તરત એને ઓળખી લીધો. એ હતો વાસ્કો-ડા-ગામા! વૈરવૃત્તિ એના મોં પર કાળા નાગની જેમ કુંડાળાં લઇ રહી હતી. મિરઝા દાઉદને જોઈ વાસ્કો-ડા-ગામા હસ્યો! માથા પરની પીંછાંવાળી ટોપી ઉતારી જમીન સુધી લળી એ બોલ્યો, 'મિરઝા દાઉદ, સંધ્યાવંદન! યાદ છે, મેં કહ્યું હતું તે, કે આપણે ફરી મળીશું?'

મિરઝા દાઉદ તુરત કંઇ જ બોલી ન શકયો. ને ત્યારે વાસ્કો-ડા-ગામાએ પેલા અગ્રણી નાવિકને કહ્યું, 'કપ્તાન, તોપ શાંત કેમ છે? ભૂલી ગયા કે શું મારું ફરમાન?'

'માલિક, એ લોકો ધન-રત્ન આપી છુટકારાની માગણી કરે છે.' ભયભીત કૅપ્ટને કહ્યું.

બંને જહાજ ધીરે ધીરે વધુ નજીક આવવા લાગ્યાં. ડા-ગામાએ હવે મિરઝા દાઉદ તરફ જોઈ કટાક્ષ કરતાં કહ્યું, 'મૂર, ધન-રત્ન આપી પ્રાણભિક્ષા માગે છે?'

'પ્રાણભિક્ષા અમારે માટે નથી માંગતો! અમારું સર્વસ્વ લઇ વૃદ્ધો, સ્ત્રીઓ ને બાળકોને જ મુક્તિ આપો.' મિરઝા દાઉદે કહ્યું.

ડા-ગામા શત્રુની લાંછનાના મીઠા રસને માણતોમાણતો બોલ્યો, 'વૃદ્ધો, સ્ત્રીઓ અને બાળકોને છોડી દઉં? પણ એથી મને શો લાભ? એ કરતાં તો તમે તમારી જુવાન ઓરતોને અમારી પાસે મોકલી મરદોનો જીવ બચાવી શકશો. અમારા જહાજમાં ઓરતોની થોડીક જરૂર પણ છે. મારે પોતાને માટે નહિ, પણ ખલાસીઓ માટે. મને ઓરતોનો ખાસ કંઈ શોખ નથી.'

ક્રોધ અને અપમાનથી મિરઝા દાઉદનો ચહેરો રક્તહીન થઈ ગયો. એ સમજી ગયો કે અત્યારે એને સાંપટમાં આવેલો જોઈ ડા-ગામા એની ક્રૂર મશ્કરી કરી રહ્યો છે. મહામહેનતે પોતાની જાતને કાબૂમાં રાખી એણે જવાબ આપ્યો, 'ડા-ગામા, તારી માગણીનો જવાબ આપતાં મને ઘૃણા ઉપજે છે. જો તમને રૂચતું હોય તો અમારી પાસે છે તે તમામ કિંમતી વસ્તુઓ અને સોનુંરૂપું બધું યે લઇને અમને છૂટકારો આપો; નહિ તો કંઇ જ પામશો નહિ.'

'કંઈ જ નહિ પામવાનો અર્થ?' ડા-ગામાએ ભ્રૂકુટિ ખેંચી પૂછયું.

'એનો અર્થ એ જ કે તમે બહુ કરશો તો અમને જાનથી મારી

## કરોળિયાનાં જાળ



### વિષે કેટલીક અવનવી હકીકતો

કરોળિયાની જાળનો તાંતણો એટલી આત્યંતિક બારીકાઇનો હોય છે કે કોઈપણ ધાતુમાંથી એટલો બારીક તાર ખેંચી શકાતો નથી.

જાણીને નવાઇ લાગશે કે એ મુલાયમ ગણાતો તાંતણો એવા કોઈ પણ ધાતુના તાર કરતાં વધુ મજબૂત હોય છે. મજબૂતમાં મજબૂત ધાતુના તાંતણા કરતાં પણ તે ત્રણગણી તાકાતવાળો હોય છે.

અને, એ સુંવાળા તાંતણાને જો પોલાદ જેટલો અક્કડ બનાવી શકાય તો ઉત્તમમાં ઉત્તમ અસ્ત્રાની ધાર કરતાં યે તે પાંચગણો તેજ બને!

આકાશી પદાર્થોનાં નિરીક્ષણ માટેનાં તેજસ્વી દૂરબીનોમાં, તારાઓનાં અંતરોની ગણત્રી મૂકવાના માપ માટે બારીકમાં બારીક વસ્તુ જોઇએ; અને તેને માટે કરોળિયાની જાળનો તાંતણો જ વપરાય છે.

એ એટલો તો બારીક હોય છે કે તેજમાં તેજ હીરાકણીથી આંકી શકાતી બારીકમાં બારીક લીટીનો પણ તે ત્રીજો ભાગ થાય.

ઈંચમાં તેનું માપ જાણવું છે? કરોળિયાની જાળના એક તાંતણાની જાડાઇ $\frac{૧}{૧૦.૦૦૦}$ થી $\frac{૭}{૧૦૦.૦૦૦}$ ઈંચ સુધીની હોય છે!

હવે બીજું માપ જોઈએ: એકજ રતલ વજનની કરોળિયાની જાળ હોય તો તે આખી પૃથ્વીને આંટો ફરી વળે!.

નાખી શકશો, પણ એથી તમને કંઈ જ ફાયદો નહિ થાય. ને જો અમારા જહાજ પર ચડાઈ કરવા માગશો તો અમે જ પાટિયાં ખોલી જહાજ ડૂબાડી દઈશું.' મિરઝા દાઉદે જવાબ વાળ્યો.

મિરઝા દાઉદની આ વાત સાંભળી વાસ્કો-ડા-ગામાની ભ્રૃકુટિ વધુ તણાઇ. નીચી મૂંડીએ એ કંઇક વિચાર કરવા લાગ્યો.

આ બાજુ જહાજનો શઢ-સ્તંભ ભાંગી પડતાં મિરઝા દાઉદની સ્થિતિ, કાદવમાં પડેલા ને ચાલવા અશક્ત બનેલા ગજરાજ જેવી હતી. ત્યારે બીજી બાજુ ફિરંગીનાં પાંચ જહાજ એમને ત્રણે બાજુથી ઘેરતાં ધીરેધીરે વધુ ને વધુ નજીક આવી રહ્યાં હતાં.

મિરઝા દાઉદ અધીર થઇ ઊઠ્યો, 'ડા-ગામા, જે કરવું હોય તે જલદીથી કર અમારી સાથે બારસો તોલા સુવર્ણ અને બીજી પણ કેટલીક કિમતી વસ્તુઓ છે. જો ઈચ્છા હોય તો ઝટ બોલ ! વધુ મોડું કરીશ તો બધું યે ગુમાવીશ.'

'તમારી સ્ત્રીઓ નહિ સોંપો ?' ડા-ગામાએ પૂછ્યું.

મિરઝા દાઉદ ગર્જી ઊઠ્યો, 'ના, નહિ આપીએ, અમે તમારી જેમ સ્ત્રી-બાળકોનો વ્યાપાર નથી કરતા.'

'મૂર, હજુ યે તારું ગુમાન નથી ઘટ્યું ? ઠીક, લક્ષ્મી જ લઈશ. તમારી પાસે જે કંઇ હોય તે એક તરાપામાં ભરી અમારા જહાજ પર મોકલો.' ડા-ગામાએ કહ્યું.

'જે કંઈ હશે તે આપી દીધે મુક્તિ આપશો ?'

'આપીશું.'

'તમારો વિશ્વાસ શો ?'

'ખોટું હું કદી બોલતો નથી.'

'જુઠ્ઠા ! શપથ લીધા હતા કે ફરી કદી યે હિન્દુસ્તાનમાં પગ નહિ મૂકું, એનું શું કર્યું ?' મિરઝાએ તિરસ્કારથી પૂછ્યું.

'હજુ પણ ક્યાં હિન્દુસ્તાનમાં પગ મૂક્યો છે?' ડા-ગામાએ હસતાં હસતાં જવાબ આપ્યો.

પછી મિરઝા દાઉદે સૌની સાથે મસલત કરી. સૌએ જ કહ્યું કે જ્યારે એ લોકોને પનારે જ પડ્યા છીએ ત્યારે બીજો ઉપાય પણ શો છે ? આખરે મિરઝા દાઉદ પણ સહમત થયો.

અને પછી એક તરાપો તૈયાર કરી તેમાં એમની પાસે જે કંઇ હતું તે—સ્ત્રીઓના અલંકારો ને આભૂષણો સુદ્ધાં—તરાપામાં મૂકી તે તરાપો ડા-ગામાના જહાજ ઉપર પહોંચાડવામાં આવ્યો.

'તમારી પાસે હવે કંઇ જ નથી ?' ડા-ગામાએ પૂછ્યું.

'ના.'

'હવે ફરીથી પૂછું છું કે સ્ત્રીઓ સોંપવી છે કે નહિ ?'

અસહ્ય ક્રોધને અંગે મિરઝા કંઇ જ બોલી ન શક્યો. માત્ર એની બે આંખો અગ્નિશિખા શી સળવળવા લાગી.

વાસ્કો-ડા-ગામા કાલકૂટની જેમ હસ્યો. એ બોલ્યો, 'વારુ, જેવી તમારી ઇચ્છા' ને પછી કૅપ્ટન તરફ ફરી એણે ફરમાવ્યું. 'કૅપ્ટન, તોપ ચલાવી એ લોકોનું જહાજ જલાવી નાખો. આજે આ કુત્તાઓને સળગાવીને જ ખતમ કરીશું.'

મિરઝા દાઉદ ચીસ પાડી ઊઠ્યો, 'શઠ ! બેઈમાન ! દગાબાજ શયતાન !'

ડા-ગામા બોલ્યો, 'મિરઝા દાઉદ, તને બચાવી શકવા હવે કોઈ જ શક્તિમાન નથી. છતાં તું તારી સ્ત્રી મને સોંપી તારો જીવ બચાવી શકે છે. તારી સ્ત્રીને હું મારી બાંદી બનાવીને રાખીશ.'

'શયતાન ! શયતાન !!' મિરઝા દાઉદ પાગલની જેમ ગર્જના કરી બૂમ પાડી ઊઠ્યો.

જહાજમાં ગજબનો શોરબકોર વ્યાપી ગયો. સ્ત્રી-પુરુષો સૌ પાગલની જેમ નાસ-ભાગ કરવા લાગ્યાં. સૌ જાણે આ અભિશાપ પામેલા જહાજમાંથી ભાગી છૂટવા ઝંખતું હતું. ચારે બાજુથી આર્તનાદ ઊઠ્યો, 'બચાવો, બચાવો—ખુદા ! ખુદા !!'

આ આકુળ પ્રાર્થનાનો જવાબ મળ્યો. સહસા શિલાવૃષ્ટિની જેમ જહાજ ઉપર બંદૂકની ગોળીઓ છૂટવા લાગી. કોઈ ખતમ થઇને તો કોઈ ઘાયલ થઇને એમ લોકો નીચે પડવા લાગ્યા. મૃત્યુની વિભીષિકા ભીષણથી યે ભીષણ બનીને જાણે ત્યાં ઊતરી પડી હતી.

મિરઝા દાઉદના પિતા નાની હારૂનાને છાતીસરસી ચાંપી ધ્રૂજતા ધ્રૂજતા પુત્ર પાસે આવીને ઊભા ને તુટક સાદે બોલ્યા, 'દાઉદ !'

દુર્દમ્ય આવેગે મિરઝા દાઉદ એકી સાથે પિતા અને પુત્રીને ભેટી પડ્યો. એ જ વખતે લાજ-લજ્જા મૂકી દઇ સાલેહા ત્યાં આવી પતિનો હાથ ઝાલી ત્યાં ઊભી રહી.

મિરઝા દાઉદ ભરાએલી આંખે એક વાર પિતા, પુત્રી અને પત્ની ત્રણેયનાં ભયભીત વદન તરફ જોઈ રહ્યો, ને પછી રૂંધાતા સાદે બોલ્યો, 'પિતા, શું ખુદા નથી ?'

ઓચિંતી એક નાની ચીસ પાડી હારૂના બેભાન થઈ ગઇ તુરત જ પુત્રીને તેડી લઈ મિરઝા દાઉદે જોયું તો નાની હારૂનાના દેહમાં પ્રાણ નહોતો. બંદૂકની નિર્મમ ગોળી એની છાતીમાં પેસી ગઈ હતી.

ત્યાર પછી તુરત એક પછી એક પ્રથમ પિતા અને અને પછી પત્ની ગોળી વાગતાં નીચે પડી તરફડવા લાગ્યાં, ત્યારે સામેના જહાજ ઉપર નજર કરતાં ખુદ વાસ્કો-ડા-ગામાને હાથમાં ધુમાડા નીકળતી બંદૂક લઈ સાક્ષાત પિશાચની જેમ હસતો હસતો ઊભેલો તેણે જોયો.

સૂર્ય ત્યારે પશ્ચિમરેખાને સ્પર્શી રહ્યો હતો. આસમાન અને સમુદ્ર ગરમાગરમ રૂધિર જેવાં લાલચોળ બન્યાં હતાં. સમુદ્રની છાતી ઉપર સૂર્ય અસ્ત પામતો હતો.

હવે પાંચે ય જહાજમાંથી એકીસાથે તોપ વછુટવાનો અવાજ આવ્યો. તોપના અવાજની સાથોસાથ મિરઝા દાઉદનું જહાજ કંપી ઊઠ્યું. શઢનું કપડું ફરી સળગી ઊઠ્યું ફરીથી તોપો ગર્જી ઊઠી. આ વખતે જહાજનો આગળનો ભાગ તદ્દન છિન્ન-ભિન્ન થઈ ઊડી ગયો ને ખળખળ કરતું પાણી એમાં ભરાવા લાગ્યું.

ત્યાર બાદ થોડી જ વારમાં બધું ય ખતમ થઇ ગયું યાત્રિકોના ગળામાંથી એકી સાથે એક મહા હાહાકાર ઊઠ્યો. સળગી રહેલું જહાજ એકાએક જીવતું હોય એમ સીધું થઇને ઊભું થયું, ને પછી ઝપાટાબંધ સાગરના પેટાળમાં ગરક થઈ ગયું. યાત્રિકોની ચીકિયારીઓ ને હાહાકાર સહસા શાંત થઈ ગયાં. પળવાર પહેલાં જ્યાં જહાજ હતું ત્યાં હવે માત્ર થોડાક ઘુમરીઓ ખાતાં કુંડાળાં અને ફીણાળા નીરગોટા રમી રહ્યા.

ફિરંગી જહાજો ચિત્રવત્ સ્તબ્ધ બની ઊભાં હતાં. લગભગ અંધારું થયું ત્યારે તે જાણે કોઈ અન્ય જગતની ભૌતિક તરણી હોય એવાં દેખાવા લાગ્યાં.

ને પળવાર પછી સંધ્યાની નીરવતાને ચીરતા નગારાં ને તૂરીના નાદ વાસ્કો-ડા-ગામાના જહાજમાંથી ઝણઝણી ઊઠ્યા.

સૂર્ય ત્યારે સમુદ્રપાર અસ્ત પામી બીજા કોઈ નૂતન ગગનમાં ડોકિયાં કરી રહ્યો હતો.

(શ્રી શરદિન્દુ બંદ્યોપાધ્યાયના બંગાળી વાર્તાસંગ્રહ 'ચૂયા-ચંદન'માંથી)



# માધુકરી

લગામ-બાંધ્યું મન તો છૂટી જવું;
એને લગામો કયમ, ભાઈ, જેને
છે માતરિશ્વા સમ ખેલવું બધે
સ્વતંત્ર, તોફાન કરી અનેક?
ચહે છ મારૂં મન તો અવશ્ય:
લૈ પ્રેમની ભવ્ય મનોહરી બીન,
તેની પરે અંતર દેહ ને મન
ત્રણેયના તાલ મિલાવવા અને
અનોખું અદ્‌ભુત અને કલામય
વહાવવું જીવન કેરૂં ગીત.

—ભગીરથ મહેતા

(બે ઘડી મોજ)

### અર્વાચીન ઋષિ બાબુ ભગવાનદાસ

ભારતની પ્રાચીન સંસ્કૃતિ પ્રત્યે જ્ઞાનમયી શ્રદ્ધા ધરાવનાર બાબુ ભગવાનદાસે પોતાના જીવનનાં ૭૫ વર્ષ પૂરાં કરીને ગઈ માહ વદ અમાવાસ્યા (મૌની અમાવાસ્યા)એ ૭૬મા વર્ષમાં પ્રવેશ કર્યો, એ પ્રસંગે એ 'અર્વાચીન મુનિ'નો પરિચય પ્રસંગોચિત બની રહેશે.

'જ્ઞાનીઓ જગતના શાસક બને તો જગત સ્વર્ગ બની જાય' એ ઉક્તિ બાબુ ભગવાનદાસની બાબતમાં તો કદાચ સાચી જ નીવડે, કારણ એમના વ્યક્તિત્વમાં મગજ અને હૃદય બંનેનો સપ્રમાણ વિકાસ રહેલો છે. પૂર્વ અને પશ્ચિમ, પ્રાચીન અને નવીન, જ્ઞાન અને કર્મ તેમજ સિદ્ધાંત અને વ્યવહારનો ઉચિત સમન્વય એમનામાં થવા પામ્યો છે. એમને માટે સહેજે એમ કહી શકાય કે એમના યુવક શરીર પર વૃદ્ધ મસ્તિષ્ક છે અને વૃદ્ધ શરીરમાં જુવાન હૃદય છે.

સંવત ૧૯૨૫ ના માહ વદ અમાવાસ્યાને રોજ કાશીના બાબુ માધોદાસને ત્યાં વૈભવપૂર્ણ સાંસ્કૃતિક વાતાવરણમાં બાબુ ભગવાનદાસનો જન્મ થએલો. તેમના ગુરુ હરિભદ્રજીની એમના પર ખૂબ પ્રીતિ હતી અને એમનો પ્રભાવ પણ બાબુ ભગવાનદાસ પર પુષ્કળ રહ્યો છે. આજે આટલી વયે પણ એમના પડછંદ અને રૂઆબદાર લાગતા દેહનું કારણ નાનપણથી જ એમને લાગેલા વ્યાયામપ્રેમમાં છે. એમ. એ. ની પરીક્ષા ચાલતી તે વખતે પણ તે નિયમિત વ્યાયામ ન ચૂકતા અને એટલા દંડ પીલતા કે શરીર પરસેવાથી લદબદ થઇ જતું. માત્ર ૧૯ જ વર્ષની વયે ઈ. ૧૮૮૮ માં કાશીની ક્વીન્સ કૉલેજમાંથી દર્શનશાસ્ત્રમાં એમણે એમ. એ. ની પરીક્ષા પાસ કરી.

૧૬ વર્ષની વયે જ એમના વિવાહ થઇ ગએલા; એટલે વિદ્યાર્થીજીવનની સમાપ્તિ પછી તે સરકારી નોકરીમાં જોડાઈ ગયા. ૯ વર્ષ પર્યંત તે ડેપ્યુટી કલેકટર રહ્યા. ઈ. ૧૮૯૪ માં કુંભમેળા સમયે એ જ્યારે અલ્લાહાબાદ મુકામે હતા ત્યારે થીઑસૉફિકલ સોસાએટીના અધ્યક્ષ કર્નલ આલકૉટ સાથે શ્રીમતી ઍની બેસંટ ત્યાં આવેલાં. બાબુ ભગવાનદાસ એ સોસાએટીના સભ્ય તો એ પહેલાં જ થઇ ચૂકેલા, પણ આ વિશેષ સંપર્કે એમના જીવનમાં નવો જ સૂત્રપાત કર્યો. ઍની બેસંટ સાથેની એમની મુલાકાત આપણા રાષ્ટ્ર માટે એક કલ્યાણકારી ઘટના હતી, કારણ કે બાબુ ભગવાનદાસ જેવા સહયોગીઓના બળ પર જ ઍની બેસંટે બનારસની વિખ્યાત 'સેન્ટ્રલ હિન્દુ કૉલેજ'ની સ્થાપનાનો નિર્ણય કર્યો હતો.

ઈ ૧૮૯૮માં પોતાની સરકારી નોકરીનો ત્યાગ કરીને 'હિન્દુ કૉલેજ'ની સેવા અર્થે બાબુ ભગવાનદાસ કાશી ચાલ્યા આવ્યા અને ત્યારથી સતત ૧૫ વર્ષ મજકુર કૉલેજનું અનોખું વાતાવરણ, પર-



બાબુ ભગવાનદાસ

પરા અને સંસ્કારબોધ નિર્માણ કરવા પાછળ ગાળ્યાં. એમની એ સેવા આપણા રાષ્ટ્રીય શિક્ષણ-નિર્માણનો એક અગત્યનો પરિચ્છેદ છે. પહેલી જ વાર આપણી શિક્ષાપ્રણાલિમાં પૂર્વ અને પશ્ચિમનાં સર્વોત્તમ તત્ત્વોનો સુંદર સમન્વય થવા પામ્યો. હિન્દુ કૉલેજની એ વિશેષતા હતી કે આત્મનિર્ભરતા, નિર્ભીકતા, ચારિત્ર્યગઠન અને સંસ્કાર એ તેની પરંપરા બની રહી હતી. સરકારી સહાય માટે એને મોં વકાસવું નહોતું પડતું કે મૅકોલેનું પ્રેત એને સતાવી ન શકતું.

કૉલેજની વ્યવસ્થાપક સમિતિ તથા બોર્ડ ઑવ ટ્રસ્ટીઝના અવૈતનિક મંત્રી, થીઑસૉફિકલ સોસાએટીની ભારતીય શાખાના મંત્રી, અને એના મુખપત્રના સંપાદક હોવા ઉપરાંત અધ્યાપન તથા પાઠ્યક્રમનો પણ ભાર એ ઉપાડતા. જેવીતેવી વ્યક્તિનું એમાં કામ નહોતું. પ્રગાઢ પાંડિત્ય ઉપરાંત સ્થિર વિચારણા અને અપૂર્વ વ્યવહારકુશળતા ધરાવનારનું એ કાર્ય હતું.

ઈ. ૧૯૧૨ માં સૈદ્ધાંતિક મતભેદને લઇને શ્રીમતી ઍની બેસંટ તથા એમના ઘણાખરા અનુયાયીઓ હિન્દુ કૉલેજથી છૂટાં થઇ ગયાં પોતાના ઈમાનને ભોગે કશાને પણ નમતું ન આપનાર બાબુ ભગવાનદાસની સૈદ્ધાંતિક દૃઢતાનો પરિચય એ પ્રસંગ આપી રહે છે. એ પ્રસંગ પછી હિન્દુ કૉલેજ હિન્દુ યુનિવર્સિટી કમિટીના હાથમાં સોંપી દેવામાં આવી. ત્યારથી એમનું જીવન એ વિખ્યાત 'બનારસ હિન્દુ યુનિવર્સિટી'ના સંચાલન અને સ્વાધ્યાય પાછળ રોકાઇ રહ્યું છે.

એ સ્વાધ્યાયનું પરિણામ તે જ્ઞાનાર્ણવનું મંથન આદરીને એમણે બહાર પાડેલાં કેટલાંક ગ્રન્થરત્નો. પ્રચાર યા પ્રસિદ્ધિ એ નથી એમનું સાધન કે નથી સાધ્ય. પાંડિત્યપ્રદર્શન કે બૌદ્ધિક સમાધાનનો નહિ પણ નવનિર્માણનો ઉદ્દેશ એ ગ્રન્થરચના પાછળ રહેલો છે. એ નવનિર્માણ માત્ર ધાર્મિક નહિ પણ સામાજિક અને રાજકીય ક્ષેત્રોનો પણ સમાવેશ કરી રહે છે.

સક્રિય રાજકારણથી પણ એ સાવ અલિપ્ત નથી રહ્યા. ૧૯૨૧ના આંદોલનમાં એમણે અગ્ર ભાગ લીધેલો અને પ્રિન્સ ઑવ વેલ્સના બહિષ્કારને કારણે એક વર્ષ જેલમાં પણ જઈ આવેલા. ત્યાર બાદનું એમનું રાજકારણ એ રાષ્ટ્ર સમસ્તનું જાગરૂક રાજકારણ—કૉંગ્રેસનું રાજકારણ જ રહ્યું છે. સ્વરાજ, સંગઠન અને આત્મશાસન એ એમનો હમેશનો પોકાર રહ્યો છે.

સામાજિક નવનિર્માણમાં જ્ઞાતિભેદોનો પુરસ્કાર એ નથી કરતા, પણ ચાતુર્વર્ણ્યની હિમાયત કરે છે. આજની જ્ઞાતિઓને તો પ્રાચીન સમાજરચનાનો વિકાર જ તેઓ ગણાવે છે. એમણે દર્શાવેલી સમાજરચના એવી છે, જેમાં ચાર જ વર્ણ હોય અને એ ચારેમાં સહયોગ પ્રેમ અને સહકાર હોવા સાથે ચારે પરસ્પર નિર્ભર હોય. 'જન્મના' નહિ પણ 'કર્મણા' વર્ણને તેઓ માને છે. અને એ વર્ણદૃષ્ટિએ ઊભા થએલા સમાજમાં, તેમના કહેવા પ્રમાણે, ઉચ્ચનીચનો ભેદ નથી; પ્રત્યેક વર્ણ પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ છે અને અન્ય ક્ષેત્રનો પોષક છે.

ધર્મને રક્તપાતનું સાધન બનાવવામાં આવે તે પ્રત્યે કકળી ઊઠીને સઘળા ધર્મોની એકતા સ્થાપિત કરવાનું પણ પોતાનું જીવનકાર્ય એમણે સ્વીકાર્યું છે. માનવ કલ્યાણાર્થે માનવપ્રેમનો ઉપદેશ આપીને આજના સર્વવ્યાપક મતિવિભ્રમને દૂર કરવાનો પ્રયાસ એ કરી રહ્યા છે.

સંભવ છે કે માનવતાના આવા એક જ્યોતિર્ધરની, દૂરથી જ દૃષ્ટિપથ પર અંકાએલી આ છાપ સુરેખ તેમ સ્પષ્ટ ન પણ ઊઠી હોય. પરંતુ કોઇ પણ દેશના સદ્ભાગ્યે જ પ્રાપ્ત થાય એવા આ અર્વાચીન ઋષિને જાણવા અને સમજવાનો વિશેષ પ્રયાસ આપણા પ્રાંતે કરવાનો રહે છે, કારણ આપણા પુનરુદ્ધારના પ્રયાસમાં આવું ઘણું વિભૂતિમત્વ આપણે આત્મસાત્ કરવું પડશે. અત્યારે તો, ભાવનાની ઉત્કટતા જેટલી જ બુદ્ધિની તીવ્રતા, પ્રાચીન સંસ્કૃતિના અભિમાન જેટલી જ નવીન સંસ્કૃતિની ગુણગ્રાહકતા અને ઊંડા અધ્યયન છતાં સરલ હાસ્ય ભરી એ પ્રસન્નગંભીર મૂર્તિને ધારણ કરવાનું આપણા દેશનું સૌભાગ્ય કાયમ રહો એવી અંતરેચ્છા વ્યક્ત કરીને જ વિરમવાનું રહે છે.

—અશોક હર્ષ

## 'અમૃતબજાર પત્રિકા'નો જન્મ

બંગાળના વિદ્વાન સંશોધક ડૉ. કાલિદાસ નાગે 'હિંદી પત્રકારત્વ' એ નામથી એક લાંબો ને માહિતીપૂર્ણ લેખ કલકત્તાના 'અમૃતબજાર પત્રિકા'ના છેલ્લા 'પૂજા-અંક' (નવરાત્રમાં બહાર પડેલા ખાસ અંક)માં લખ્યો છે. તેમાં કલકત્તાના આજના રાષ્ટ્રીય અને લોકહિતચિંતક એ નામચીન અગ્રણી દૈનિક પત્ર (અમૃતબજાર પત્રિકા)નો જન્મ કેમ થયો તેની નીચે જણાવેલી હકીકત આપી છે:

'જેસોર નામના એક અણજાણ ગામડામાં રહેતા વસંતકુમાર, હેમંતકુમાર અને શિશિરકુમાર નામના ત્રણ ઘોષ ભાઇઓનાં અંતર પ્રગતિવાદી નવવિચારની ચિનગારીથી સળગી ઊઠયાં હતાં અને તે બ્રહ્મોસમાજમાં જોડાયા હતા. એમાં વસંતકુમાર ઘો.ષને પોતાના ગામડામાંથી સાહિત્ય, વિજ્ઞાન અને ખેતીવાડીને લગતું એક પત્ર કાઢવાનો વિચાર થયો. તેણે પોતાના ભાઇ શિશિરકુમારને ૩૦૦ રૂપિયાની મામૂલી રકમ આપીને એકાદ છાપવાનો સંચો ને બીજી જરૂરી સામગ્રી ખરીદવા કલકત્તે મોકલ્યો. આ મૂડીથી શિશિરે થોડાં વપરાએલાં બીબાં અને એક જૂનું લાકડાનું હાથપ્રેસ ખરીદ્યાં. શિશિર જાણતો હતો કે પોતાના ગામડા ગામમાં કોઈ કંપોઝીટર (બીબાં ગોઠવનારો) મળવાનો નથી. એટલે કલકત્તા છોડતાં પહેલાં તેણે બીબાં ગોઠવવાનું, છાપવાનું ને બીજું એ ધંધાનું જરૂરી કામકાજ પણ શીખી લીધું. છાપખાનું જેસોર આવ્યું ને વસંતકુમારે 'અમૃતપ્રવાહિની' નામનું એક પખવાડિક પત્ર કાઢવા માંડ્યું. પણ એનો આવરદા ટૂંકો નીવડ્યો. વસંતકુમારનું અકાળે જ અવસાન થઇ ગયું. એના મરણ પછી શિશિરકુમારને એક સમાચારપત્ર કાઢવાનો મનસૂબો થયા કરતો હતો. એ વખતે એ અને એનો ભાઈ હેમંત ઇન્કમટૅક્સ ખાતામાં ડેપ્યુટી કલેક્ટરનું કામ કરતા હતા. પત્રકારત્વ દ્વારા માતૃભૂમિની સેવા કરવાની પોતાની આકાંક્ષામાં તેમને એ નોકરી મોટી બાધા રૂપ લાગી. બંને ભાઇઓએ બંગાળીમાં છાપું કાઢવાનો નિરધાર કર્યો અને પોતાની નોકરીનાં રાજીનામાં આપી દીધાં. સૌથી નાનેરો ભાઈ મોતીલાલ આ વખતે બહુ જ નાનો હોવા છતાં તે પણ અંદર પડ્યો. અને ૧૮૬૮ના માર્ચ માસમાં 'અમૃતબજાર પત્રિકા' નામના બંગાળી અઠવાડિકનો જન્મ થયો. કલકત્તેથી ખરીદેલા પેલા ૩૦૦ રૂપિયાના લાકડાના યંત્ર વડે જ એ છપાતું હતું. જાણીતા લોકનાયક આનંદમોહન બોઝ અને શિશિરકુમારના સાળા કિશોરીલાલ સરકાર (જે એ કાળે જાણીતા એડવૉકેટ હતા) આ તરુણ સાહસિકોના કામને ખૂબ પ્રોત્સાહન આપતા અને તેમાં લેખો લખતા. શિશિરકુમારનો ઉત્સાહ તો એટલો બધો હતો કે તે એ આખું પત્ર સંપાદિત કરતા, બીબાંમાં ગોઠવતા, ને છાપતા, એટલું જ નહિ પણ છાપવાની શાહી પણ ઘણીવાર જાતે બનાવી લેતા; અને એક વખત જેસોરમાં કાગળ મેળવવાની તંગી જણાવા લાગી ત્યારે હૂગલી પરગણામાં આવેલાં પાંડુઆ ગામે જઇ જાતે કાગળ બનાવવાનો હુન્નર પણ શીખી આવ્યા પછી તો જ્યારે જરૂર પડતી ત્યારે છાપા માટે એ જાતે જ કાગળ બનાવી લેતા. પત્રકારત્વના ઇતિહાસમાં આવો તંત્રી (કંપોઝીટર-પ્રિન્ટર-ઇંક-પેપર-મેકર-એડિટર) વિરલ મળી આવશે!'

ઉગમકાળથી જ 'પત્રિકા'નુ ધ્યેય 'હિંદીઓને માટે જ હિંદ' એ હતું અને જોતજોતાંમાં તેણે એ કાળનાં અગ્રણી પત્રો 'ઈંગ્લિશમૅન', 'હિંદુ પેટ્રિયટ', 'ઈન્ડિયન મિરર' અને 'સોમ-પ્રકાશની' હરોળમાં પોતાનું સ્થાન કરી લીધું. બે વરસમાં તો એની કીર્તિ હિંદુસ્તાનના કિનારાની પાર પહોંચી ગઈ, ને ૧૮૭૦ માં ગાર્સિન દ તાસી નામના વિખ્યાત ફ્રેન્ચ વિદ્વાને પણ પોતાના 'હિસ્ટરી દ લા લિટરાચ્યુર હિન્દુઈ એત હિન્દુસ્તાની' નામના પુસ્તકમાં અગ્રણી હિંદી પત્રોમાં 'અમૃતબઝાર પત્રિકા' ના નામનો ઉલ્લેખ કર્યો. મદ્રાસનું આજનું જાણીતું અંગ્રેજી પત્ર 'મદ્રાસ મેઈલ' પણ 'પત્રિકા'ની માફક ૧૮૬૮ માં જ જન્મ્યું હતું.

પોતાના ૧૭મા જ અંકમાં પત્રિકાએ, એક ગોરા ડેપ્યુટી મૅજિસ્ટ્રેટે એક હિંદી અબળા પર કરેલા અત્યાચારની હકીકત (તેનું નામ દીધા વિના) છાપવાની હિંમત કરી, અને તેની પછીના અંકમાં એ આખા બનાવની ઝીણામાં ઝીણી વિગતો છપાઈ. એ હકીકત એ પ્રાંતના જૉઇન્ટ મૅજિસ્ટ્રેટની કોર્ટના હેડ ક્લાર્ક શ્રી રાજકૃષ્ણ મિત્રે લખી મોકલેલી હતી 'પત્રિકા' સરકારની આંખમાં ખૂંચતી તો હતી જ, એટલે અમલદારવર્ગે તેના પર કામ ચલાવવાની આ તક ઝડપી લીધી. શિશિરકુમાર તેના તંત્રી હતા એ પુરવાર કરવાને સરકારે ઘણાયે ધમપછાડા કર્યા પણ ફાવી નહિ પણ રાજકૃષ્ણ મિત્ર પોતાની લૂલી વશ ન રાખી શકવાથી ફસાઈ પડ્યા. ખટલો આઠ માસ સુધી ચાલ્યો અને અંતે મુદ્રકને ૬ માસ અને લેખક (રાજકૃષ્ણ મિત્ર) ને એક વરસની સજા થઇ. શિશિરકુમાર નિર્દોષ ઠર્યા, પણ તેમને આર્થિક ફટકો બહુ ભારે પડ્યો.

છતાં પત્રિકા તો એ ગામડામાંથી નીકળતી ચાલુ જ રહી, તે છેક ૧૮૭૧ સુધી. એ વર્ષમાં એ ગામડા પર મૅલેરિયાનો એવો તો કારમો પ્રકોપ ઊતર્યો કે છાપું ત્યાંથી કાઢવું અશક્યવત્ થઈ પડ્યું. અંતે શિશિરકુમાર ત્યાંથી બિસ્ત્રા લબાચા ફેરવી કાયમને માટે કલકત્તે આવ્યા ને બાગ બજારમાં, નં. ૫૨, હીરારામ બૅનરજી લેઈનમાં ધામા નાખ્યા. સંજોગ એવો બન્યો કે આ વખતે પણ એમની પાસે આ બધી જવાબદારી અને બહોળા કુટુંબના બોજાને પહોંચી વળવા માત્ર ૩૦૦ જ રૂપિયા હતા!

એવામાં એક મોટી રકમની લોનની દલાલી કરવાના બદલામાં શિશિરકુમાર ૮૦૦ રૂપિયા કમાયા. તેમાંથી એમણે ૬૦૦ રૂપિયાનું નવું મુદ્રાયંત્ર લીધું, અને ૧૮૭૧ના ઑક્ટોબરથી બંધ પડેલી પત્રિકા ૧૮૭૨ ના ફેબ્રુઆરીથી ફરી કલકત્તેથી પ્રકટ થવા માંડી. હવે તે અઠવાડિયામાં બે વાર નીકળતી અને તેમાં કેટલાક સમાચાર તથા નોંધ અંગ્રેજીમાં પણ આવતાં પત્રિકાનું કાર્યાલય ફેરવીને બાગ બજારમાં નં. ૨ આનંદ ચૅટરજી લેઈનમાં લઇ જવામાં આવ્યુ, જ્યાં તે ૧૮૭૪ના એપ્રિલની બીજી તારીખથી આજ લગી ચાલુ છે. રવીન્દ્રનાથ ટાગોરનું નામ સાથેનું પહેલવહેલું કાવ્ય 'અમૃતબજાર પત્રિકા'માંજ છપાયું હતુ,—૧૮૭૫ના ફેબ્રુઆરીની ૨૫મી તારીખના અંકમાં. કવિની ઉમર એ વખતે ૧૪ વરસની હતી!

આ પછી 'પત્રિકા'ના જીવનનો સૌથી અગત્યનો તબક્કો તે તેનું અંગ્રેજી ભાષામાં રૂપાંતર. એ આખોયે બનાવ હિંદી પત્રકારત્વમાં અનન્ય અને રોમાંચક છે અને 'કુમાર'ના ૬૩મા અંકમાં શ્રી મોતીલાલ ઘોષ (પત્રિકાના તે પછીના તેજસ્વી તંત્રી)ના જીવનચરિત્રમાં વર્ણવવામાં આવ્યો છે. તે અત્રે ઉતારીને આ લેખ પૂરો કરીશું.

'સર ઍશ્લી ઈડન બંગાળાના લેફ્ટેનન્ટ ગવર્નર નીમાયા. એમને કારભારમાં આડખીલી પસંદ ન હતી; ટીકા કરીને ત્રાસ આપનારાં વર્તમાનપત્રો એમને બહુ ખૂંચતાં. આવી કોટિમાં આવે એવાં બે વર્તમાનપત્રો એમની નજરે પડ્યાં. એક 'હિંદુ પેટ્રિયટ' અને બીજી 'પત્રિકા'. પ્રથમ 'હિંદુ પેટ્રિયટ'ના અધિપતિ ક્રિસ્ટોદાસને એ સાહેબે મનાવ્યા. પછી જે બનાવ બન્યો તે મોતીબાબુએ પોતાની સુંદર શૈલીમાં વર્ણવ્યો છે. અલબત્ત, અહીં તો એની ઝાંખી જ કરાવી શકાશે.

સાહેબે શિશિરકુમારને પોતાને ત્યાં ખાસ આમંત્ર્યા. એમની મરજી આપખુદી સુલતાન તરીકે વર્તવાની હતી; પરંતુ અંગ્રેજનો, જરૂર પડે ત્યાં ખુશામદ કરવાનો સામાન્ય ગુણ પણ એમનામાં હતો.

શિશિરકુમાર આવ્યા. એમને ખાસ માનથી બેસાડ્યા અને ગંભીર વાતચીત શરૂ થઈ. 'જુઓ શિશિરબાબુ, ક્રિસ્ટોદાસે તો કબૂલ કર્યું છે. તમે પણ માનો તો આપણે ત્રણે જણ બંગાળનું રાજ્ય કરીએ. હું કોઇકોઇવાર તમારા પત્રમાં લેખ લખીશ. તમે સરકાર પર ટીકા લખો તે પહેલાં મને બતાવજો. હું તમારા પત્રની ઘણી નકલો સરકાર પાસે ખરીદાવીશ; અને આમ આપણે ત્રણે જણા એકમેકની સલાહથી બંગાળાનો કારભાર ચલાવીશું.'

જેમતેમ કરી રળતા એક પત્રકાર આગળ બંગાળાના 'નવાબ' તરફથી આવી લાલચ આવે, ત્યારે સાધારણરીતે પરિણામ એક જ આવે. પણ શિશિરકુમાર જુદા જ પ્રકારના માણસ હતા. તેમણે એ નામદારનો ઉપકાર માન્યો, પણ સાથેસાથે જણાવી દીધું કે 'નામદાર, આખા બંગાળામાં એક તો પ્રામાણિક પત્રકાર રહેવા દો!'

થયું. સાહેબે રાવણ રૂપ ધર્યું. કોની જોડે વાત થાય છે તે શિશિરબાબુને સ્પષ્ટ સમજાવી દીધું. ગર્જના કરી કે ચાહે તો પોતે રાજદ્રોહના આરોપસર એમને ચગદી નાખે, પાછા જેસોર ધકકેલી મૂકે, વગેરે.

પરિણામની બહુ રાહ ન જોવી પડી. થોડાજ વખતમાં ઈડન સાહેબે ધારાસભામાં 'વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ'નો ઠરાવ મૂક્યો અને બને તેટલી ઝડપે પસાર કરાવ્યો. વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ એટલે દેશી ભાષાઓમાં નીકળતાં છાપાંઓના દમનનો કાયદો.

ગુરુવારે 'પત્રિકા' બહાર પડવાની હતી. ઘોષ ભાઇઓ ચેત્યા કે પત્રિકાને છૂંદવાને શસ્ત્ર ઘડાયું. પત્રિકા અરધી અંગ્રેજી ને અરધી બંગાળીમાં નીકળતી, એટલે એ કાયદાની જાળમાં આવી શકે. પણ ઘોષ ભાઇઓ માથાના ફરેલા હતા. એક જ દિવસમાં ગમેતેમ કરીને મિત્રોને ત્યાંથી વધારાના અંગ્રેજી ટાઈપ મંગાવ્યા, છાપનારા આણ્યા, લેખો લખી નાખ્યા, અને ગુરુવારે નિયમસર પત્રિકા બહાર પડી! જગતે વિસ્મયથી જોયું કે બધો જ ઢંગ ફેરવાઈ ગયો હતો! આખું છાપું મથાળાથી અંત સુધી અંગ્રેજીમાં છપાયું હતું! આમ, આ કાયદામાંથી 'પત્રિકા' છટકી ગઈ. સર ઍશ્લીએ પોતાનો ખીજવાટ પોતાના કેટલાક બંગાળી મિત્રોને કહી સંભળાવ્યો હતો. જો એક જ અઠવાડિયું મોડું થયું હોત તો 'પત્રિકા' હતી ન હતી થઇ જાત!'

## હિંદી પોસ્ટ ઑફિસનો ઇતિહાસ

હિંદની ટપાલ પદ્ધતિનો ઇતિહાસ પ્રાચીન છે. ઘણા પ્રાચીન સમયમાં ખેપિયા રાજધાનીનાં શહેરોમાંથી શાહી સંદેશાની આપલે કરતા. પરદેશી મુસાફરોના વૃત્તાંતો પરથી જણાય છે કે પ્રાચીન હિંદુઓને તેમના સમકાલિન ઍસીરિયન લોકો, બૅબિલોનિયાના લોકો તથા ઈરાનના લોકો સાથે વ્યવહાર હતો. પાંડુ નામના એક રાજાને રોમન શહેનશાહ ઑગસ્ટસ સાથે અવારનવાર પત્રવ્યવહાર થવાનું કહેવામાં આવે છે. આ સમયે કાળા સમુદ્ર તથા કાસ્પિયન પ્રદેશોના લોકો સાથે હિંદુઓનો નિયમિત વ્યવહાર ચાલતો હતો. આફ્રિકા ખંડ સાથે પણ તેમનો વ્યવહાર હતો ચંદ્રગુપ્તના સમયમાં વેપાર અને પત્રવ્યવહારની સરળતા સારૂ પટણાથી લાહોર થઇને

તક્ષશિલા સુધી લાંબો રાજમાર્ગ બાંધેલો હતો.

મોગલ સમયમાં વિવિધ પ્રાંતોની હકૂમત વધવાને લીધે રાજદ્વારી જરૂરિયાતોને અંગે વધારે વ્યવહારની જરૂર પડી. પરિણામે ટપાલની જૂની પ્રથામાં કંઇક સુધારો થયો. વિદ્વાન શહેનશાહ શેરશાહે ઘોડેસવાર ટપાલની યોજના દાખલ કરી. તેણે ઉત્તર હિંદનાં મેદાનોમાં છેક બંગાળાથી સિંધ સુધી ૨૦૦૦ માઇલનો ધોરી રસ્તો બાંધ્યો. તેમાં દર બે માઇલે ઘોડા તૈયાર રાખવામાં આવતા. શહેનશાહ અકબર આનાથી એક ડગલું આગળ વધ્યો. તેણે મુખ્ય ધોરી રસ્તા ઉપર દર દસ માઇલના ગાળા પર ટપાલનાં મકાનો જ બંધાવ્યાં, જ્યાં ઝડપી તુર્કી ઘોડા તૈયાર રહેતા. આ પદ્ધતિથી એક જ દિવસ–રાતમાં સો માઇલનું અંતર કપાતું. આગ્રાથી અમદાવાદ કાગળો પાંચ દિવસમાં મળી જતા. એ કાળમાં આ સિદ્ધિ જેવીતેવી ન ગણાય. પરંતુ મરાઠાઓ સાથેના વારંવારના ઝગડાથી મોગલ સામ્રાજ્ય નબળું પડવા લાગ્યું તે ગાળામાં આ વ્યવસ્થા પડી ભાંગી. પછી તો આપણને છેક ક્લાઈવના સમયમાં દેશમાં વ્યવસ્થિત ટપાલપદ્ધતિ દાખલ થએલી જણાય છે. તેણે સરકારી ટપાલ લઈ જવા-લાવવા માટે ખેપિયા પૂરા પાડવાની જવાબદારી જુદાજુદા રસ્તા પર રહેતા જમીનદારો પર નાખી. તેના અનુગામી વૉરન હેસ્ટિંગ્સે ટપાલ ઑફિસને વધારે સારા પાયા પર મૂકી અને સરકારી ટપાલ દ્વારા ખાનગી પત્રવ્યવહાર પણ લઇ જવાની છૂટ આપી. હિંદમાં જાહેર જનતા માટેની ટપાલ વ્યવસ્થાના આ શ્રીગણેશ ગણાય.

ત્યાર પછીનાં પચાસ વર્ષોનો પોસ્ટ ઑફિસનો ઇતિહાસ અંધારામાં છે. ઈ. ૧૮૩૭ પહેલાં દેશમાં વ્યવસ્થિત ટપાલની પ્રથા નહોતી. કલેકટરો કે ડિસ્ટ્રિક્ટ ઑફિસરો પોતપોતાની સત્તાવાળા પ્રદેશોની મેઈલ લાઇનો માટે જોખમદાર હતા. ટપાલની પદ્ધતિને એક સૂત્રમાં રાખી આજની પેઠે તેનું એકહથ્થુ કામ કરતી મધ્યસ્થ સત્તા કોઇ નહોતી. જોકે પ્રજાની અંદરઅંદરની છુટક વ્યવસ્થાઓ ઘણી હતી. ટપાલની ટિકિટો પણ નહોતી. ટિકિટોને બદલે રોકડા પૈસા આપવા પડતા.

ઈ. સ. ૧૮૩૭ માં એક ખાસ કાયદાથી જાહેર ટપાલની પહેલવહેલી સ્થાપના થઇ અને તે કાયદાને અંગે કાગળો લઇ જવાનો કુલ હક્ક સરકારે હાથમાં લીધો. આમ સરકારી ઇજારાની સ્થાપના થઇ, અને સરકારની પરવાનગી વિના ખાનગી રીતે પૈસા લઈને ટપાલ લઈ જનાર વ્યક્તિઓને મનાઈ કરવામાં આવી તથા તે હુકમના ભંગ માટે સખ્ત શિક્ષાની જાહેરાત કરવામાં આવી. ૦। તોલા વજનના કાગળો માટે અર્ધા આનાનો એકસરખો દર જાહેર કરવામાં આવ્યો. તે પછીના દર ૦। તોલાએ અર્ધો આનો વધતો હતો. ટપાલનો ઓછામાં ઓછો દર દર સો માઇલે બે આનાનો નક્કી કરવામાં આવ્યો હતો. જાહેરની સગવડ માટે ટપાલખાતાના વપરાશ સારૂ ખાસ તાંબાના ટોકન (સિક્કા) પાડવામાં આવ્યા હતા.

ત્યાર પછી હિંદની પોસ્ટ ઑફિસના ઇતિહાસમાં સીમાચિહ્ન સમું ૧૮૫૪નું વર્ષ આવ્યું. તે વર્ષમાં ટિકિટો દાખલ કરવામાં આવી. આખા ખાતાને એક ડીરેકટર-જનરલની નીચે મૂકવામાં આવ્યું, અને પત્ર ગમે તેટલે દૂર મોકલવાનો હોય છતાં દર બધે એકસરખો લાગુ કરવામાં આવ્યો. ત્યાર પછીનો તબક્કો મહારાણી વિકટોરિયાના ઢંઢેરાથી શરૂ થયો. આ ઢંઢેરાએ દેશની વ્યવસ્થામાં જે મહત્વનો ફેરફાર કર્યો તેમાં ટપાલની પ્રથામાં પણ ખૂબ વિકાસ થયો અને વસ્તુતઃ ત્યાર પછીના ત્રણ દસકામાં જ ટપાલવ્યવસ્થામાં નવીનવી યોજનાઓ વધારવામાં આવી.

પહેલી મોટી યોજના મનીઑર્ડરની થઇ. ઈ. ૧૮૮૦ પહેલાં સરકારી તીજોરી મારફત જ પૈસા મોકલી શકાતા. પરંતુ એ પ્રથા બહુ જ કંટાળાભરેલી હતી. ઈ. ૧૮૮૦માં આ કાર્ય પોસ્ટ ઑફિસે શરૂ કર્યું અને તે પ્રથા એટલી તો લોકપ્રિય થઇ કે થોડા જ મહિનાઓમાં મનીઑર્ડરથી મોકલાતી રકમ બમણી અને ચારગણી થઈ. એ કાર્યનો વિસ્તાર કેટલો વધ્યો છે તે આ પરથી જણાશે કે ઇ. ૧૮૮૦–૮૧માં મનીઑર્ડરથી મોકલાએલી રકમ સાડા ચાર કરોડ રૂપિયાની હતી તે ૧૯૩૯–૪૦માં વધીને ૭૫ કરોડ ૮૦ લાખની થઇ હતી.

તે પછીનો મહત્વનો ફેરફાર તે પોસ્ટની સેવિંગ્સ બૅંક. તેની શરૂઆત ૧૮૫૫માં થઈ.

હિંદમાં બૅંગી (પાર્સલ) મોકલવાની પ્રથા તો મૂળથી પ્રચલિત છે. એ પ્રથાનું મૂળ, જૂની 'ભાંગી' પોસ્ટમાં હતું. આ નામ 'ભાંગી' એટલે વાંસડા પરથી પડ્યું છે. ખેપિયો વાંસડાના બંને છેડા પર પારસલોનાં વજન બાંધીને તે વાંસ ખભા પર રાખી સફર કરતો. તેના દર વજન અને અંતરના પ્રમાણમાં રહેતા. ધીમેધીમે આ પ્રથા બંધ કરીને રેલવે સાથે તેની ગોઠવણ કરવામાં આવી, અને ઈ. ૧૮૭૧ માં અંતર ન ગણતાં એકલા વજનના પ્રમાણમાં જ ક્રમિક દર દાખલ કરવામાં આવ્યો. ઇ. ૧૮૭૭માં વી પી. પી. એટલે વૅલ્યુ પેએબલ પોસ્ટ (જેને પરદેશોમાં સી. ઓ. ડી.—'કૅશ ઑન ડિલીવરી કહે છે તે)ની પ્રથા દાખલ કરવામાં આવી અને ત્યાર પછીના વર્ષમાં પોસ્ટ ઑફિસે કાગળો ને પાર્સલોનો વીમો ઉતારવાનું શરૂ કર્યું. દૂરદૂરનાં ગામડાંમાં પણ માણસ પોતાને જરૂરનો માલ ઘરઆંગણે પૈસા ભરીને લઈ શકે એ 'વી. પી.'ની પ્રથા જનતા માટે મનીઑર્ડર જેટલી જ સગવડ ભરી છે.

દરિયાપારની ટપાલનો વિકાસ કરવા માટે શરૂઆતથી જ અધિકારીઓએ પ્રયત્ન કર્યાં હતા. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સમયમાં હિંદ અને ઈંગ્લંડ વચ્ચેનો વ્યવહાર ભૂમધ્ય તથા રાતા સમુદ્ર વાટે ઝડપી સ્ટીમરો દ્વારા સાધવામાં આવ્યો હતો. ૧૮૩૦માં 'હ્યૂ લિન્ડસે'એ મુંબાઈથી સુએઝની પહેલી મુસાફરી કરી. ૧૮૪૦માં પેનિન્સ્યુલર ઍન્ડ ઓરીએન્ટલ (પી. ઍન્ડ ઓ.) સ્ટીમર કંપનીને લંડન તથા સુએઝ વચ્ચે ટપાલ લઈ જવાનો ઈજારો મળ્યો. ત્યાંથી પછી સુએઝ અને મુંબાઈ વચ્ચે ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં વહાણો ટપાલ લઇ જતાં. સમય જતાં, હિંદ અને જગતનાં અગત્યનાં બંદરો વચ્ચે સીધો વ્યવહાર ચાલુ કરવામાં આવ્યો, અને આજે તો હવાઈ વિમાનો દ્વારા એ વ્યવહારે અત્યંત ઝડપ સાધી છે. પરદેશના પત્રો જલદી મેળવવા માટે છેલ્લામાં છેલ્લી યોજના 'એરગ્રાફ'ની છે.

આ ઉપરાંત 'એક્સપ્રેસ ડિલીવરી' એટલે કાગળ ટ્રેનમાંથી આવે કે તાબડતોબ લેનાર આસામીને ખાસ માણસ મોકલીને પહોંચાડવાની વ્યવસ્થા), ઇન્ડિયન પોસ્ટલ ઑર્ડર (ટપાલી-હૂંડી), કૅશ સર્ટિફિકેટ, ઓળખાણનાં કાર્ડ વગેરે આધુનિક પદ્ધતિઓ પણ ધીમેધીમે દાખલ થઇ ગઈ. આજે તો હિંદમાં ઠેરઠેર પોસ્ટ ઑફિસો પથરાઈ ગઈ છે. છેલ્લા રીપોર્ટ મુજબ, હિંદુસ્તાનમાં પચીસહજાર ટપાલ ઑફિસો અને પચાસ હજાર ટપાલપેટીઓ છે.

આ ખાતાની સેવાની વિવિધતા અને તેના કાર્યની વિશાળતાનો ખ્યાલ તો આપણે રાષ્ટ્રીય કરકસરની દૃષ્ટિએ કરીએ ત્યારે જ આવી શકે. હિંદ જગતનો આઠમો ઔદ્યોગિક દેશ છે. જોકે તેની વસતિનો ૯૦ ટકા ભાગ હજુ ગામડાંમાં જ રહે છે. તેમાંના ઘણાંખરા ખેતી પર આધાર રાખે છે તથા અભણ છે. લોકોના આ વિશાળ સમૂહને શરાફીની સગવડ સહેલાઈથી મળી શકે તેમ નથી. બ્રિટન અમે અમેરિકા જેવા ઔદ્યોગિક દેશોમાં રાષ્ટ્રીય બૅંકોની ઠેરઠેર સ્થપાએલી શાખાઓથી જે સગવડો પૂરી પાડવામાં આવે છે તેવી સગવડો આજે

હિંદમાં માત્ર પોસ્ટ ઑફિસ જ ગામડાંના લોકોને આપે છે. એટલે હિંદનાં ગામડાંના વેપાર તથા સંસ્કૃતિના વિકાસમાં ટપાલની પ્રથા જ અગત્યનો ભાગ આજે ભજવી રહી છે.

પણ એ ખાતામાં કોઈ જો સૌથી અગત્યની અંજલિને પાત્ર હોય તો તે ટપાલી કે હલકારો. આખા ખાતામાં તે છેક છેલ્લી કોટિનો નોકર ગણાય છે, છતાં તે જ સૌથી મહત્ત્વનું અંગ છે. તેઓ નિયમિતતા અને ચોક્કસાઈના પ્રતીક રૂપ છે. તેમના પ્રામાણિકપણા તથા કર્તવ્યભાન ઉપર જ એ આખા ખાતાની સફળતા નિર્ભર છે. દેશની વીસ જુદીજુદી ભાષાઓમાં અને અનેક લિપિઓમાં લખાએલા કેવા ચિત્રવિચિત્ર પત્રોની તેમને વહેંચણી કરવાની હોય છે તે વાતનો વિચાર કરીએ ત્યારે જ તે કાર્ય કેટલું દુષ્કર છે તે સમજાય. કાગળ પર ઘણી વખત સરનામાં અધૂરાં તથા ન ઉકેલી શકાય તેવાં હોય છે. કવર ઉપર પણ ઘણી વાર લેનાર વ્યક્તિ તરફ આદરભાવ દર્શાવનારાં અને દીર્ઘાયુષ્ય ઈચ્છનારાં લાંબાંલાંબાં લખાણો લખવામાં આવે છે. તેમાંનો એક રમૂજી દાખલો જોઇએ:

'મારા હૃદયમાં સદા માટે વસેલા ભાગ્યવંતા બાબુ શિવનાથ ઘોષ. બન્નેનાં હૃદય એક છે. હસનાબાદ પોસ્ટ ઑફિસથી રામપુરની પોસ્ટ ઑફિસે, ભાગ્યવંત બાબુ પ્રિયનાથ ઘોષના ઘેર પહોંચે. ચોવીસ પરગણા. ટપાલવાળા ભાઈ, આ કાગળ બાબુસાહેબને હાથોહાથ પહોંચાડજો. બીજા કોઇને આપતા નહિ. આ મારી તમને વિનતિ છે.'

કેટલીક વખત તો માનપાનના શબ્દોનાં મોટાંમોટાં વાક્યો લખાએલાં હોય છે, પણ કયા ગામનો કાગળ છે તેનું નામનિશાન પણ હોતું નથી. નીચેનો દાખલો જુઓ: 'નામદાર માનવંતાભાઈ, અમારા જેવા ગરીબના આધાર, મારા શુભેચ્છક, મુન્શી માણેકચંદ—તેની આબાદીમાં વધારો થાય !'

આવાં કેટલાં યે સરનામાંમાં તેને કોઈ સ્થાનિક માણસોની મદદ લેવી પડે છે. તેનો પગાર સામાન્યત: ઓછો હોય છે, છતાં તેનું પ્રામાણિકપણું આશ્ચર્યકારક છે. તે હમેશાં સરેરાશ ત્રણસો વસ્તુઓની વહેંચણી કરે છે. આળસુ થવાનો તેને સમય જ મળતો નથી. ગમે તેવી ઋતુમાં, આખો દિવસ, ઘડિયાળની નિયમિતતાથી તે પોતાની નિયત કરેલી હદમાં છલંગો મારતો ચાલ્યો જતો હોય છે.

ટપાલની માફક ગામડાના હલકારાનું કાર્ય પણ ઓછું મહેનતવાળું નથી. કોઈવાર કેટલાંક સ્થળો તો ખૂબ જોખમભરેલાં પણ હોય છે. સરહદ પ્રાંતમાં ટપાલી કે હલકારાને ત્યાંની લૂંટારૂ જાતિનો ભય હમેશ ઝઝૂમતો હોય છે; મધ્ય હિંદનાં જંગલોમાં મનુષ્યભક્ષી વાઘ-દીપડા અને પૂર્વ બંગાળના નદીઓના પ્રદેશોમાં મછવા દ્વારા ગામડે ગામડે ફરતાં રસ્તામાં નદીમાં વાવાઝોડાનાં તોફાન પણ ટપાલીને નસીબે લખાએલાં હોય છે. ટૂંકા પગારમાં, નમૂનેદાર પ્રામાણિકપણું, ચોકસાઇ અને કર્તવ્યભાન સાથે નોકરી બજાવતો નીચામાં નીચા દરજ્જાનો ટપાલી એ આ ખાતાના સ્તંભ રૂપ છે.

(અંગ્રેજીના આધારે) —છોટાલાલ માનસીંગ કામદાર

## ટપાલની શરૂઆત-યુરોપમાં

રોમનોએ બ્રિટનનો કબજો મેળવ્યો અને ઠેરઠેર રાજમાર્ગો બનાવ્યા ત્યારથી ઈંગ્લેંડમાં ટપાલની પ્રથાની શરૂઆત થઇ લેખાય. ઈ. સ. ૪૩થી ઇ. સ. ૪૧૦ સુધી રોમનોએ એ પ્રથા ચાલુ રાખેલી.

સીઝર ઑગસ્ટસના સમયમાં બનાવવામાં આવેલા રાજમાર્ગોમાંનો એક માર્ગ દક્ષિણ તરફ હિંદ સુધી પહોંચતો હતો અને ઉપલી તરફ આલ્પ્સ પર થઇને હ્રાઈન અને ત્યાંથી બ્રિટાનિયા સુધી પહોંચતો હતો. એ માર્ગો પર ઠેકઠેકાણે 'પોસ્ટ-સ્ટેશન્સ' ઊભાં કરવામાં આવેલાં. દસ દસ માઇલને અંતરે આવેલાં સ્ટેશનો પર ઘોડા અને ખેપિયા હાજર રહેતા અને સ્ટેશન ઉપરનો ઇન્સ્પેક્ટર ખેપિયા સવારોને ટપાલ વહેંચી આપતો.

એ વખતે રસ્તાઓની મજલ પગલાં પર મપાતી. દર ૧૦૦૦ પગલે સંજ્ઞાસૂચક પત્થરો મૂકવામાં આવતા. રાત પડે ત્યાં ખેપિયાઓને વિરામ માટે આલેશાન 'પોસ્ટ ઑફિસો' ઊભી કરવામાં આવેલી. ઘોડાઓ માટેની ચંદી તથા મુસાફરી માટેનો આવશ્યક સામાન એ પોસ્ટ ઑફિસોમાં રહેતો અને નિષ્ણાત ગુલામો તેના વ્યવસ્થાપકો રહેતા. ઝડપ એ ત્યારે પણ ટપાલનું એક અગત્યનું અંગ ગણાતું. એ માટે દરેક સ્થાને તાજા ઘોડાઓની વ્યવસ્થા રહેતી. આ રીતે અન્તીઓકથી કૉન્સ્ટાન્ટીનોપલ સુધીનું ૭૨૫ રોમન માઈલનું અંતર ૭ જ દિવસમાં પૂરૂં કરી શકાતું.

પહેલાં તો આ ટપાલનું ખર્ચ દરેક પ્રાંતના સ્થાનિક તંત્ર એટલે કે સ્થાનિક વસતિ તરફથી ઉપાડી લેવામાં આવતું, પરંતુ રોમન સામ્રાજ્યના પતનનો પ્રારંભ થતાં પ્રજાનિષ્ઠા પોતાની પ્રત્યે ટકાવી રાખવા માટે શહેનશાહે પોતાની તીજોરીમાંથી તેનો ખર્ચ આપવા માંડેલો.

—'પ્રકર્ષ'

## લાખ

લાખ આપણા દેશનો એકહથ્થુ ઉદ્યોગ છે. સમસ્ત જગતની લાખના ઉત્પન્નના ૮૮ ટકા જેટલું ઉત્પન્ન આપણા દેશનું જ છે. હિન્દ સિવાયના દેશોના ઉત્પન્નમાંથી ૮૦,૦૦૦ મણ જેટલું ઉત્પન્ન તો એકલા બ્રહ્મદેશનું જ છે. ૬૦,૦૦૦ મણ જેટલી લાખ હિંદી ચીન અને સીઆમમાં બને છે. આ લાખનો મોટો જથ્થો બૅંકોક અને સીંગાપોર થઇને કલકત્તા વાટે હિંદમાં આવતો. પછી આપણા દેશમાં તેને શુદ્ધ કરી 'શૅલૅક' બનાવવામાં આવતી. આપણા દેશમાં છોટા નાગપુર, ઓરિસ્સાનાં દેશી રાજ્યો, મધ્ય પ્રાન્ત અને તેની સરહદ નજીક આવેલા સંયુક્ત પ્રાંત તથા બંગાળના પ્રદેશમાં ખૂબ લાખ ઉત્પન્ન કરવામાં આવે છે. આપણા દેશના ઉત્પન્નનો ૬૦ ટકા ભાગ તો છોટા નાગપુરમાં જ થાય છે. આસામ, પંજાબ, મદ્રાસ ને મુંબાઇ ઈલાકાના કેટલાક ભાગોમાં પણ લાખ ઉત્પન્ન થાય છે. પરંતુ તેમનો હિસ્સો હિંદના ઉત્પન્નના માત્ર ૮ ટકા જેટલો છે. છેલ્લાં દસ વર્ષની સરેરાશ લેતાં આપણા દેશમાં દર સાલ ૧૧,૫૦,૦૦૦ મણ લાખ નીપજે છે.

લાખ એ એક પ્રકારના જંતુમાંથી નીકળતી ચીકણી રસી છે, અને તે એ જંતુનું રક્ષણ કરે છે. ઝાડની ડાળીઓ પર આ જંતુઓ રહે છે અને ત્યાં આ રસી જામે છે. આ ડાળીઓને કાપી લેવામાં આવે છે અને તેમના પરથી છરીવડે લાખ ઉખેડી લેવાય છે. આ ઉખેડેલી લાખને કારખાનાંમાં લઇ જવામાં આવે છે, જ્યાં ત્યાં એને કચરી નાખી, સીમેન્ટની બનાવેલી મોટી કુંડીઓમાં નાખીને ધોવામાં આવે છે. આ પ્રમાણે કચરો જુદો પાડી સાફ કરીને સૂકવેલી લાખને 'સીડ લૅક' કહેવામાં આવે છે. આ 'સીડ લૅક' મોટા પ્રમાણમાં અમેરિકા ચડાવવામાં આવે છે, જ્યાં રસાયનો વડે તેને વધુ સાફ બનાવીને તેમાંથી ઉત્તમ પ્રકારના 'વાર્નિશ' ને 'લૅકર્સ' (લાખરંગો) બનાવવામાં આવે છે.

'શેલૅક' એ તેની છેવટની બનાવટ છે. 'સીડ લૅક'ને ઉકાળીને એનો રસ કપડામાંથી દબાવી દબાવીને કાઢવામાં આવે છે. પારદર્શક બનેલા એ રસને પછી ઠારી દઇને તેમાંથી નાનીનાની લાકડીઓ કે પતરીઓ બનાવવામાં આવે છે, જે 'શેલૅક' કહેવાય છે.

આ 'શેલૅક' અનેક ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવાય છે, પણ તેનો સૌથી વધારે—તેની આખી ઉત્પન્નનો લગભગ ૪૦ ટકા જેટલો ભાગ—ગ્રામોફોનની રેકોર્ડ બનાવવામાં થાય છે. ઉપરાંત, વીજળીનાં સાધનો

બનાવવાનો તથા રંગ અને વાર્નિશનો ઉદ્યોગ એ શેલૅકના ઉત્પન્નનો લગભગ ૩૫ ટકા જેટલો ભાગ વાપરે છે. આ ઉપરાંત ફોટોગ્રાફી, લડાઇનાં સાધનો, પીપરમેન્ટ, ચૉકલેટ વગેરે બનાવવાના ઉપયોગોમાં પણ તે વપરાય છે. દારૂખાનું બનાવવામાં અને છાપવાની શાહી બનાવવામાં પણ તેનો હિસ્સો છે. સીલ મારવા માટે પણ શેલૅક વપરાય છે.

હિંદમાં 'લાખ-સંશોધન સંસ્થા' નામની એક સંસ્થા છે. એ ઈ. ૧૯૨૫માં જન્મી. ડૉ. સેન આ સંસ્થાના સંચાલક છે અને સંસ્થા તરફથી 'લાખ કેમ ઉત્પન્ન કરવી' તથા 'શેલૅકના ઉપયોગો' નામની બે પુસ્તિકાઓ તેમણે પ્રગટ કરી છે. લાખના ઉદ્યોગમાં રસ ધરાવતા નિષ્ણાતોને માટે એ પુસ્તિકાઓ અગત્યની માહિતી પૂરી પાડે છે. ('ઇન્ડિયન ફાર્મિંગ' નામના પત્રમાંથી) —ચંપક બ્રોકર

## વેનેઝુએલા

સોનાનાં સપનાં સેવતા શાહી સ્પેનનો પંજો દક્ષિણ અમેરિકાના એક પછી એક દેશ ઉપર ફરી વળતો હતો ત્યારે એને માલૂમ પણ નહોતું કે ત્યાંનો આ વેનેઝુએલા દેશ સોના જેવું જ એક કીમતી ખનિજ ધરાવે છે. એ કાળું, વજનદાર, પ્રવાહી ખનિજ તે તેલ—પેટ્રોલ. તેના મારાકેબો પ્રાંતની એ તેલસમૃદ્ધિને લઇને તેનું એ નામનું મુખ્ય શહેર આખા વેનેઝુએલામાં બીજા નંબરનું શહેર થઈ પડ્યું છે. એનું ઉત્પાદન જગત આખામાં બીજે નંબરે આવે છે. એક માત્ર યુનાઇટેડ સ્ટેટ્સ તેનાથી મોખરે છે. અનેક દેશોનાં હિતો એ તેલ પાછળ રોકાયાં છે. વેનેઝુએલાની સરકાર ત્યાંના કાયદા પ્રમાણે પરદેશી મૂડીને ૪૦ વરસ સુધી રોકાણ કરવા દે છે અને તેલના ઉત્પાદન પર ૧૨½ ટકા રૉયલ્ટી મેળવે છે.

વેનેઝુએલા અનેક નાનાંનાનાં રાજ્યોનું સંઘસત્તાક છે અને તે 'યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ વેનેઝુએલા' તરીકે ઓળખાય છે. પોતાના આંતરિક શાસનમાં બધાં રાજ્યો સ્વતંત્ર છે, પરંતુ યુનાઇટેડ સ્ટેટ્સમાં જેમ ત્યાંની કૉંગ્રેસ કેટલીક સત્તા ધરાવે છે તેમ વેનેઝુએલાની ફેડરલ સરકાર પણ કેટલીક અલાયદી સત્તા ધરાવે છે. વેનેઝુએલાનો શબ્દાર્થ થાય 'નાનકડું વેનીસ'. જે શખ્સના નામ પરથી એ આખા ખંડને અમેરિકા નામ અપાયું છે તે અમેરિગો વેસપુસીએ આ પ્રદેશને આ રમણીય નામ આપેલું.

દક્ષિણ અમેરિકાનાં બધાં રાષ્ટ્રોને સ્પેનની ઝૂંસરીમાંથી છોડાવનાર સાઈમન બોલિવાર આ વેનેઝુએલામાં જ જન્મેલો હોઈ, તેના પ્રત્યેનો આદર કાયમ રાખવા ત્યાંના ચલણના એકમને 'બોલિવાર' નામથી ઓળખવામાં આવે છે. રાજધાનીના શહેર કારાકાસમાં તેનું જબરૂં સ્મારક ઊભું કરવામાં આવ્યું છે. એવાં જ એનાં જુદાંજુદાં સ્મારકો દક્ષિણ અમેરિકાના બીજા બધા દેશોએ પણ ઊભા કર્યાં છે.

વેનેઝુએલાના મોનાગાસ રાજ્યમાં આવેલું ૧૦૦૦ એકરનું ડામરનું સરોવર બર્મ્યુડેઝ તો પ્રખ્યાત છે જ.

## 'શ્યામસુંદર' કરોળિયો

પક્ષીઓ જીવડાંને ખાય છે એ તો આપણે સૌ જાણીએ છીએ, પણ કોઇ જીવડું જ્યારે કોઇ પક્ષીઓને ખાતું જણાય ત્યારે તો આશ્ચર્ય જ લાગે ને? જીવડું અને તે પણ કરોળિયા જેવું, આખાં ને આખાં પક્ષીઓ ચપાટી જાય એ તમે માની શકો છો ?

સામાન્યત: તો કરોળિયાને ચકલી જેવું નાનુંસરખું પંખી પણ પકડીને ખાઈ જાય છે. પરંતુ એક કરોળિયો એવો થાય છે જે નાનાંમોટાં પક્ષીઓ સુદ્ધાં ભક્ષી જાય છે. કાળા રંગના અને ડીલે વાળવાળા એ કરોળિયાનું કદ 'કુમાર'ના એક આખા પાના જેવડું થાય. ભયંકર દેખાવનો અને પહોળા પગે ચાલતો એવો એ શિકારી કરોળિયો ન્યૂ યૉર્કના ઝૂલોજિકલ પાર્કમાંના 'રેપ્ટાઇલ હાઉસ'માં હમણાં લાવવામાં આવ્યો છે. આ રાક્ષસી જીવડાને નામ આપવામાં આવ્યું છે 'શ્યામસુંદર' (Black Beauty)નું. ટેરેન્ટુલા નામે ઓળખાતા જીવડાનો તે સંબંધી છે ને તેની જન્મભૂમિ મધ્ય ને દક્ષિણ અમેરિકા છે. 'પક્ષીઓના શિકારી' તરીકે જ ત્યાં તે ઓળખાય છે.

આ 'શ્યામસુંદર' જમીનમાં કે ઝાડનાં મૂળમાં દર કરીને રહે છે. પોતાના બીજા સગોત્રીઓની માફક તે જાળાં વણતો નથી અને માત્ર રાત્રે જ શિકારે નીકળે છે. એનું કદ સાત ઇંચનું હોય છે અને લગભગ એટલી જ લંબાઇ એના પગની હોય છે. —'પ્રકર્ષ'

## ઔદ્યોગિક અને ટેકનિકલ સંસ્થાઓ

મૅટ્રિકની પરીક્ષાઓ પૂરી થઇ છે, એટલે આગળ ભાવિ જિંદગીનો વિચાર કરનારાઓ માટે આ નીચે આપેલી હિંદની ઔદ્યોગિક અને ટેકનિકલ જ્ઞાન આપતી સંસ્થાઓની યાદી કદાચ ઉપયોગી નીવડશે.

૧ બાલાસોર ટેકનિકલ સ્કૂલ, બાલાસોર; ૨ બેંગાલ ટેક્સ્ટાઇલ સ્કૂલ, સીરામપોર; ૩ બિહાર વી એમ. ટેકનિકલ ઇન્સ્ટીટ્યૂટ, અમરાવતી; ૪ કલકત્તા સ્કૂલ ઑવ કૉટેજ ઈન્ડસ્ટ્રીઝ કલકત્તા; ૫ કલકત્તા ટેકનિકલ સ્કૂલ, કલકત્તા; ૬ સેન્ટ્રલ પૉલી-ટેકનિક ઇન્સ્ટીટ્યૂટ લશ્કર (ગ્વાલિયર); ૭ સી વીવીંગ ઈન્સ્ટીટ્યૂટ બનારસ; ૮ કૉટેજ ઇન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટીટ્યૂટ, પટણા; ૯ ડી. બી. ટેકનિકલ સ્કૂલ, બર્દવાન; ૧૦ ડાયમંડ જ્યૂબિલી ઇન્ડસ્ટ્રીઅલ સ્કૂલ, રાજશાહી; ૧૧ ઈ. બી. ટેકનિકલ સ્કૂલ, પબના; ૧૨ એફ. એમ. સી. સ્કૂલ ઑવ મોટરિંગ, કલકત્તા; ૧૩ એફ. એસ વી ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટ, સુરત; ૧૪ ગવર્મેન્ટ કાર્પેન્ટરી સ્કૂલ, અલ્લાહાબાદ; ૧૫ ગવર્મેન્ટ વીવિંગ ઈન્સ્ટીટ્યૂટ, અમૃતસર; ૧૬ ગવર્મેન્ટ કાર્પેન્ટરી ઍન્ડ સ્મિથરી સ્કૂલ, કિવલોન (ત્રાવણકોર); ૧૭ ગવર્મેન્ટ સી. વૂડ વર્કિંગ ઇન્સ્ટીટ્યૂટ, બરેલી; ૧૮ ગવર્મેન્ટ ઈન્ડસ્ટ્રિયલ સ્કૂલ, બેલારી; ૧૯ ગવર્મેન્ટ ઇન્ડસ્ટ્રિયલ સ્કૂલ, કલીકટ; ૨૦ ગવર્મેન્ટ ઇન્ડસ્ટ્રિયલ ઈન્ટીટ્યૂટ, મદુરા; ૨૧ ગવર્મેન્ટ ઈન્ડસ્ટ્રિયલ ઈન્સ્ટીટ્યૂટ, મદ્રાસ; ૨૨ ગવર્મેન્ટ ટેક. સ્કૂલ લાહોર; ૨૩ ગવર્મેન્ટ ટેકનિકલ સ્કૂલ, ગોરખપુર; ૨૪ ગવર્મેન્ટ ટ્રેઈડ સ્કૂલ, મદ્રાસ; ૨૫ ગવર્મેન્ટ ટ્રેઈડ સ્કૂલ, મેંગલોર; ૨૬ ગવર્મેન્ટ લેધર વર્કિંગ સ્કૂલ, આગ્રા, કાનપુર, મીરત; ૨૭ ગવર્મેન્ટ પોલ્ટ્રી ફાર્મ, ગુરદાસપુર (પંજાબ); ૨૮ ગન ઍન્ડ શેલ ફૅક્ટરી, કલકત્તા; ૨૯ હારકોર્ટ બટલર ટેક્નૉલૉજિકલ ઈન્સ્ટીટ્યૂટ, કાનપુર; ૩૦ ઇન્ડિયન ઑર્ડનન્સ ફૅક્ટરીઝ, ઈશાપુર, જબલપુર, નીલગીરી; ૩૧ ઈન્ટરનૅશનલ ઑટોમોબાઇલ એન્જીનીઅરિંગ ઈન્સ્ટીટ્યૂટ, કલકત્તા; ૩૨ જમશેદપુર ટેકનિકલ ઇન્સ્ટીટ્યૂટ, જમશેદપુર; ૩૩ લેધર ટ્રેઈડ્ઝ ઇન્સ્ટીટ્યૂટ, મદ્રાસ; ૩૪ એલ એમ. એસ. ઈન્ડસ્ટ્રિયલ સ્કૂલ, મૈનપુરી; ૩૫ એમ. ટેકનિકલ સ્કૂલ, હુગલી; ૩૬ પ્રેમ મહાવિદ્યાલય, વૃંદાવન; ૩૭ આર. સી. ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદ; ૩૮ રાંચી ટેકનિકલ સ્કૂ, લરાંચી; ૩૯ સરોજ નલિની ઇન્ડસ્ટ્રિયલ સ્કૂલ ફોર વીમેન, કલકત્તા; ૪૦ કલા ભવન ટેકનિકલ ઇન્સ્ટીટ્યૂટ; વડોદરા; ૪૧ ટેકનિકલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ ઇન્ડિયા લિ., દિલ્હી; ૪૨ ટેકનિકલ સ્કૂલ, કંચરાપરા; ૪૩ ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટ, જમાલપુર; ૪૪ વીવીંગ સ્કૂલ, ગૌહરી; ૪૫ વી. જે. ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટ, માટુંગા-મુંબઈ; ૪૬ વી. જે. ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટ, સક્કર (સિંધ); ૪૭ વિશ્વભારતી અને શ્રીનિકેતન, શાન્તિનિકેતન—બોલપુર; ૪૮ વિક્ટોરિયા ટેઇલરિંગ કૉલેજ, પૂના; ૪૯ બેંગાલ ટૅનિંગ ઈન્સ્ટીટ્યૂટ, કલકત્તા. —છોટાલાલ માનસીંગ કામદાર

# આ માસ ઈતિહાસમાં

## ફેબ્રુઆરી

**તા. ૧** આખરી જહાંગીમાં પણ માતૃભૂમિની સ્વાતંત્ર્યસાધનામાં મરણપર્યંત ફાળો પૂરનાર અબ્બાસ તૈયબજીનો જન્મ, ૧૮૫૪.

**તા. ૫** યુદ્ધમાં વીરત્વ દર્શાવનારને અર્પણ થતા 'વિક્ટોરિયા ક્રૉસ'ની શરૂઆત બ્રિટિશ સરકારે કરી, ઇ. ૧૮૫૬.

**તા. ૧૧** વિજ્ઞાનના ક્ષેત્રમાં અભૂતપૂર્વ અને અગણિત શોધો કરી આ જગતની સકલ ફેરવી નાખનાર મહાન વૈજ્ઞાનિક પ્રતિભા ટૉમસ આલ્વા એડિસનનો જન્મ, ૧૮૪૭.

**તા. ૧૩** હિંદના ગવર્નર જનરલ તરીકે ગેરવર્તણુક ચલાવવા માટે લંડનમાં વૉરન હેસ્ટિંગ્સની તપાસ શરૂ થઈ, ૧૭૮૮.

**તા. ૧૯** પ્રતિભાવાન ભારતસેવક ગોપાલ કૃષ્ણ ગોખલેનું અવસાન, ૧૯૧૫.

**તા. ૨૧** પંજાબમાં ગુજરાત ગામ પાસે શીખો ને અંગ્રેજો વચ્ચે થએલી લડાઈમાં પ્રખ્યાત કોહીનૂર હીરો અંગ્રેજોને હાથ ગયો, ૧૮૪૯.

**તા. ૨૬** ફ્રાન્સના નામચીન નવલકથાકાર વિક્ટર હ્યૂગોનો જન્મ, ૧૮૦૨.

**તા. ૨૮** મિસર બ્રિટિશ રક્ષણ તળેથી નીકળી સ્વતંત્ર જાહેર થયું, ૧૯૨૨.

### આ માસનો પ્રસંગવિશેષ

સ્વતંત્ર રાષ્ટ્ર તરીકેની શક્તિ અને વ્યક્તિત્વની જમાવટ કરી રહેલા બ્રહ્મદેશ સામે અંગ્રેજોએ પહેલું મંડાણ કર્યું. તાલાઈંગ રાજકર્તાઓને હાંકી કાઢી બ્રહ્મદેશનું રાષ્ટ્રીય એકમ ઘડનાર મહાન રાજા આલોમ્પ્રોના વંશજોએ આરાકાન, આસામ અને મણિપુર જીતી લીધાં અને મહાન બ્રહ્મી સેનાપતિ મહાબંદૂલાએ છેક ચિતાગોંગ પણ કબજે કર્યું, એટલે હિંદના ગવર્નર જનરલ લૉર્ડ આમ્હર્સ્ટે ઇ. ૧૮૨૪ના ફેબ્રુઆરીની ૨૪મી તારીખે બ્રહ્મદેશ વિરુદ્ધ લડાઈ જાહેર કરી.

## માર્ચ

**તા. ૨** ૧૯૩૦ની રાષ્ટ્રીય લડતનું મંડાણ કરવાનું આખરીનામું ગાંધીજીએ વાઇસરૉય અર્વિનને મોકલ્યું; અને એક વરસ પછી—

**તા. ૪**ના રોજ ગાંધીજી તથા લૉર્ડ અરવિન વચ્ચે લડત મોકૂફીની સંધિ થઈ, ૧૯૩૧.

**તા. ૮** મરાઠી સાહિત્યના નવલકથાસમ્રાટ શ્રી હરિનારાયણ આપટેનો જન્મ, ૧૮૬૪.

**તા. ૧૫** હિંદની દશ્ય પરતંત્રતા રૂપ હથિયારબંધી તથા દેશી છાપાઓ સંબંધિના કાયદા શરૂ થયા, ૧૮૭૮.

**તા. ૧૯** આફ્રિકા ખંડના મહાન શોધસફરી ડેવીડ લિવિંગ્સ્ટનનો જન્મ, ૧૮૧૩.

**તા. ૨૪** લાહોર કાવતરા કેસને અંગે ભગત સિંહ, રાજગુરુ અને સુખદેવની ત્રિપુટીને ફાંસી દેવાઈ, ૧૯૩૧.


**તા. ૨૫** કાનપુરના ભયંકર કોમી રમખાણમાં પંડિત ગણેશશંકર વિદ્યાર્થીની શહીદી, ૧૯૩૧.

**તા. ૨૮** પેશ્વાઈના સ્તંભ સમા નાના ફડનવિસનું અવસાન ૧૮૦૦.

**તા. ૩૦** ક્રીમિયાની લડાઇને અંતે રશિયા, તુર્કી, ઇંગ્લંડ, ફ્રાન્સ અને સાર્ડિનિયા વચ્ચે પારીસની નામચીન સંધિ થઇ, ૧૮૫૬.

### આ માસનો પ્રસંગવિશેષ

હિંદુસ્તાનભરમાં અંગ્રેજોની અસરથી અર્ધસ્વતંત્ર રહેલા એકમાત્ર પ્રદેશ નેપાળને જીતવાના અંગ્રેજ સત્તાના પ્રયત્નો બહુ સફળ ન થવાને પરિણામે ઈ. ૧૮૧૬ના માર્ચની ૩જી તારીખે નેપાળી જનરલ ચંદ્રશેખર ઉપાધ્યાય અને બ્રિટિશ જનરલ ઑક્ટર્લોની વચ્ચે મૈત્રીની સંધિ થઈ, જેની રૂએ બ્રિટિશોને દાર્જિલિંગ અને સીમલા સહિતનો પ્રદેશ મળ્યો તથા કાઠમાંડુમાં બ્રિટિશ રેસિડેન્ટ રાખવાની છૂટ મળી અને નેપાળીઓ પોતાના પ્રદેશમાં સ્વાયત્તશાસકો રહ્યા.



આ બંને માસની વ્યક્તિવિશેષ

**કવિ લૉંગફેલો**

જન્મ : ૨૭મી ફેબ્રુઆરી ૧૮૦૭

અવસાન : ૨૪મી માર્ચ ૧૮૮૨

Lives of great men all remind us
We can make our lives sublime,
And departing leave behind us
Footprints on the sands of time.

આ જગજાણીતી લીટીઓ ધરાવતા 'સામ ઑવ લાઇફ' નામના પોતાના નાના સરળ કાવ્યથી અંગ્રેજી ભાષાભાષી સમસ્ત જગતમાં ખ્યાતનામા થએલા આ અમેરિકન કવિ (હેન્રી વાડ્સવર્થ લૉંગફેલો)નો જન્મ અમેરિકાના ન્યૂ ઇંગ્લંડ પરગણાના પોર્ટલૅન્ડ ગામમાં થયો હતો. ધર્મનિષ્ઠ ને નીતિચુસ્ત એ પ્યુરિટન કવિનાં સાદાં, સદ્બોધક અને આછીમધુરી કાવ્યછાંટ વાળાં ચોટદાર કાવ્યોએ એને (આપણા દલપતરામ પેઠે) જનસામાન્યનો એટલો તો પ્રિય ને સંમાનીય કવિ બનાવ્યો કે એના જેટલી કીર્તિ એની અગાઉ કોઇ અમેરિકન કવિને કદિ મળી ન હતી.

સ્વભાવે સરળ અને ઋજુ એ કવિનું જીવન કશી આકરી લીલીસૂકી વિનાનું શાન્ત અને એકધારૂં હતું; ૧૮૨૫માં પોર્ટલૅન્ડની બાઉડવિન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થઈ એ યુરોપ ગયો અને ત્યાં જર્મની, ફ્રાન્સ, સ્પેન તથા ઈટાલીમાં ત્રણ વરસ અભ્યાસમાં ગાળીને ૧૮૨૮માં પોતાના જ ગામની કૉલેજમાં ભાષાશાસ્ત્રનો અધ્યાપક નીમાયો. ત્યાં છ વરસ ગાળ્યા પછી અમેરિકાની નામચીન હાર્વર્ડ કૉલેજે ૧૮૩૫માં તેને બોલાવી લીધો, જ્યાં લાગટ ૧૮ વરસ સુધી તેણે ફ્રેન્ચ, જર્મન, ઇટાલિયન અને સ્પૅનિશ ભાષાઓના પ્રધ્યાપક તરીકે કામ કર્યું. એ દરમ્યાન તેણે સંખ્યાબંધ ટૂંકાં ને લાંબાં કાવ્યો, યુરોપયાત્રાનું પુસ્તક, નવલકથા ને ગદ્યલખાણો લખ્યાં.

પણ ૧૮૫૪માં તેને પોતાનું અધ્યાપનકાર્ય પણ બોજા રૂપ લાગવા માંડયું, એટલે રાજીનામું આપીને લેખન પાછળ જ ધ્યાન આપવા માંડયું અને પછીનાં ૨૮ વર્ષ સાક્ષરજીવન જ ગાળ્યું. એ દરમ્યાન આઠ કાવ્યગ્રંથો ઉપરાંત સર્વક્ષેત્રસ્પર્શી બીજું થોકબંધ લેખનકાર્ય કર્યું, જેમાં આજન્મ શિક્ષકની ધગશથી લખેલાં પાઠ્યપુસ્તકોનો પણ સમાવેશ થાય છે. એની ખરી કીર્તિદા ૧૮૪૭માં પ્રગટ થએલું 'ઇવાન્જેલીન' કાવ્ય બન્યું. ઉપરાંત એક જર્મન કાવ્યના મંડાણ પર રચાએલી 'ગોલ્ડન લીજન્ડ', અમેરિકન ઇન્ડિયનોની દંતકથાઓ પરથી લખાએલું 'હીઆવાથા', 'ટેઈલ્સ ઑવ એ વેસાઈડ ઈન' અને 'ન્યૂ ઇંગ્લંડ ટ્રૅજેડીઝ' એની અગ્રણી કૃતિઓ ગણાય છે. જીવનનાં છેલ્લાં વર્ષોમાં ડાન્ટેની 'ડિવાઇન ટ્રૅજેડી'ના એણે કરેલા અનુવાદની ગણના શ્રેષ્ઠ અંગ્રેજી અનુવાદોમાં થાય છે. અમેરિકન સંસ્કૃતિનું તળપદું તત્ત્વ પોતાનાં કાવ્યોમાં ઉતારવાની તેની આકાંક્ષા ને આગ્રહ રહેતાં, ૧૮૬૮માં બીજી વાર તે યુરોપ ગયો ત્યારે ઠેરઠેરથી એના પર સંમાનની વૃષ્ટિ થઈ. ઑક્સફર્ડ અને કૅમ્બ્રિજની યુનિવર્સિટીઓએ એને 'ડૉક્ટરેટ'ની પદવીથી નવાજ્યો ને એના અવસાન પછી ઇંગ્લંડે વૅસ્ટમિનિસ્ટર ઍબેમાં એનું સ્મારક ઊભું કર્યું, જે માન મેળવનાર એ પ્રથમ અમેરિકન કવિ હતો.

> ચેહ ઠરે, દુખડાં ઠરે, ઠરી જાય ખટરાગ,
> પણ ઈરખાની આગ ઠારે ત્યમ બમણી બળે.

— વેણીભાઇ પુરોહિત —

સાન્ફ્રાન્સિસ્કોના એક મોટા ચોકમાં જાણીતી ગાયિકા લુઈસા ટેટ્રાઝિનીનું બાવલું છે. નીચે લખ્યું છે: 'ટેટ્રાઝિનીએ અહીં ગરીબ લોકો માટે ગાયું.' વાત એમ બની હતી કે એ મહાન ગાયિકા એ વેળા (૧૯૦૪માં) પોતાનાં ગાન સંભળાવતી સમસ્ત અમેરિકાનો પ્રવાસ કરતી હતી. પણ ગરીબો એ સાંભળવાના પૈસા ક્યાંથી કાઢે ? ટેટ્રાઝિનીને એ વાતની ખબર પડી ત્યારે એણે કહ્યું, 'હું એમને માટે રસ્તામાં મફત ગાઇશ.' કહેવાય છે કે અઢી લાખ માણસોએ એ જાહેર ગાન સાંભળેલું.


અનેકાર્થી શબ્દ : **જણસ**=ચીજ કે વસ્તુ; સિલક; માલ અથવા સોદો; ઘરેણું; અફીણ; નવની સંજ્ઞા (સંકેતની ભાષામાં).

કહેવતોના અર્થ : 'પહેલે દિવસ ઝબોળી, બીજે દિવસ ચોપડી, ત્રીજે દિવસ સગથળી.' મહેમાન વધારે દિવસ રહેવાથી અકારો પડે છે તે દર્શાવવા વપરાતી આ કહેવત પાછળ અર્થ એ છે કે, આવેલા મહેમાનને પહેલે દિવસે રોટલી ઘીમાં ઝબોળીને આપવામાં આવે, બીજે દિવસે માત્ર ઘી ચોપડીને દેવાય, અને ત્રીજે દહાડે તો જોડામાં તળિયું ખૂંચે નહિ તે માટે વપરાતી સગથળી (ચામડાના કટકા) જેવી કોરી ને કડક. એને મળતી બીજી કહેવતો: 'પહેલે દહાડે પરોણો, બીજે દહાડે પઈ, ત્રીજે દહાડે રહે તેની અક્કલ ગઈ;' 'ખાધું ધાન ને ઊતર્યું માન.'

ગણિતગમ્મત

દિવસના કલાક બાર છે. બાર કલાકના કુલ ટકોરાઓનો સરવાળો ૭૮ છે. (અર્ધા અર્ધા કલાકે પડતા ટકોરાઓ ગણત્રીમાં લેવાયા નથી). આ ૭૮ની સંખ્યામાં ગણિતની રસમય રમૂજ સમાએલી છે. જુઓ, ૭×૮=**૫૬**. પછી ૭૮ અને ૫૬ વચ્ચેનો તફાવત=૨૨. ૫૬–૨૨=**૩૪**, અને ૩×૪=**૧૨**. આમાં આપમેળે આવતી **૭૮, ૫૬, ૩૪** ને **૧૨**ની સંખ્યાઓના અંકો પાસેપાસેના છે; અને વધુ ખૂબી તો એ છે કે અનુક્રમે એકબીજાથી ઊતરતા ક્રમમાં છે! વળી ૭૮ ટકોરામાં અર્ધા અર્ધા કલાકે પડતા એકથી બાર સુધીના કુલ ૧૨ ટકોરા ઉમેરીએ તો સરવાળો ૯૦ થાય છે, અને આમ કરતાં ૦ થી ૯ સુધીના બધા અંકો પણ આવી જાય છે.

કાન્તિલાલ મ. જોષી





### ૧૯૪૪નું કૅલૅન્ડર કલૉક

આ ઘડિયાળ વડે કોઈ પણ તારીખ પરથી તેનો વાર શોધી શકાશે. જે માસની તારીખનો વાર શોધવો હોય તે માસના અંક આગળ ઉપલી ઘડિયાળમાં જેટલાં સફેદ ટપકાં હોય તેટલી સંખ્યા, આપેલી તારીખમાં ઉમેરવી, અને જે સરવાળો આવે તેને ૭ વડે ભાગતાં જે શેષ વધે તેટલામો વાર તે તારીખે હશે. વારનો ક્રમ સોમવારને પહેલો લેખીને ગણવો. દાખલો. એપ્રિલની ૧૩મીએ કયો વાર હશે? એપ્રિલ ચોથો મહિનો છે. ઘડિયાળમાં ૪ના આંક આગળ જુઓ. ત્યાં પાંચ સફેદ ટપકાં છે. એ પાંચને ૧૩માં ઉમેરીને જે આવે તેને ૭ વડે ભાગો. (૧૩+૫=૧૮÷૭=૪ શેષ) એટલે શેષ ૪ આવી. સોમવારથી ગણતાં ચોથો વાર ગુરુવાર આવે છે, એટલે એપ્રિલની ૧૩મીએ ગુરુવાર હશે. એ જ રીતે દિવસ આપ્યો હોય તો ઉલટા ક્રમથી તારીખ શોધી શકાશે. જે વારની તારીખ શોધવી હોય તેનો સોમવારથી ગણતાં જે ક્રમ આવે તેમાંથી ઘડિયાળમાં બતાવેલા માસના ક્રમ આગળ જેટલાં ટપકાં હોય તે સંખ્યા બાદ કરવી (જો ટપકાંની સંખ્યા વારના ક્રમ કરતાં વધારે હોય તો વારના ક્રમમાં ૭ ઉમેરીને બાદબાકી કરવી), અને જે જવાબ આવે તે તારીખ. દાખલા તરીકે ઑક્ટોબર માસના ત્રીજા મંગળવારે કઈ તારીખ હશે ? મંગળ =૨; ઑક્ટોબર ૧૦મો માસ; તેની આગળ ૬ ટપકાં છે. બેમાંથી ૬ બાદ નહિ થઈ શકે માટે ૨ માં ૭ ઉમેરીને પછી ૬ બાદ કરવા. ૨+૭=૯–૬=૩ જવાબ. પણ એ તો પહેલા મંગળવારની તારીખ તેમાં ૧૪ ઉમેરવાથી ૧૭ આવે તે ત્રીજા મંગળવારની તારીખ. (શ્રી એમ. વી. કાનડે, ૪૭૩ હિંદી હાઉસ, રાઈટ ટાઉન, જબલપુર એ સરનામે ૦–૩–૦ની ટિકિટ બીડવાથી આ કૅલેન્ડર એક સરસ કાર્ડ પર છાપેલું મળી શકશે.)




**ખોટી વાત:** અમેરિકાના શોધક ક્રિસ્ટોફર કોલંબસનું પોતાનું નામ 'કોલંબસ' નહોતું એ ઐતિહાસિક હકીકત છે. તેના વખતના એક નામચીન ને સૌથી જોરાવર ચાંચિયા 'કોલંબો' સાથે તેની સાથીદારી હતી અને તેથી તેના વહાણમાં સફર કરવી સલામત હતી એની મુસાફરોને ખાતરી આપવા માટે જ પોતે 'કોલંબો' પરથી એ નામ ધારણ કરેલું. એ ચાંચિયાના ધ્વજ પર હોલાનું ચિહ્ન હતું, અને લૅટિન ભાષામાં હોલાને 'કોલંબા' કહે છે તે પરથી એ ચાંચિયાનું નામ પડેલું.



ઊંચી બનાવટની કરવતોને મથાળે આ ઉપરના ચિત્રમાં બતાવી છે તેવી એક ડેશી કાપેલી હોય છે; પણ ઘણાખરા તેનો ઉપયોગ જાણતા નથી હોતા. વહેરતી વખતે કાપમાં કાંકરી કે વહેર ભરાઇ જાય તો તે કાઢી નાખવા માટે તે રાખેલી હોય છે. કરવતને ઉલટાવી કાપમાં નાખીને ખેંચવાથી ડેશી કાપમાંના કચરાને બહાર કાઢી નાખે છે.

'મૅલેરિયા' શબ્દ ઈટાલિયન ભાષાના 'મૅલ-એરિયા'=ખરાબ હવા, શબ્દ પરથી બન્યો છે. એ રોગ ખરાબ હવાને લીધે જ પ્રસરે છે.

આખી દુનિયાના ૭૦ કરોડ ઢોરોમાંથી ૨૦ કરોડ ઢોર–એટલે લગભગ ૨૪ ટકા તો આપણા હિંદુસ્તાનમાં જ છે. અને છતાં હિંદ દૂધ-ઘીની બાબતમાં કંગાલ છે!

રૂપાનાં વાસણોને સારીપેઠે સાફ કરીને અંદર કપુરની નાની ગોટી મૂકીને સંઘરી રાખવાથી ઝાંખાં નહિ પડે.

૧૯૪૩ની રૅશન માટેની ગણત્રી પરથી જણાયું છે કે એ વરસમાં યુ. સ્ટે. અમેરિકાની વસતિ ૩ ટકા જેટલી વધી છે.



જીવન-ઘટ (મનીષી દે)

પ્રવાસી કલાકાર

# મનીષી દે અને એમની કલા



(મનીષી દે) રાત્રીના યાત્રીઓ

પ્રવાસ કરનારા યુરોપિયન ચિત્રકારોએ પૃથ્વીના ચારે ખૂણાઓ ખૂંદી પોતાના દેશને અનેકવિધ જ્ઞાન, માહિતી ને સૌંદર્યદર્શન કરાવી સંસ્કૃતિને સમૃદ્ધ કરી છે. પરંતુ હિંદની આ યુગની મોટી કરુણ કથા એ છે કે તરુણની અભિલાષાઓને દારિદ્રય અને સંસારબંધનની સાંકળો જકડી બેઠી છે. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ડીરેક્ટરોને તેમની હિંદ રૂપી મિલ્કત કેવી છે તે જાણવા ઈચ્છા થઈ ત્યારે ડૅનિયલ બ્રધર્સ નામથી જાણીતા બે ચિત્રકાર બંધુઓને તેમણે વહાણમાં બેસાડી દીધા. એ કાળે ફોટોગ્રાફીના નામની યે કોઇને ખબર નહોતી. પ્રવાસ-ની અનેક વિકટતાઓને કારણે હિંદ એક ભેદભરમનો મુલક બની રહ્યો હતો. તે વખતે એ બે ભાઇઓએ લગભગ ૧૮×૧૨ ઈંચના માપના બે મોટા ગ્રંથોમાં, હિંદના જુદાજુદા પ્રાંતોમાં ભમીને ત્યાંનાં વિવિધ પાત્રો, પરિધાન અને દૃશ્યોને પોતાની પીંછીની મદદથી અજબ રંગ અને આલેખન વડે પોતાના મહેરબાનો સમક્ષ હૂબહૂ ખડાં કરી હજી સુધી તે ગ્રંથો અજોડ રહ્યા છે અને આજે મોટી કિંમતે પણ અપ્રાપ્ય બન્યા છે. ત્યાર પછી તો ઘણા કલાકારો હિંદનું કલાત્મકસૌંદર્ય ચીતરવા સમય સમય પર આવી ગયા અને લખલૂટ રળી પણ ગયા.

હિંદુસ્તાનમાં, પર્યટન કરતા રહી ચિત્રકળાના નાદ ઉપર જ જીવન વહેતું મૂકનાર કલાકાર તરીકે આપણી પાસે કોઇ નામ જડે એવું હોય તો તે શ્રી મનીષી દેનું જ છે. તેમણે એકલાએ જ પીંછી અને રંગોની સાધનાના જોરે આખો હિંદુસ્તાન ખૂંદી નાખ્યો છે. ગયા જાન્યુઆરી માસની ૨૩મી તથા ૨૪મી તારીખોએ અમદાવાદમાં તેમનાં પચાસેક જેટલાં અવનવાં ચિત્રો રજૂ થયાં હતાં. એ તેમનું ૩૨મું વ્યક્તિનિર્મિત પ્રદર્શન (one-man show) હતું. ગુજરાત કલાસંઘ ચિત્રશાળાએ આ અતિથિ કલાકારનું પ્રદર્શન યોજી અમદાવાદની પ્રજાને આધુનિક ભારતના એક પ્રસિદ્ધ કલાકારનો પરિચય કરાવ્યો હતો.

૧૯૦૯માં એમણે જીવનયાત્રા આરંભી. એટલું તો ખરૂં કે એમને ગળથૂથીમાંથી જ કલાના સંસ્કાર મળ્યા હતા. એમના મોટા ભાઇ શ્રી મુકુલચંદ્ર દે શ્રી અવનીન્દ્રનાથના પ્રથમ શ્રેણીના શિષ્યો પૈકીના એક છે અને હાલ કલકત્તાની સરકારી કલાશાળાના પ્રિન્સિપાલ છે; તેમનાં બહેન રાણી ચંદા બંગાળનાં સુપ્રસિદ્ધ પ્રાસાદિક લેખિકા છે; અને શ્રી મનીષી દેનું બચપણ તો શાંતિનિકેતનના પૂર્ણ આશીર્વાદ પામ્યું છે. ગુરુદેવ કવિવર રવીન્દ્રનાથની કલાશાળાના આદિ વિદ્યાર્થી-ઓમાં તે હતા. ૧૯૨૦માં કલકત્તામાં ઓરીએન્ટલ આર્ટ સોસાએટી સ્થપાઈ ત્યારે તે કલકત્તા આવ્યા અને શ્રી અવનીન્દ્રનાથની સીધી કલાદીક્ષા પામ્યા. અવનીબાબુ એ સંસ્થામાંથી નિવૃત્ત થયા ત્યારે પણ તેમણે એકલા વિદ્યાર્થી તરીકે ઘર આગળ તેમની છાયામાં પોતાની ઉપાસના ચાલુ જ રાખી હતી. એ વખતે શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી ‘રૂપમ’ ત્રૈમાસિક ચલાવતા, અને તેમણે ૧૯૧૬માં કેટલાક બંગાળી ચિત્રકારોનાં ચિત્રો અમેરિકા મોકલ્યાં હતાં તેમાં શ્રી મનીષી બાબુનું પણ એક ચિત્ર હતું. ૧૯૨૪માં તેમનું ચિત્ર મૉડર્ન રિવ્યૂમાં પ્રકટ થએલું.

૧૯૨૮માં ભાઈશ્રીને તુક્કો ઊઠ્યો કે ફક્કડ થઇને હિંદુસ્તાન આખું જોવું, જાણવું અને ચીતરવું. આ સંકલ્પ તેમણે તો ઘરથી છૂપો રાખ્યો, પણ ત્યાંનાં વર્તમાનપત્રોએ તે બાબતને બહુ મહત્ત્વ અને સૂચકતા આપ્યાં ત્યારે સૌને ખબર પડી ગઈ.

રીતસર ધંધો કરવા કરતાં રખડવાની જિંદગી તેમને વધુ પસંદ પડી ગઈ. મદ્રાસ ઇલાકો જોઈ નાખ્યો. અદ્યારમાં પ્રો. જેમ્સ કઝિન્સે તેમનું પ્રદર્શન ભરી ખૂબ પ્રસિદ્ધિ આપી. પ્રો. કઝિન્સના એક શિષ્ય શ્રી વ્યંકટઅચલમે તેમને સીલોનમાં ખેંચ્યા, જ્યાં તેમને તાતા કં.ના ડીરેક્ટર શ્રી જાલ નવરોજીનો પરિચય થયો અને તેની જોડે તે મુંબાઈ આવ્યા. થોડો વખત ટાઈમ્સ ઑવ ઇન્ડિયાના કલાકાર તરીકે અને



**સંદેશો** (મનીષી દે)

પછી તાતા પબ્લિસિટી માટે ઘણું કામ કર્યું. લકસ સાબુ માટે તથા કેટલાક વેપારી અને ઉદ્યોગપતિઓ માટે કૅલેન્ડરો વગેરેનું પણ સારી પેઠે કામ તેમણે કર્યું. પણ તેમની પ્રીતિ તો પ્રવાસ અને કલાયુક્ત ચિત્રો પર જ હતી, એટલે વચ્ચેવચ્ચે કાશ્મીર, યુ. પી. (યુક્ત પ્રાંતો), રાજપુતાના, જયપુર, બીકાનેર, હૈદ્રાબાદ વગેરે સ્થળે મહિનાઓના પ્રવાસનિવાસના આંતરા પડતા.

મુંબાઈમાં તો તેમણે એટલા બધા સંબંધો અને પરિચયો કર્યા છે કે તે મુંબાઈના એક નગરજન જેવા બની ગયા છે. ટાઈમ્સ ઑવ ઇન્ડિયાવાળા મિ. ફ્રૅંક મોરેઝની મારફત તેમણે રેડિયો ઉપર એકબે વાર કલા પર વાર્તાલાપ પણ આપ્યા છે, અને એ જ વિદ્વાને પોતાના What to see in India નામના પુસ્તકમાં તેમને એક ચુનંદા હિંદી કલાકાર તરીકે ઓળખાવ્યા છે. મુંબાઈમાં તેમણે ઘણા ગૃહસ્થો માટે શોભનચિત્રો કર્યા છે. વડોદરા, મ્હૈસુર, હૈદ્રાબાદ વગેરેનાં ચિત્રાલયોમાં પણ એમની કૃતિઓ છે.

એમનાં ચિત્રોમાં રંગવૈવિધ્ય અને રેખાની રમણીયતા પ્રધાનપણે બહાર આવે છે. વિવિધ પ્રકારનું નારીસૌંદર્ય અને પરિધાન, તેમજ અલંકારોની અવનવી ભાત તથા ઘાટ, સ્વચ્છ અને સ્પષ્ટપણે રજૂ કરવામાં તે એક્કા છે. ભાવોની સાદૃશતા પકડવામાં તેમની ખૂબી અનોખી જ છે. તેમનાં નાનાં ચિત્રોમાં રાજપૂત ચિત્રકળા જેવી રંગભરણી અને અજંતાના માધુર્યનું મિશ્રણ જણાશે. અલંકારોનું ચિત્રાંકન તો તે કુશળ ઘાટ ઘડનારાને પણ બોધરૂપ થઈ પડે એવું કરે છે. સેંકડો ચિત્રો કરી નાખવા છતાં નવીનતા શોધવાને તે હજી યે દેશપરદેશ ફરે છે અને કંઇ નવી કલ્પના સ્ફૂરે એટલે રાતોની રાત કામ ચાલુ રાખી બહુ જલદી ચિત્રમાળાઓ ખડી કરી દે છે. કાળા કે ઘનઘેરા રંગો પર સુવર્ણ કે રૌપ્ય રંગોની ચમક પૂરી તે ચિત્રમાં નવું કુતૂહલ ઉપજાવી શકે છે. તેમની કલ્પનાઓ કાવ્યમય હોય છે અને ઘણી વાર તે પોતે જ પોતાનાં ચિત્રો ઉપર કાવ્યકડીઓ લટકાવી દે છે, જેમાં પણ પોતાનો સ્વભાષાનો સુંદર અભ્યાસ અને કાબૂ તે બતાવી શકે છે. કવિવર ટાગોર અને કલાકાર અવનીબાબુની શિક્ષા અને છાયાનું એ ઐશ્વર્ય છે.

**ર. મ. રા.**

(મનીષી દે) **ઉમર ખય્યામ**



## પૂઠા ઉપરનું ચિત્ર

આ અંકના પૂઠા ઉપર આપેલા ચિત્ર ('ગોપિકાનો ઘડો')ને સમજાવતાં ચિત્રકારે પોતે તેના ઉપર બંગાળીમાં નીચેની કાવ્યપંક્તિઓ લખી હતી:

જલકે એષે ગેલો ભેષે કાખેર કલશી,  
મન ભેષે જાય તા'રી સાથે બધુ ઉદાશી;  
તુમિ જગાવ ચિત્તે આમાર કૃષ્ણપ્રેમેર ઢેઉ,  
રૂપેર રાશી સર્વ નાશી, ઓ, ગયલાની બઉ.

એ ચિત્ર ખરીદનાર શ્રી રાજેન્દ્ર શાહે ગુજરાતી કાવ્યમાં તેનો મુક્ત અનુવાદ કર્યો છે તે આ નીચે આપ્યો છે:

સરી તારો ચાલ્યો ઘટ જલમહીં ગોપરમણી !  
ઉદાસી હૈયું યે સ્મૃતિ-મિલન-વ્હેણે ત્યમ સર્યું;  
અહો મારે ચિત્તે નિખિલ રૂપશ્રીને નિજમહીં  
શમાવંતી તું શી ભરતી જગવે કૃષ્ણ-રતિની !

નીચેના બન્ને પુસ્તકો સાથે મગાવનારને વી. પી. પોસ્ટેજ માફ!!!

બહુ જ ઉપયોગી પુસ્તકો તદ્દન સસ્તા ભાવે મળે છે. ઊંચા કાગળો, પાકાં બાઈન્ડિંગો

હાલ અઢી રૂપીએ રતલના ભાવે મળતા કાગળમાં છાપેલું
છતાં તદ્દન નજીવી કીંમતે સવા બે રતલનાં વજનનું પુસ્તક

# ઉત્તર ધ્રુવથી ખારટુમ

લખનાર : મુસાફર હાજી સુલેમાન શાહ મહમદ

કુદરતની કરામતો, જુદાજુદા દેશના જુદાજુદા પહેરવેશો, રિવાજો, હુન્નર, કળાકૌશલ્ય, વેપાર-રોજગાર, રાજદ્વારી દાવપેચ, જમાના જૂનાં સામ્રાજ્યની ચઢતી પડતી; અદ્દભૂત મસ્જીદો, ખંડેરો, બંદરો, અને અનેક જાતના જાણવાજોગ વિષયોથી ભરપૂર.

પુસ્તક વાંચતા હોઈએ ત્યારે ખુદ એ દેશમાં સહેલ કરી રહ્યા છીએ એવું લાગે છે એ બધાં વર્ણનો તો એવી શૈલીથી લખાયાં છે કે એક નવલકથાથીએ અતિરસિક બન્યાં છે. વિશેષમાં એ પુસ્તક વાંચતાં વાંચતાં હૃદય ઉછાળા મારે છે અને અનેક જાતનાં સાહસો ખેડવાની અને મરદાનગી-ભર્યા કામો કરવાની તમન્ના જાગે છે.

સાઈઝ ૮×૧૦ ઈંચ, હાઈકલાસ એન્ટીક કાગળો, ઊંચા સફેદ આર્ટપેપર પર છાપેલાં કુલ સાઈઝનાં ૭૦ ચિત્રો. કુલ ૫૭૦ પાનાં. કુલકલૉથ મજબુત કાપડી બાઈન્ડિંગ કીંમત, **રૂ. ચાર** વી. પી. ખર્ચ તેર આના વધુ.

# શયતાની કામ અને ભેદી ભગવાન

પ્રસ્તાવનામાં દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લખે છે કે—"વાર્તા ઘણી જ બોધ-દાયક અને રમુજી પ્રસંગોથી ભરપૂર છે."

જગતનાં માન્ધાતા મનુષ્યો પૈસા ખાતર અનેક જાતનાં નિર્લજ્જ કુકર્મો કરે છે. તેને કુદરત એટલી તો સખત શિક્ષા કરે છે કે નિર્દોષ, નિરપરાધીની કનડગત કરવાની અને અધમ કૃત્યો કરવાની ખોડ ભુલાવે છે.

નિર્દોષ મનુષ્યો તરફ કુદરત કેટલી ઉદારતા દર્શાવે છે. એ આ નવલકથાનું ખરેખરૂં રહસ્ય છે. દુનિયામાં સરલ, ભોળી, પ્રમાણિક અને નિર્દોષ માનવજાત તરફ કુદરત વિવિધ પ્રકારની ઉદારતા દાખવે છે, અને **"સત્યમેવ જયતે"** એવું સાચેસાચું સ્વરૂપ બતાવે છે.

કુદરત કોઈ અદ્દભુત શક્તિવાન છે અને જગતનું સંચાલન દૃઢ મજબુત હાથેથી ચલાવે છે. એવું ગૂઢ રહસ્ય સમજાવે છે.

નવલકથા બહુ જ રસિક, સાદી અને સરળ છે, વિવિધ રંગોથી રંગાયલી હોવાથી વાચકના મગજને ઓર તાજગી આપે છે. ૫૦૦ પૃષ્ટ, કુલ કલોથ પાકું બાઈન્ડિંગ, સોનેરી ગિલ્ડિંગ, ગ્લેઝ કાગળો.

☞ મોંઘવારીનો સખત વખત હોવા છતાં ૫૦૦ પાનાનાં દળદાર પુસ્તકની કિંમત બહુ જ સસ્તી રાખવામાં આવી છે. માત્ર **રૂ. ત્રણ**, વી. પી. પોસ્ટેજ આઠ આના વધુ.

વર્ધમાન ઍન્ડ સન્સ, પાયધુની, મુંબાઈ-૩

વિદ્યાર્થીઓ, વહેપારીઓ, વકીલો અને બીજા મગજનું કામ કરનારાઓને એના સેવનથી અજાયબ જેવું પોષણ મળે

**નાનાં-મોટાં, માંદાં-સાજાં, નબળાં-સબળાં સ્ત્રી-પુરુષ, સૌકોઇ એનું સેવન કરી શકે છે**

# તમે વાપરી જોયું છે?

# કેસરીજીવન

# ઝંડુનું

## મહારસાયન

રસસિંદુર, અભ્રક, કેસર, કસ્તુરી અને બીજાં દીપન, પાચન,
તથા પૌષ્ટિક ઔષધ મેળવી લીલાં રસદાર આંમળાંમાંથી બનાવેલું

**સુશોભિત સુવાસિત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચાટણ**




**તેનું નિયમિત સેવન**

લાંબું આયુષ્ય તથા સારી સ્મરણશક્તિ આપી શરીરમાં બલ, તેજ ને ચેતન પૂરે છે

**કિંમત**

પા રતલના પૅાટનો રૂ. ૧ાા
અરધા રતલના પૅાટના રૂ. ૨ાા
એક રતલના પૅાટના રૂ. ૫)

કારખાનું :
સયાનીરોડ
મુંબાઇ-૧૪

**ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કર્સ લિ.**

અમદાવાદના એજન્ટ · ભોગીલાલ બ્રધર્સ · ગાંધીરોડ

દુકાન :
જૂની મહાજનવાડી
મુંબાઇ-૨

ઑર્ડર આપતી વખતે, જાહેર ખબર 'કુમાર'માં વાંચી હતી એટલું જણાવજો.

અમદાવાદ
૨૫
અઠવાડિયું

મુંબાઈ
૩૦
અઠવાડિયું



## સૂર્યદેવના સારથી અરુણ છે

પરંતુ પ્રકાશના આ ચક્રવર્તી ચિત્રનું

## સારથીપદ

સ્વીકારીને પ્રજા હર્ષભેર એને આગળ ને આગળ લઈ જઈ રહી છે

દિગ્દર્શક
વિજય ભટ્ટ

# રામરાજય

કળા
કનુ દેસાઈ

તમારે એ ફરી ફરીવાર અવશ્ય જોવું જ પડશે

એવરગ્રીન રીલીઝ





## ગુજરાતનું પાટનગર

# અમદાવાદ

શિલ્પ અને સ્થાપત્યનાં કાવ્યો સમાં અમદાવાદનાં બાવન મશહૂર સ્થાનોના ફોટોગ્રાફોનું આલ્બમ-દરેકની નીચે ઐતિહાસિક તથા લાક્ષણિક માહીતી આપતી નોંધ તથા શ્રી રત્નમણિરાવ જેવા વિદ્વાને લખેલી લાંબી ઉપયોગી પ્રસ્તાવના સાથે
કિં. ૧-૪-૦ રજિ. પો. ૦-૫-૦


કુમાર કાર્યાલય · અમદાવાદ

# કુમાર કાર્યાલયનાં કલાત્મક પ્રકાશનો




**ચિત્રસાધના**
કલાકાર રસિકલાલ પરીખની કલાનો પરિચય

રંગ અને રેખામાં કુમાશભર્યું કવિત્વ વહાવનાર, જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખનાં ૨૧ પૂર્ણરંગી ને ૩૪ સાદાં ચિત્રોવાળો આ સમૃદ્ધ સંગ્રહ ગુજરાતનાં સસ્તાં કલાપ્રકાશનોમાં એક અગત્યનો ઉમેરો છે. કલાકારે ઉત્તરોત્તર કરેલી કલાસાધનાનો પરિચય આપતી એમની જીવનરેખા ઉપરાંત આમાં સંઘરાએલાં પંચાવન ચિત્રોમાં ઑઇલ અને વૉટરકલર, પેન્સિલ ને પેન ઍન્ડ ઇંક સ્કેચ, સ્ટેપલવર્ક, વૂડકટ, સૉફ્ટ બ્રશ-સ્કેચ આદિ, એમની કલમ તથા પીંછીનો કસબ દર્શાવતા સર્વ પ્રકારના ચૂંટેલા નમૂના છે. ચિત્રકલાના વિદ્યાર્થીઓ ને કલાશોખીનો માટે એ અમૂલ્ય ચીજ છે.
કિ. રૂા. ૩-૮-૦ રજી. પો. ૭ આના



**અજવાળી રાત**
વિનોદ અને વિચાર આપનારી પંદર વાર્તાઓ

પંદર અજવાળી તિથિઓ સમી પંદર રસભરી ચુનંદી વાર્તાઓનો આ સંગ્રહ, અજવાળી રાતની મધુર ચાંદનીની પેઠે, નાનાં-મોટાં, ગરીબ-તવંગર, શહેરી-ગ્રામજન, સૌને એકસરખો રસ આપે એવો સર્વગ્રાહી છે. ઘરનાં સ્ત્રીજન કે ઓછું ભણેલાં ગ્રામજન પણ સમજી શકે એવી સરળ સુબોધ, અને સૌ વિનોદ પામે એવી ખેંચાણકારક પંદર વાર્તાઓ, વિવિધરંગી ચિત્રો અને મનોહર રૂપરંગની સજાવટ સાથે બેરંગી મજબૂત પૂઠાવાળા સુંદર પુસ્તકમાં.
કિં. રૂા. ૨-૮-૦ રજી. પો ૮ આના



**ગોવાલણી ને બીજી વાતો**
'મલયાનિલ'ની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ

ગુજરાતના શરૂઆતના નવલિકા-લેખકોમાં જે મોખરામાં પ્રકાશ્યા તે 'મલયાનિલ'ની રસનીતરતી બાવીસ વાર્તાઓ—જેમાં દસ મર્માળા હાસ્યની અને બાર મત્ત પ્રણયની છે. 'ગોળમટોળ શર્મા'ના નામથી કટાક્ષ કથાઓમાં અને 'ગોવાલણી'ની વાર્તાથી પ્રણયકથાઓમાં નામના મેળવનાર અને પોતાના મૃત્યુ પછીથી વધુ મશહૂર બનનાર એ લેખકનો આ સંગ્રહ ગુજરાતના જાણીતા કલાકારોનાં બેરંગી ચિત્રોથી વધુ સુંદર બન્યો છે.
કિં. રૂા. ૨-૮-૦ રજી. પો. ૬ આના




**ગુજરાત કલા-કલાપ**
(કલાપ બીજો)

કલાત્મકતા અને સસ્તાપણામાં અનન્ય એવો ચિત્રસંગ્રહ. વિશુદ્ધ કલાને અત્યંત સસ્તા દરે ઘરઘર પહોંચતી કરવાનો હેતુ આ પ્રકાશન પાછળ છે. પાંચ અગ્રણી ગુજરાતી કલાકારોનાં છ પૂર્ણરંગી ચુનંદાં ચિત્રોનો આ સંપુટ, ૯×૧૧ના માપના આર્ટકાર્ડ પર, ફ્રેમ માટે તૈયાર રૂપમાં આપવામાં આવ્યો છે. એક રૂપિયામાં આવાં રંગીન ચિત્રો આટલાં સસ્તાં કોઇએ હજી આપ્યાં નથી. અને તેથી જ તેના પહેલા ભાગની બે આવૃત્તિઓ ખલાસ થઈ ગઇ છે, માત્ર બીજો ભાગ મળે છે.
કિંમત રૂા. ૧-૪-૦ રજી. પોરટેજ ૦-૭-૦

**કુમાર કાર્યાલય રાયપુર અમદાવાદ · તથા બધા જાણીતા બુકસેલરો પાસેથી**



બ્રજબિહારીનાં
આકષર્ણ અનેરાં છે.
બિહારી મીલના
કાપડનાં આકર્ષણ
પણ એવાંજ
છે.
પ્રભાત
બિહારી મીલ્સ લી.
અમદાવાદ. ૮.

KUMAR Reg. No. B. 1808

